ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત

# દેશનાદ્વાત્રિંશિકા

## શબ્દશઃ વિવેચન

### બીજી બત્રીશી



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા વિરચિત
દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા અંતર્ગત

# દેશનાદ્વાત્રિંશિકા

## શબ્દશઃ વિવેચન

❖ મૂળ ગ્રંથકાર તથા ટીકાકાર ❖

**લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા**

✦ આશીર્વાદદાતા ✦

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા** તથા
ષડ્દર્શનવેત્તા, પ્રાવચનિકપ્રતિભાધારક સ્વ. પ. પૂ. મુનિપ્રવર
શ્રી **મોહજિતવિજયજી મહારાજા** તથા વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
**પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા**

❖ વિવેચનકાર ❖

**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

✪ સંકલન-સંશોધનકારિકા ✪

પ. પૂ. **ભક્તિસૂરીશ્વરજી મહારાજા**ના સમુદાયના પ્રશાંતમૂર્તિ
ગચ્છાધિપતિ પ. પૂ. **પ્રેમસૂરીશ્વરજી મહારાજા**ના આજ્ઞાવર્તિની
સાધ્વીજી **સુરેન્દ્રશ્રીજી મહારાજ**ના શિષ્યા સાધ્વીજી **બોધિરત્નાશ્રીજી**

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# દેશનાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન

❖ વિવેચનકાર ❖

**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**


વીર સં. ૨૫૩૪ ❖ વિ. સં. ૨૦૬૪

આવૃત્તિ : પ્રથમ ❖ નકલ : ૫૦૦

મૂલ્ય : રૂ. ૪૫-૦૦


## 卐 આર્થિક સહયોગ 卐

પ. પૂ. આ. શ્રી ભક્તિસૂરીશ્વરજી મહારાજના સમુદાયના સુવિશાલ ગચ્છાધિપતિ પ. પૂ. આ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજના આજ્ઞાવર્તિની સ્વાધ્યાયપ્રિયા સા. સુરેન્દ્રશ્રીજી મહારાજના વિદુષી સા. બોધિરત્નાશ્રીજી મ. સા., સા. દૃષ્ટિરત્નાશ્રીજી મ. સા. તથા સા. આર્જવરત્નાશ્રીજી મ. સા. (અમારા ફઈ મ. સા.)ના સદુપદેશથી આ દ્વાત્રિંશિકાના પ્રકાશનનો સંપૂર્ણ લાભ ગુણવંતીબેન હર્ષદરાય છગનલાલ નોંઘણવદરવાળા (હાલ મુંબઈ) તરફથી લેવામાં આવેલ છે.
હસ્તે આશિષ-ભાવના-કુ.શ્રેયા, અભય, મેઘ-રૂપલ.


: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

૮૮

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

❋ મુદ્રક ❋

નવરંગ પ્રિન્ટર્સ

આસ્ટોડીયા, અમદાવાદ-૧. ફોન : (મો.) ૯૪૨૮૫૦૦૪૦૧ (ઘર) ૨૬૬૧૪૬૦૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## 卐 : પ્રાપ્તિસ્થાન : 卐

*** અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા**
૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૯૧૧૪૭૧

**શ્રી નટવરભાઈ એમ. શાહ (આફ્રિકાવાળા)**
ફ્લેટ નં. ૫૦૧, બ્લોક-એ, રિદ્ધિવિનાયક ટાવર,
વિજયનગર રેલ્વે ક્રોસિંગની પાસે, નારણપુરા,
અમદાવાદ-૧૩.
☎ (૦૭૯) ૨૭૪૭૮૫૧૨

*** મુંબઈ :**

**શ્રી નિકુંજભાઈ આર. ભંડારી**
વિષ્ણુ મહલ, ત્રીજે માળે,
ગરવારે પેવેલીયનની સામે,
ડી-રોડ, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦૦૨૦.
☎ (૦૨૨) ૨૨૮૧૪૦૪૮

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન, બીના જ્વેલર્સની
ઉપર, મલાડ (ઈ.), મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧

**શ્રી લલિતભાઈ ધરમશી**
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
જવાહરલાલ નહેરુ રોડ,
સર્વોદય પાર્શ્વનાથનગર,
જૈન દેરાસર પાછળ, મુલુંડ (વે), મુંબઈ-૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦

*** જામનગર :**

**શ્રી ઉદયભાઈ શાહ**
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩

*** સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુ નિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩

*** રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦

*** BANGALORE :**

**Shri Vimalchandji**
C/o. J. NEMKUMAR & COMPANY
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-53.
☎ (080) (O) 22875262, (R) 22259925

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રકાશકીય

"ગીતાર્થ ગંગા"નું મુખ્ય લક્ષ્ય તો આપણા ઉપકારી પૂર્વાચાર્યો જેવા કે પ. પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પ. પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ સાહેબ આદિ રચિત જૈનશાસ્ત્રોમાં પથરાયેલાં વિવિધ પરમાર્થભૂત તત્ત્વોનાં રહસ્યોનું નય, નિક્ષેપ, વ્યવહાર, નિશ્ચય સાપેક્ષ અર્થગાંભીર્યપૂર્ણ વિશ્લેષણ કરવાનું છે, જેથી શ્રી જૈનસંઘને તે તે પદાર્થોના સર્વાંગી બોધમાં સહાય મળે. આ કાર્ય અત્યંત વિસ્તારવાળું અને ગહન છે, ઘણાં સાધુ-સાધ્વીજી ભગવંતો આમાં સહાય કરી રહ્યાં છે, અનેક શ્રાવકો અને શ્રાવિકાઓ પણ સૌ સૌને યોગ્ય કાર્યો સંભાળી રહ્યાં છે, તે અનુસાર કામ બહાર આવી રહ્યું છે અને ક્રમસર આવતું રહેશે. દરમ્યાન શ્રી સંઘમાંથી જિજ્ઞાસુ મુમુક્ષુઓ તથા શ્રાવકો-શ્રાવિકાઓ તરફથી એવી માંગ વારંવાર આવે છે કે પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજ સાહેબનાં તથા પ. પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજ સાહેબનાં જુદા જુદા વિષયો પરનાં અપાયેલાં વ્યાખ્યાનો તથા પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતાએ વિવિધ શાસ્ત્રીય વિષયો પર કરેલાં વિવેચનો છપાવીને તૈયાર કરવામાં આવે તો સકળ શ્રી સંઘને ચોક્કસ લાભદાયી નીવડે. આવી વિનંતીઓને લક્ષ્યમાં રાખીને ટ્રસ્ટે નક્કી કર્યું છે કે આવાં વ્યાખ્યાનો તથા વિવેચનોનાં પુસ્તકો પ્રકાશિત કરવાં અને તેને માત્ર એક સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારવી. આ કામ ગીતાર્થ ગંગાના મુખ્ય લક્ષથી સહેજ ફંટાય છે, બોધની વિવિધતા અને સરળતાની દૃષ્ટિએ પણ ભિન્ન પ્રકારે છે, છતાં તત્ત્વજિજ્ઞાસુ માટે હિતકારી હોવાથી તેમ જ અતિ માંગને કારણે ઉપર્યુક્ત વિનંતી લક્ષમાં રાખીને આ પ્રવૃત્તિ ચાલુ રાખેલ છે.

તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આવાં પુસ્તકો સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઉપયોગી થશે, તેવી આશા સહિત –

૫, જૈન મર્ચન્ટ સોસાયટી,<br>ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ટ્રસ્ટીગણ<br>ગીતાર્થ ગંગા

**સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ગીતાર્થ ગંગાના પ્રકાશનો

## પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના પ્રવચનના પુસ્તકો

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્‌ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

## પ. પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.) કૃત, સંપાદિત અને પ્રવચનના પુસ્તકો

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો
૨. યોગદૃષ્ટિસમુચ્ચય
૩. કર્મવાદ કર્ણિકા
૪. સદ્‌ગતિ તમારા હાથમાં !
૫. દર્શનાચાર
૬. શાસન સ્થાપના
૭. અનેકાંતવાદ
૮. પ્રશ્નોત્તરી
૯. ચિત્તવૃત્તિ
૧૦. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૧. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૨. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૩. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૪. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૫. जैनशासन स्थापना
૧૬. चित्तवृत्ति
૧૭. श्रावक के बारह व्रत एवं विकल्प
૧૮. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१९. प्रश्नोत्तरी

२०. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય

૨૧. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧

૨૨. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?

૨૩. जिनशासन स्वतंत्र धर्म या संप्रदाय ?

૨૪. Is Jaina Order Independent Religion or Denomination ?

૨૫. Status of religion in modern Nation State theory

૨૬. ગૃહજિનાલય મહામંગલકારી

## संपादक :- प. पू. गणिवर्य श्री अरिहंतसागरजी महाराज साहब

१. पाक्षिक अतिचार

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત અન્ય પુસ્તકોની યાદી

| | |
|---|---|
| ૧. શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૨. શ્રી નવપદ આરાધના વિધિ | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૩. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! (ગુજ.) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૪. स्वतंत्र भारत में धर्म परतंत्र !!!!! (હિન્દી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૫. Right to Freedom of Religion !!!!! (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૬. 'રક્ષાધર્મ' અભિયાન (ગુજ.) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૭. 'Rakshadharma' Abhiyaan (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
# વિવેચનના ગ્રંથો

## વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન
૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા-૧૧ શબ્દશઃ વિવેચન
૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા-૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૧૫ શબ્દશઃ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા-૧૦ શબ્દશઃ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા-૧૩ શબ્દશઃ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા-૧૪ શબ્દશઃ વિવેચન
૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૧. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૪. યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન
૪૫. દૈવપુરુષકારદ્વાત્રિંશિકા-૧૭ શબ્દશઃ વિવેચન
૪૬. તારાદિત્રયદ્વાત્રિંશિકા-૨૨ શબ્દશઃ વિવેચન
૪૭. કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા-૨૩ શબ્દશઃ વિવેચન
૪૮. સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૨૪ શબ્દશઃ વિવેચન
૪૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫૦. માર્ગદ્વાત્રિંશિકા-૩ શબ્દશઃ વિવેચન

## ગીતાર્થ ગંગા અંતર્ગત
## ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ‘દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા’ ગ્રંથની ‘દેશનાદ્વાત્રિંશિકા’ના શબ્દશઃ વિવેચન સંકલન-સંપાદનની વેળાએ પ્રાસ્તાવિક

વિશ્વકલ્યાણકર શ્રી જિનશાસનના ગગનને જ્ઞાનાલોકથી પ્રકાશિત અને પ્રભાવિત કરનારા અનેક મહાપુરુષોમાં સ્વપરદર્શનનિષ્ણાત, પ્રકાંડ વિદ્વાન, વિસ્તૃત-સચોટ-સ્પષ્ટ-સંદેહમુક્ત સાહિત્યના સમર્થ સર્જક, સર્વનયમય વાણી વહાવનાર, ન્યાયવિશારદ, ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજાનું આગવું સ્થાન છે. તેઓશ્રીના વિશાળ સાહિત્યજગતમાં જુદા જુદા બત્રીશ વિષયો ઉપર વિષયવાર ૩૨-૩૨ અર્થગંભીર શ્લોકોથી કરાયેલ વિશદ છણાવટવાળો, તથા ૫૦૫૦ શ્લોક પ્રમાણ, અદ્ભુત, અધ્યયનીય, ‘તત્ત્વાર્થ દીપિકા’ નામની સ્વોપજ્ઞવૃત્તિથી સમલંકૃત, આ ‘દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા’ ગ્રંથ, પૂ. ઉપાધ્યાયજીની એક Master Piece - ઉત્તમ નમૂનારૂપ અમર કૃતિ છે.

વર્ષોની અખંડ સાધના અને જીવનના વિવિધ અનુભવોના પરિપાકરૂપે એક-એકથી ચડિયાતા ગ્રંથરત્નોનું સર્જન મહોપાધ્યાય **શ્રી યશોવિજયજી** મહારાજાએ કર્યું છે અને એ ગ્રંથરત્નોનો પ્રકાશ અનેક જિજ્ઞાસુઓના અંતરને અજવાળતો રહ્યો છે. મહોપાધ્યાય **શ્રી યશોવિજયજી** મહારાજા વિદ્વાનોમાં **‘લઘુહરિભદ્ર’**ની પ્રસિદ્ધિને પામેલા છે. જીવનના અંત સુધી એમનું સાહિત્યસર્જનનું કાર્ય ચાલતું જ રહ્યું છે. લગભગ અઢી દાયકા સુધી ઉપાધ્યાયપદે આરૂઢ રહીને તેઓશ્રીએ જિનશાસનને જયવંતુ રાખ્યું છે.

પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાની બહુમુખી પ્રતિભાએ ભાગ્યે જ કોઈ વિષય અણખેડ્યો રાખ્યો છે. ‘દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા’ ગ્રંથનું આ બીજું પ્રકરણ ‘દેશનાદ્વાત્રિંશિકા’ છે. દેશના=ધર્મોપદેશ, ધર્મદેશક ઉપદેશકે આ ધર્મોપદેશ કોને આપવો ? ક્યારે આપવો ? કેવી રીતે આપવો ? તે અંગે વિવિધ ભૂમિકાના શ્રોતાઓનો તથા પાત્ર-અપાત્ર જીવોનો ઊંડાણપૂર્વક વિચાર આ ‘દેશનાદ્વાત્રિંશિકા’માં સુંદર રીતે બતાવવામાં આવેલ છે.

બાલ, મધ્યમ અને પંડિત ત્રિવિધ શ્રોતા છે. જેમ સુવૈદ્ય દર્દીના દર્દને અનુરૂપ ઔષધ આપે છે, તેમ ઉપદેશકે માત્ર અનુગ્રહબુદ્ધિથી નહીં, પરંતુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રોતા સ્વભૂમિકાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરી ગુણવૃદ્ધિ કરે અને તેના ક્લેશનો નાશ થાય, તેવી દેશના આપવી જોઈએ, એમ શ્લોક-૧માં જણાવ્યું. શ્રોતાના બાલાદિ ભાવની અપેક્ષા વગર યથાર્થ પ્રરૂપણા કરવાથી ઉપદેશકને કર્મબંધની પ્રાપ્તિ થાય છે, અને વાણીના વિવેક વિના કે બાલાદિના ભેદ મુજબ અનુસરણ વિના દેશના આપનારને અનર્થની પ્રાપ્તિ થાય છે, અને દેશાદિને અને પુરુષાદિને જાણનાર ઉપદેશકને જ એકાંતે નિર્જરાની પ્રાપ્તિ થાય છે ઇત્યાદિ શ્લોક-૨થી ૫માં બતાવ્યું. ત્યારબાદ શ્લોક-૬થી ૯માં બાલ, મધ્યમ અને પંડિત શ્રોતાવિષયક વાત કરીને શ્લોક-૯માં જણાવ્યું કે ઉત્સર્ગ-અપવાદથી યુક્ત, પ્રત્યક્ષાદિ પ્રમાણથી અવિરુદ્ધ અર્થવાળું, ઐદંપર્યની વિશુદ્ધિવાળું શાસ્ત્રતત્ત્વ છે, તે પંડિતપુરુષથી જ્ઞેય છે, અને પંડિતપુરુષને શાસ્ત્રતત્ત્વની પ્રાપ્તિ શ્રુતજ્ઞાન, ચિન્તાજ્ઞાન અને ભાવનાજ્ઞાનના ક્રમથી થાય છે. તેથી તે ત્રણ જ્ઞાનવિષયક શ્લોક-૧૦થી ૧૯ સુધી વિસ્તારથી વાત કરી. ત્યારબાદ બાલ, મધ્યમ અને પંડિતને આપવા યોગ્ય દેશનાનું સ્વરૂપ શ્લોક-૨૦થી ૨૪ સુધી જણાવ્યું. ત્યારબાદ વચનના આરાધનથી જ ધર્મ અને વચનના બાધનથી અધર્મ છે, એવું રહસ્ય જાણીને પંડિતપુરુષ સર્વજ્ઞના વચનાનુસાર પ્રવૃત્તિ કરે છે, અને એ રીતે પંડિતપુરુષને શાસ્ત્રના આદર દ્વારા હૃદયસ્થ જિન હોતે છતે ધ્યાનનું પ્રકૃષ્ટ ફળ સમરસની પ્રાપ્તિ થાય છે, અને વચનાનુષ્ઠાનથી અસંગઅનુષ્ઠાનની પ્રાપ્તિ થાય છે, તે વાત શ્લોક-૨૫-૨૬માં જણાવી તથા બાલ અને મધ્યમને એકનયની દેશનાથી જ બુદ્ધિની પરિકર્મણા થાય છે, તેમ શ્લોક-૨૬માં બતાવ્યું. આવી બાલ અને મધ્યમને અપાયેલી પ્રમાણદેશના પણ અપ્રમાણદેશના કેમ બને, તે શ્લોક-૨૭માં જણાવી, શ્લોક-૨૮માં બાલ અને મધ્યમને દેશનાના વિષયમાં શું મર્યાદા છે, તે જણાવતાં કહ્યું કે અન્ય પાસેથી એક નયનું જ્ઞાન પ્રાપ્ત કરી આવેલ શ્રોતાને અજ્ઞાત નયાંતર કહેવું, ઇત્યાદિ સ્પષ્ટીકરણ કરીને સંવિજ્ઞભાવિત બાલ અને પાસત્થાભાવિત બાલને દાનવિષયક ઉપદેશ આપવાની મર્યાદા શ્લોક-૨૯માં બતાવી. વળી દુર્નયના અભિનિવેશવાળા પણ તત્ત્વના અર્થી શ્રોતાને કઈ રીતે ઉપદેશ આપવો તે વાત શ્લોક-૩૦માં જણાવી. આ રીતે દેશના આપનાર સદ્ધર્મદેશકથી ધર્મની વૃદ્ધિ થાય છે, તેમ બતાવ્યા પછી ગીતાર્થ પ્રત્યેની પોતાની ભક્તિની અભિવ્યક્તિરૂપે આ દ્વાત્રિંશિકાનો ઉપસંહાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરતાં શ્લોક-૩૧-૩૨માં ગ્રંથકારશ્રી જણાવે છે કે 'ધર્મદેશના આપવાની જે કળા ગીતાર્થ પાસે છે, તેના જ પ્રભાવથી કલિકાલમાં જિનશાસન જાજ્વલ્યમાન છે. તેથી જગતના જીવોને આનંદ આપનાર ભગવાનના ધર્મના દેશક એવા ગીતાર્થ મુનિને કોટી કોટી વંદન હો !'

યોગમાર્ગસંદર્શક ગુરુવર્યોની સતત વરસતી દિવ્ય કૃપાવૃષ્ટિ અને નિર્મળ અમીદૃષ્ટિથી, અને યોગમાર્ગમર્મજ્ઞ અને મને યોગમાર્ગનો બોધ કરાવવામાં ધર્મબોધકર એવા સ્વ. પ. પૂ. મોટા પંડિત મહારાજ પૂ. **મોહજિતવિજયજી** મહારાજાએ જગાડેલી જ્ઞાનયોગની સાધનાની રુચિથી, પ. પૂ. **હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજા અને પ. પૂ. **યશોવિજયજી** મહારાજાના સંવેગવર્ધક યોગગ્રંથોના અભ્યાસમાં નિરંતર મારો યત્ન થતો રહ્યો.

મારું જંઘાબળ ક્ષીણ થતાં મારે અમદાવાદ મુકામે સ્થિરવાસ કરવાનું થયું. તેથી સૂક્ષ્મપ્રજ્ઞાસંપન્ન, સતત યોગગ્રંથોના પઠન-પાઠનમાં રત, **પંડિત પ્રવરશ્રી પ્રવીણભાઈ** પાસે અધ્યયન કરતાં કરતાં તેમની પ્રેરણા અને કૃપાથી, તેઓશ્રી જૈનશાસનના જ્ઞાનનિધિને અજવાળીને જે યોગમાર્ગને જગત સમક્ષ વહેતો મૂકવાનું કાર્ય કરી રહ્યા છે, તે ગ્રંથોના શબ્દશઃ વિવેચનનું લેખનકાર્ય કરી તેની સંકલના કરવાની પુણ્ય તક પ્રાપ્ત થઈ, જેના કારણે નાદુરસ્ત તબિયતમાં પણ પ્રસન્નતા જળવાઈ રહી. ખરેખર ! મારા જીવનમાં ચિત્તની પ્રસન્નતા માટે સ્વાધ્યાયરૂપી સંજીવનીએ ઔષધનું કાર્ય કરેલ છે. આ શ્રુતભક્તિનું કાર્ય યોગમાર્ગમાં મને રત બનાવી અંતે મને પૂર્ણ બનાવે, અને સ્વઅધ્યાત્માદિ યોગોની નિર્મળતા માટે કરાયેલ આ પ્રયાસ સ્વ-પર ઉપકારક બને, અને લેખન અનુભવમાં પલટાય કે જેથી યોગીનાથ પરમાત્માએ બતાવેલા યોગમાર્ગને પામીને આત્મગુણોની અનુભૂતિમાં રમણ કરું, તેવી યોગીનાથ પરમાત્મા પાસે પ્રાર્થના કરું છું.

આ ગ્રંથના ગુજરાતી વિવેચનના પ્રૂફસંશોધનના કાર્યમાં શ્રુતોપાસક, શ્રુતભક્તિકારક, સુશ્રાવક **શ્રી શાંતિલાલ શિવલાલ શાહ**નો સુંદર સહયોગ પ્રાપ્ત થયો છે અને **સાધ્વીજી દષ્ટિરત્નાશ્રી**નો તથા **સાધ્વીજી આર્જવરત્નાશ્રી**નો આ ગ્રંથના સર્જનમાં સુંદર સહાયકભાવ પ્રાપ્ત થયો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'દ્વાત્રિંશિકા' ગ્રંથનું વિવરણ લખવામાં કે સંકલન-સંશોધનાદિ કાર્યમાં છદ્મસ્થતાને કારણે તરણતારણ જિનેશ્વર દેવોની આજ્ઞાવિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયવિરુદ્ધ પદાર્થનું નિરૂપણ થયેલ હોય તો 'મિચ્છા મિ દુક્કડં' માંગું છું.

પ્રાંતે હું તથા સર્વ ભવ્ય મુમુક્ષુ સાધકો આ ગ્રંથના પઠન-પાઠન-શ્રવણ-ચિંતન-મનન-નિદિધ્યાસનના બળથી વહેલી તકે પરમ અને ચરમ શાશ્વત વિશ્રાંતિસ્થાનને પામીએ એ જ શુભકામના...

**'कल्याणमस्तु सर्वजीवानाम्'**

**વિ. સં. ૨૦૬૪, ચૈત્ર વદ-૩,**
**તા. ૨૩-૪-૨૦૦૮, બુધવાર**
**૩૦૨, વિમલવિહાર,**
**સરસ્વતી સોસાયટી,**
**પાલડી, અમદાવાદ-૭.**

**વૈરાગ્યવારિધિ પ. પૂ. ભક્તિસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર ગચ્છાધિપતિ પ. પૂ. પ્રેમસૂરીશ્વરજી મહારાજાના આજ્ઞાવર્તિની સાધ્વીજી જય-લાવણ્ય-હેમશ્રીજી મ. સા.ના શિષ્યા તપસ્વીરત્ના, સ્વાધ્યાય-પ્રિયા પ. પૂ. સા. સુરેન્દ્રશ્રીજી મ.સા.ના શિષ્યા ભવવિરહેચ્છુ સાધ્વીશ્રી બોધિરત્નાશ્રીજી**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# 'દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા' ગ્રંથની બીજી 'દેશનાદ્વાત્રિંશિકા'ના પદાર્થોની સંકલના

પ્રથમ 'દાનદ્વાત્રિંશિકા'માં દાનનું સ્વરૂપ બતાવ્યું. હવે ઉપદેશદાતા દાનાંતરાય કર્મ ન બાંધે તદર્થે દેશનાનો વિવેક આવશ્યક છે. તેથી દેશનાના વિવેક અર્થે 'દેશનાદ્વાત્રિંશિકા' બતાવે છે.

**ઉપદેશકે કેવી દેશના આપવી ? :-**

શ્રોતા ત્રણ પ્રકારના છે : (૧) બાલ, (૨) મધ્યમ અને (૩) પંડિત. તેથી ઉપદેશકે બાલ, મધ્યમ અને પંડિત શ્રોતાના યથાર્થ સ્વરૂપને જાણીને તદનુસાર સર્વના ક્લેશનો નાશ કરે તેવી દેશના આપવી જોઈએ.

આનાથી એ ફલિત થાય કે જે પ્રકારે શ્રોતાને તત્ત્વ પ્રત્યેનો પક્ષપાત વધે અને તેના કારણે શ્રોતા ઉચિત પ્રવૃત્તિ કરીને ગુણવૃદ્ધિ કરે તે પ્રકારનો ઉપદેશ આપવામાં આવે તો તે ઉપદેશ શ્રોતાના ક્લેશનો નાશ કરનારો બને. માટે ઉપદેશકે શ્રોતાની યોગ્યતાનો નિર્ણય કરીને તેને ગુણવૃદ્ધિનું કારણ બને તેવી દેશના આપવી જોઈએ; પરંતુ શ્રોતાની યોગ્યતા કેવી છે ? તેનો વિવેક ન હોય અને માત્ર અનુગ્રહબુદ્ધિથી શ્રોતાને ધર્મનો ઉપદેશ આપતા હોય તો તે ઉપદેશથી શ્રોતાનું હિત થાય કે ન પણ થાય, પરંતુ અયથાર્થ દેશના આપવાથી વક્તાને એકાંતે કર્મબંધની પ્રાપ્તિ થાય.

આ રીતે ઉપદેશની મર્યાદા નક્કી કર્યા પછી ગ્રંથકારશ્રીએ શ્રોતાના બાલાદિ ત્રણ પ્રકારોનું લક્ષણ બતાવ્યું, જેથી ઉપદેશક શ્રોતાના સ્વરૂપને જાણી શકે.

બાલાદિ શ્રોતાનાં લક્ષણો આ પ્રમાણે છે --

**બાલ બાહ્ય આચારમાં રત હોય છે,**

**મધ્યમ સૂક્ષ્મ યતનાવાળા આચારોના પક્ષપાતવાળા હોય છે, અને**

**પંડિત સર્વ યત્નથી શાસ્ત્રતત્ત્વનો નિર્ણય કરવાના પ્રયત્નવાળા હોય છે.**

**બાલ જીવો :-**

બાલજીવોની પ્રવૃત્તિ માત્ર બાહ્ય આચારને પ્રાધાન્ય આપનારી હોવાથી અસદ્આરંભવાળી છે, એમ ગ્રંથકારશ્રી કહે છે, અને તેથી ઉપદેશ વખતે આવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાલજીવોને બાહ્ય આચારો સેવવાનું બતાવે છે અર્થાત્ કહે છે કે ઉપદેશકે સર્વવિરતિને અભિમુખ એવા બાલજીવોને સમ્યગ્ લોચ આદિ સંયમની બાહ્ય આચરણા બતાવવી.

અહીં વિચારકને પ્રશ્ન થાય કે બાલજીવોની પ્રવૃત્તિ બાહ્યાચારને પ્રધાન કરનારી હોવાથી તેઓ અસદ્આરંભવાળા છે, તો તેમને તેવા બાહ્ય આચારનો ઉપદેશ કેમ આપ્યો ? તેનું તાત્પર્ય એ છે કે બાલજીવોની ઓળખનું લિંગ તેમની બાહ્ય આચારને ધર્મરૂપે જોનારી દૃષ્ટિ છે, પરંતુ વિવેકનિરપેક્ષ તે બાહ્ય આચારો કલ્યાણનું કારણ નથી. તેથી જે બાલજીવો તત્ત્વના અર્થી છે તેઓ તત્ત્વને જાણવા માટે ઉપદેશક પાસે આવે ત્યારે ઉપદેશક ધર્મનું રહસ્ય બતાવે તો, તેમની બુદ્ધિ પક્વ નહીં હોવાથી તેઓને ધર્મની પ્રાપ્તિ થાય નહીં; પરંતુ બાહ્ય આચારની રુચિવાળા એવા બાલજીવોને વિવેકપૂર્વક બાહ્ય આચાર સેવવાનો ઉપદેશ આપવામાં આવે તો તેમને તે ઉપદેશ ધર્મરૂપે પ્રતીત થાય; અને બાહ્ય આચારોના સેવન દ્વારા અને કંઈક વિવેકપૂર્વકની બાહ્ય પ્રવૃત્તિ દ્વારા તેઓ પરિપક્વ થાય ત્યારે, ઉત્તરઉત્તરની ભૂમિકાની પ્રાપ્તિ દ્વારા ધર્મના રહસ્યને પ્રાપ્ત કરે છે. તેથી ઉપદેશક બાલજીવોને કંઈક વિવેકથી યુક્ત એવી બાહ્ય આચરણાનો ઉપદેશ આપે છે. બાલજીવો માત્ર બાહ્ય આચરણાને ધર્મરૂપે ગ્રહણ કરે છે, તે સુંદર નથી, તે બતાવવા માટે શ્લોક-૭માં તેવી બાહ્ય આચરણાની નિંદા કરેલ છે.

**મધ્યમ જીવો :-**

મધ્યમ જીવો માત્ર બાહ્ય ક્રિયામાં રત નથી, પરંતુ બાહ્ય ક્રિયાઓમાં સૂક્ષ્મ યતના થતી હોય તેને ધર્મરૂપે ગ્રહણ કરે છે, અને પોતાના બોધ અનુસાર સૂક્ષ્મ યતનાવાળી આચરણામાં રત રહે છે. મધ્યમ જીવોની આ આચરણા પણ પરમાર્થથી સમ્યગ્ નથી, તે બતાવવા માટે શ્લોક-૮માં કહ્યું કે ગુરુદોષથી યુક્ત એવાં સૂક્ષ્મ યતનાવાળાં અનુષ્ઠાનો પણ ત્યાજ્ય છે, તેથી મધ્યમ જીવોને અભિમત એવી આચરણા પણ પરમાર્થથી તત્ત્વની પ્રાપ્તિ કરાવનાર નથી. તેથી ઉપદેશ વખતે ઉપદેશક મધ્યમ જીવોને પણ સંયમના સૂક્ષ્મ આચારો ધર્મરૂપે બતાવે છે, જેથી મધ્યમ જીવોને તે ધર્મરૂપે પ્રતીત થાય, અને તે રીતે આચારો સેવીને જ્યારે તેઓની બુદ્ધિ પરિપક્વ થાય ત્યારે તેઓ ધર્મના રહસ્યને પ્રાપ્ત કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પંડિત જીવો :-**

તત્ત્વના અર્થી એવા બુધ પુરુષો માત્ર ક્રિયાઓથી સંતોષ માનનારા નથી, પરંતુ સર્વ યત્નથી શાસ્ત્રના પરમાર્થને જાણવા યત્ન કરે છે. આવા જીવોને શાસ્ત્રનો પરમાર્થ બતાવવામાં આવે તો તેઓને તત્ત્વની પ્રાપ્તિ થાય. તેથી શાસ્ત્રતત્ત્વ બુધથી પ્રાપ્ત થાય તેવું છે, અને તે શાસ્ત્રતત્ત્વ શ્રુતજ્ઞાન, ચિન્તાજ્ઞાન અને ભાવનાજ્ઞાન એ ત્રણ ભૂમિકાવાળું છે. શ્રુતજ્ઞાન અને ચિન્તાજ્ઞાનની ઉત્તરમાં જ્યારે ભાવનાજ્ઞાન પ્રગટે ત્યારે બુધને પણ શાસ્ત્રના પરમાર્થની પ્રાપ્તિ થાય છે. ત્યાં સુધી બુધ જીવો પણ ઉચિત ક્રિયાઓને કરનારા હોય છે; છતાં તેઓની રુચિ માત્ર આચારમાં કે માત્ર આચારની સૂક્ષ્મ યતનામાં હોતી નથી, પણ મોક્ષના ઉદ્દેશથી જે આચારો શાસ્ત્રોએ બતાવ્યા છે, તે આચારોનું તાત્પર્ય શાસ્ત્રની સૂક્ષ્મદૃષ્ટિથી ગ્રહણ કરીને તેને સેવવાની વૃત્તિવાળા હોય છે. તેથી તેવા બુધ પુરુષોને શાસ્ત્ર પ્રત્યેનું દૃઢ વલણ થાય તેવો સંક્ષેપથી ઉપદેશ શ્લોક-૨૪-૨૫માં આપેલ છે. તે ઉપદેશ સાંભળીને શ્રોતાને શાસ્ત્ર જાણવા પ્રત્યેનું બદ્ધ વલણ થાય, અને શ્રુતજ્ઞાન અને ચિન્તાજ્ઞાનના ક્રમથી ભાવનાજ્ઞાનની પ્રાપ્તિ કરે, ત્યારે સર્વ કલ્યાણની પરંપરાને પ્રાપ્ત કરે છે.

વળી શાસ્ત્રતત્ત્વની પ્રાપ્તિ શ્રુતજ્ઞાન, ચિન્તાજ્ઞાન અને ભાવનાજ્ઞાનના ક્રમથી થાય છે, તેનું સ્વરૂપ આ પ્રમાણે છે –

**(૧) શ્રુતજ્ઞાન :-** સર્વદર્શનો સાથે એકવાક્યતાવાળાં જે વચનો છે, જેમ અહિંસાદિ વ્રતો, તેનાથી થયેલા બોધરૂપ શ્રુતજ્ઞાન છે, અને તે વચનોનો બોધ પ્રમાણ-નયના અધિગમથી રહિત હોય છે. જેમ કોઠારમાં રહેલું બીજ સુરક્ષિત હોય છે, તેમ આ શ્રુતજ્ઞાન ઉત્તરના ચિન્તાજ્ઞાનની નિષ્પત્તિના બીજરૂપે સુરક્ષિત હોય છે.

તેથી એ ફલિત થાય કે સર્વ શાસ્ત્રોનાં અવિરોધી એવાં વચનોથી બોધ કર્યા પછી તે બોધ ઉત્તરના ચિન્તાજ્ઞાનનું કારણ બને તે રીતે શ્રુતજ્ઞાનમાં સુરક્ષિત હોય છે; કેમ કે શ્રુતજ્ઞાનવાળાને તત્ત્વની જિજ્ઞાસા હોય છે અને સામગ્રી મળતાં તેનાથી ચિન્તાજ્ઞાન પ્રગટે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**(૨) ચિન્તાજ્ઞાન :-** ચિન્તાજ્ઞાન નય-પ્રમાણસાપેક્ષ બોધસ્વરૂપ છે, અને કોઈ એકાદ પદાર્થવિષયક ચિન્તાજ્ઞાન પ્રગટ્યા પછી તે ચિન્તાજ્ઞાન અન્ય અન્ય પદાર્થવિષયક પ્રગટે છે. જેમ પાણીમાં રહેલું તેલનું બિંદુ પ્રસરે છે, તેમ પ્રગટ થયેલું ચિન્તાજ્ઞાન અધિક અધિક વિષયમાં વિસ્તારને પામે છે. વળી આ ચિન્તાજ્ઞાન મહાવાક્યાર્થથી ઉત્પન્ન થનારું છે અને સૂક્ષ્મ બુદ્ધિગમ્ય એવી યુક્તિઓ વડે સ્યાદ્વાદથી સંગત છે.

**(૩) ભાવનાજ્ઞાન :-** ચિન્તાજ્ઞાન પ્રગટ્યા પછી તે ચિન્તાજ્ઞાનથી થયેલા બોધના પરમાર્થને પુનઃ પુનઃ ભાવન કરીને આત્મામાં સ્થિર કરવામાં આવે ત્યારે ભાવનાજ્ઞાન પ્રગટે છે, અને આ ભાવનાજ્ઞાનનો બોધ સર્વ પ્રવૃત્તિમાં ભગવાનની આજ્ઞાને પ્રધાન કરનારો છે; અને આ ભાવનાજ્ઞાનથી કરાયેલી પ્રવૃત્તિ ભગવાનની આજ્ઞાની પ્રધાનતાપૂર્વક થતી હોવાથી એકાંતે કલ્યાણનું કારણ છે.

**ભાવનાજ્ઞાન દ્વારા ક્રમશઃ કેવળજ્ઞાનની પ્રાપ્તિ :-**

બુધ પુરુષોને ધર્મનું રહસ્ય બતાવવાનો ઉપદેશ શ્લોક-૨૪માં બતાવ્યો, અને આ રીતે આજ્ઞાના આદર દ્વારા ભગવાન હૃદયમાં હોતે છતે સમરસની પ્રાપ્તિ થાય છે એમ શ્લોક-૨૫માં કહ્યું. તેથી એ ફલિત થાય કે ભાવનાજ્ઞાનવાળા પુરુષ સર્વ પ્રવૃત્તિ ભગવાનની આજ્ઞાના સ્મરણપૂર્વક કરે છે, તેથી તેઓને સર્વ પ્રવૃત્તિકાળમાં વીતરાગ લક્ષ્યરૂપે સંસ્થિત છે, અને વીતરાગતાના ઉપાયભૂત તેમનું વચન ઉપાયરૂપે સંસ્થિત છે. આ રીતે તેમના વચનાનુસાર સદા પ્રવૃત્તિ કરતા હોવાથી ભાવનાજ્ઞાનવાળા પુરુષના હૈયામાં વીતરાગ સદા સ્થિર છે. તેથી ભગવાનના વચનાનુસાર પ્રવૃત્તિ કરીને જ્યારે તેઓ અસંગભાવને પામે છે, ત્યારે પરમાત્મા સમાન વીતરાગભાવની પ્રાપ્તિ થાય છે, જે ધ્યાનનું પરમફળ છે; અને આ સમરસઆપત્તિ પ્રકર્ષભાવને પામીને કેવળજ્ઞાનની પ્રાપ્તિનું કારણ છે.

**ભાવનાજ્ઞાનરહિત જીવોની ધર્મબુદ્ધિથી કરાતી પ્રવૃત્તિ પણ અવિવેકમૂલક :-**

શ્લોક-૧૭માં કહ્યું કે ભાવનાજ્ઞાન વિના ધર્મની બુદ્ધિ પણ ચારિત્રલક્ષ્મી માટે નથી અર્થાત્ ચારિત્રની નિષ્પત્તિ માટે નથી; અને તેમાં દૃષ્ટાંત આપ્યું કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ શ્રાવકે ગ્લાન સાધુને ઔષધદાનનો અભિગ્રહ કર્યો, અને પોતાને ઔષધદાનનો લાભ પ્રાપ્ત ન થયો ત્યારે પોતાને અધન્ય માને છે. આ વખતે તેની અભિસંધિ સાધુના ગ્લાનપણામાં છે, તે તેનો અવિવેક છે; તેની જેમ ભાવનાજ્ઞાન વગરના જીવો ધર્મબુદ્ધિથી જે પ્રવૃત્તિ કરે છે, તેમાં તેમનો અવિવેક છે.

તેનાથી એ ફલિત થાય કે આરાધક એવા પણ બાલજીવો કે આરાધક એવા પણ મધ્યમ જીવો કે આરાધક એવા પંડિત પુરુષો પણ જ્યાં સુધી ભાવનાજ્ઞાનથી સંપન્ન થતા નથી, ત્યાં સુધી તેમની ધર્મની પ્રવૃત્તિ ચારિત્રની લક્ષ્મી માટે સમર્થ નથી, પરંતુ ગ્લાનને ઔષધ આપવાનો અભિગ્રહ કરનારા પુરુષના જેવી અવિવેકવાળી છે.

અહીં વિશેષ એ છે કે જેમ જેમ બાલજીવો સદ્ઉપદેશકના વચનાનુસાર પક્વ બુદ્ધિવાળા થાય છે, તેમ તેમ તેમનો અવિવેક ઘટતો જાય છે અને કંઈક વિવેકથી સંવલિત પ્રવૃત્તિ થાય છે; અને મધ્યમ જીવોને બાલજીવો કરતાં વધુ વિવેકવાળી પ્રવૃત્તિ હતી, તોપણ તેમની પ્રવૃત્તિમાં અવિવેક હતો, તે અવિવેક સદુપદેશકના વચનથી ઘટતો જાય છે અને વિશેષ વિશેષ વિવેકયુક્ત પ્રવૃત્તિ થાય છે; અને પંડિત પુરુષો માર્ગાનુસારી બુદ્ધિવાળા હોવાથી સર્વ યત્નથી શાસ્ત્રતત્ત્વની પરીક્ષા કરે છે, તે તેમનો વિવેક છે; તોપણ શ્રુતજ્ઞાન અને ચિન્તાજ્ઞાનના ક્રમથી ભાવનાજ્ઞાનને પામ્યા નથી ત્યાં સુધી તેઓનું ધર્માનુષ્ઠાન ભગવાનના વચનાનુસાર સંપૂર્ણ બનતું નથી. તેથી તે અંશથી તેઓના અનુષ્ઠાનમાં પણ અવિવેક છે, અને જ્યારે તેઓ ભાવનાજ્ઞાનથી સંપન્ન થાય છે ત્યારે સર્વ ઉદ્યમથી કરાયેલું તેમનું અનુષ્ઠાન મોહના ઉન્મૂલનને અનુરૂપ બને છે, અને પૂર્ણ વિવેકથી યુક્ત તેમનું આ અનુષ્ઠાન પ્રકર્ષને પામીને અસંગભાવની પ્રાપ્તિનું કારણ બને છે.

**બાલાદિ જીવોને અપાતી એક નયની દેશના પણ પ્રમાણદેશના કેમ ? :-**

ભગવાનની દેશનાનો યથાર્થ બોધ કરાવવા અર્થે ધર્મનું રહસ્ય જેમ બુધ પુરુષને આપ્યું, તેમ યથાક્રમે સર્વ જીવોને આપવામાં આવે તો તેઓને યથાર્થ બોધ થાય, અન્યથા થાય નહીં. તેમ છતાં બાલ અને મધ્યમને આશ્રયીને સદુપદેશક માત્ર વ્યવહારાદિ પ્રધાન દેશના કેમ આપે છે ? તેની સ્પષ્ટતા શ્લોક-૨૬માં કરી કે આ રીતે જ બાલાદિની બુદ્ધિ પરિકર્મિત થાય છે, અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેથી જે નયનું કથન તેઓને કરવામાં આવે છે, તેનાથી પ્રતિપક્ષ નયનો બોધ કરવા માટે તેઓ સમર્થ બને છે.

તેનાથી એ ફલિત થાય કે બાલાદિ જીવોને બાહ્યક્રિયાઓ વિવેકપૂર્વકની કરવાનો ઉપદેશ આપવાથી બાલાદિ જીવો ઉપદેશ અનુસાર સ્વભૂમિકા પ્રમાણે વિવેકપૂર્વક પ્રવૃત્તિ કરશે, અને તે વિવેકના બળથી તેમને પ્રતીતિ થશે કે 'આ વ્યવહારનયની ક્રિયાઓથી શુભ ભાવો થાય છે, અને તે શુભ ભાવોની નિષ્પત્તિમાં ક્રિયાઓ પ્રબળ કારણ છે;' અને જ્યારે તેમની બુદ્ધિ પક્વ થશે ત્યારે તેમને નિશ્ચયનયનું તાત્પર્ય બતાવવામાં આવશે, અને ત્યારે નિશ્ચયનયના તાત્પર્ય સાથે વ્યવહારનું સમ્યક્ યોજન કરવા તેઓ સમર્થ બનશે.

વળી બાલાદિ જીવોને ઉત્સર્ગની આચરણા પ્રધાનરૂપે બતાવેલી હોવાથી તે ઉત્સર્ગની આચરણાથી થતા શુભ ભાવો તેમને સ્વાનુભવસિદ્ધ બને છે. ત્યારબાદ પક્વબુદ્ધિવાળા એવા તેઓને અપવાદની આચરણા બતાવવામાં આવે ત્યારે, તે અપવાદની આચરણા પણ ઉત્સર્ગને અભિમત પરિણામ સાથે ઉપયોગી થાય તે રીતે જોડવા તેઓ સમર્થ બને છે; પરંતુ જો પ્રથમ ઉત્સર્ગની આચરણા બતાવ્યા વગર ધર્મના રહસ્યરૂપે 'ભગવાનનાં વચનો ઉત્સર્ગ-અપવાદરૂપ છે' તેમ બતાવવામાં આવે, તો ઉત્સર્ગ અને અપવાદને યથાસ્થાને જોડવા માટે અસમર્થ એવા તે બાલજીવો વિનાશને પામે. તેથી બાલાદિ જીવોને આશ્રયીને અપાયેલી એક નયની દેશના પણ યોગ્યતાથી પ્રમાણદેશના જ છે. આમ છતાં આ પ્રમાણે વિચાર નહિ કરીને બાલાદિને શાસ્ત્રાનુસારી પ્રમાણદેશના આપવામાં આવે તો તે પ્રમાણદેશના નથી; કેમ કે અપક્વ બુદ્ધિવાળા એવા બાલાદિ જીવોનો તે દેશનાથી નાશ થાય છે, પરંતુ તે જ દેશના જો પંડિત પુરુષોને આપવામાં આવે તો પ્રમાણદેશના બને છે.

**શ્રોતાની રુચિ અનુસાર નય અને નયાન્તર બતાવવાનું પ્રયોજન :-**

શ્લોક-૨૮માં કહ્યું કે શ્રોતાને આદિમાં તેની રુચિ અનુસાર નય બતાવવો જોઈએ, અને ત્યારપછી નયાન્તર કહેવું જોઈએ. તેથી એ ફલિત થયું કે બાલજીવોને સ્થૂલ આચારની રુચિ છે. તેથી એવા જીવોને કંઈક વિવેકથી યુક્ત એવા સ્થૂલ આચારોનો ઉપદેશ આપવામાં આવે તો તેમની બુદ્ધિ પક્વ થાય, અને ત્યારપછી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નયાન્તર કહેવું જોઈએ; અને કોઈક બાલ કે મધ્યમ પુરુષ સ્વભૂમિકા અનુસાર તે નય અન્ય પાસેથી પ્રાપ્ત કરીને આવેલો હોય, તો તેનાથી ઉપરની ભૂમિકાનો નય તેને બતાવવો જોઈએ. જેમ કે બાલની બુદ્ધિની પરિકર્મણા માટે જે ઉપદેશની અપેક્ષા છે, તેવો ઉપદેશ કોઈ અન્ય વક્તા પાસેથી પ્રાપ્ત કરીને આવેલો હોય, તો તેને મધ્યમ જીવોને અનુકૂળ સૂક્ષ્મ આચારો બતાવવા જોઈએ, જેથી તે બાલજીવ મધ્યમ બને; અને કોઈ મધ્યમ પુરુષ સ્વભૂમિકા અનુસાર અન્ય પાસેથી તત્ત્વને પ્રાપ્ત કરીને આવેલો હોય, તો તેને બુધ કરવા માટે નયાન્તરની દેશના આપવી જોઈએ, અને જ્યારે બંને નયોની પ્રાપ્તિ તેને થાય ત્યારે તે બુધ બને છે; અને બુધ બનેલ એવો તે પુરુષ શાસ્ત્રોનું સમ્યક્ યોજન કરીને શ્રુતજ્ઞાન અને ચિન્તાજ્ઞાનના ક્રમથી ભાવનાજ્ઞાનસંપન્ન બને ત્યારે સર્વ કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ કરે છે.

પરંતુ કોઈ બાલ કે મધ્યમ શ્રોતા ઉપદેશકની કુદેશના વડે દુર્નયના અભિનિવેશવાળો થયેલો હોય તો તેને તે નય કરતાં નયાન્તરનો ઉપદેશ આપવાની વિધિ નથી; પરંતુ તેના દુર્નયને દૃઢ રીતે દૂષિત કરવાની વિધિ છે, જેથી તેનો એકાંત અભિનિવેશ દૂર થાય, અને બંને નયોને ક્રમસર સમજીને ઉચિત સ્થાને જોડે ત્યારે તેને પણ યથાર્થ તત્ત્વની પ્રાપ્તિ થાય.

ભિન્ન ભિન્ન શ્રોતાને આશ્રયીને આ પ્રકારની ઉપદેશની વિધિ જે ગીતાર્થ જાણે છે, તેના જ પ્રભાવથી કલિકાળમાં પણ ધર્મની વૃદ્ધિ થાય છે.

છદ્મસ્થતાને કારણે આ ગ્રંથના વિવેચનમાં વીતરાગ પરમાત્માની આજ્ઞાવિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયવિરુદ્ધ અજાણતાં કાંઈ પણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે 'મિચ્છા મિ દુક્કડં' માંગું છું.

**વિ. સં. ૨૦૬૪, ચૈત્ર વદ-૩,** **- પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

**તા. ૨૩-૪-૨૦૦૮, બુધવાર**
**૩૦૨, વિમલવિહાર,**
**સરસ્વતી સોસાયટી,**
**પાલડી, અમદાવાદ-૭.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## અનુક્રમણિકા



| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | ઉપદેશકે બાલ, મધ્યમ અને પંડિત શ્રોતાની અપેક્ષાએ ઉપદેશ આપવાની વિધિ. | ૧થી ૪ |
| ૨. | શ્રોતાના બાલાદિભાવની અપેક્ષા વગર યથાર્થ પ્રરૂપણા પણ ઉપદેશક માટે કર્મબંધનું કારણ. | ૫થી ૭ |
| ૩. | દેશાદિને અને પુરુષાદિને જાણનાર વક્તાને આશ્રયીને જ ઉપદેશકને એકાંતે નિર્જરાની પ્રાપ્તિ. | ૭થી ૯ |
| ૪. | ઉપદેશમાં બાલાદિના ભેદ વિના દેશના આપનારને અનર્થની પ્રાપ્તિની યુક્તિ. | ૯થી ૧૪ |
| ૫. | વાણીના વિવેક વગરના ઉપદેશકથી શ્રોતાને અનર્થની પ્રાપ્તિ. | ૧૪થી ૧૬ |
| ૬. | બાલ, મધ્યમ અને પંડિત શ્રોતાનું સ્વરૂપ. | ૧૬થી ૧૯ |
| ૭. | બાહ્ય આચરણામાત્રને ધર્મરૂપે સ્વીકારવાની બાલની અવિવેકવાળી દૃષ્ટિ. | ૨૦થી ૨૨ |
| ૮. | ગુરુ-લાઘવ વગરના સૂક્ષ્મ યતનાવાળા આચારમાં ધર્મને જોનારી મધ્યમની અવિવેકવાળી દૃષ્ટિ. | ૨૨થી ૨૫ |
| ૯-૧૦-૧૧ | (i) પંડિત-એક-ગમ્ય એવા શાસ્ત્રનું સ્વરૂપ.<br>(ii) શ્રુતજ્ઞાનનું સ્વરૂપ. | ૨૫થી ૩૫ |
| ૧૨. | ચિન્તાજ્ઞાનનું સ્વરૂપ. | ૩૫થી ૩૭ |
| ૧૩. | ભાવનાજ્ઞાનનું સ્વરૂપ. | ૩૮થી ૪૧ |
| ૧૪. | શ્રુતજ્ઞાનમાં કંઈક વિપર્યાસ અને ચિન્તાજ્ઞાનમાં મધ્યસ્થભાવ. | ૪૧થી ૪૪ |
| ૧૫. | ભાવનાજ્ઞાનવાળા યોગીની પ્રવૃત્તિ. | ૪૫થી ૪૮ |
| ૧૬. | ભાવનાજ્ઞાનનું ફળ. | ૪૮થી ૫૨ |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧૭-૧૮. | ભાવનાજ્ઞાન વગરના સર્વ જીવોની ધર્મબુદ્ધિ પણ અવિવેકથી યુક્ત. | ૫૨થી ૫૮ |
| ૧૯. | (i) ભાવનાજ્ઞાનથી શાસ્ત્રતત્ત્વની પ્રાપ્તિ.<br>(ii) ભાવનાજ્ઞાનથી પ્રાપ્ત એવું શાસ્ત્ર જ પરલોકની પ્રવૃત્તિમાં પ્રમાણભૂત. | ૫૮થી ૬૦ |
| ૨૦-૨૧. | બાલને આપવા યોગ્ય દેશનાનું સ્વરૂપ. | ૬૦થી ૬૩ |
| ૨૨-૨૩. | મધ્યમને આપવા યોગ્ય દેશનાનું સ્વરૂપ. | ૬૪થી ૬૬ |
| ૨૪. | પંડિતને આપવા યોગ્ય દેશનાનું સ્વરૂપ. | ૬૭થી ૬૯ |
| ૨૫. | (i) બુધને અપાયેલી દેશનાથી પ્રાપ્ત થયેલા ધર્મના ફળ સ્વરૂપે સમરસની પ્રાપ્તિ.<br>(ii) પંડિત પુરુષથી સેવાયેલ વચનાનુષ્ઠાનથી અસંગઅનુષ્ઠાનની પ્રાપ્તિ. | ૬૯થી ૭૫ |
| ૨૬. | બાલ અને મધ્યમને એક નયની દેશનાથી બુદ્ધિની પરિકર્મણા. | ૭૫થી ૭૮ |
| ૨૭. | (i) બાલ અને મધ્યમને અપાયેલી એક નયની દેશના પણ ફળની અપેક્ષાએ પ્રમાણદેશના.<br>(ii) બાલ અને મધ્યમનો વિવેક કર્યા વિના અપાયેલી પ્રમાણદેશના પણ અપ્રમાણદેશના. | ૭૮થી ૮૧ |
| ૨૮. | બાલ અને મધ્યમ શ્રોતાને કઈ મર્યાદાથી દેશના આપવી તેની યુક્તિ. | ૮૧થી ૮૩ |
| ૨૯. | (i) એક નયથી પરિકર્મિત મતિવાળાને અન્ય નયની દેશના આપવામાં શાસ્ત્રની યુક્તિ.<br>(ii) સંવિગ્નભાવિત બાલ અને પાસત્થાભાવિત બાલને દાનવિષયક ઉપદેશ આપવાની મર્યાદાનું સ્વરૂપ. | ૮૪થી ૮૮ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૩૦. | દુર્નયના અભિનિવેશવાળા પણ તત્ત્વના અર્થી શ્રોતા આગળ ઉપદેશની મર્યાદાનું સ્વરૂપ. | ૮૮થી ૯૩ |
| ૩૧. | પ્રસ્તુત ગ્રંથમાં બતાવેલ ધર્મદેશનાની મર્યાદાને જાણીને ઉપદેશ આપનાર ગીતાર્થોથી ધર્મની વૃદ્ધિ. | ૯૩થી ૯૫ |
| ૩૨. | ગીતાર્થ ઉપદેશક પ્રત્યે ગ્રંથકારનો ભક્તિભાવ. | ૯૪થી ૯૫ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ॐ ह्रीँ अर्हं नमः ।

ॐ ह्रीँ श्रीशङ्खेश्वरपार्श्वनाथाय नमः ।

ऐँ नमः ।

न्यायविशारद-न्यायाचार्य-श्रीमद्यशोविजयोपाध्यायविरचिता

स्वोपज्ञवृत्तियुता

# द्वात्रिंशद्द्वात्रिंशिका

अन्तर्गत

# देशनाद्वात्रिंशिका-२

**પૂર્વદ્વાત્રિંશિકા સાથે સંબંધ :-**

**आद्यायां द्वात्रिंशिकायां दानमुक्तं, तदन्तरायभीरुत्वं च मुख्यो गुणः, तच्च देशनाविवेकनिर्वाह्यमितीयमधुना विविच्यते –**

**અર્થ :-**

**આદ્યદ્વાત્રિંશિકામાં=પ્રથમ દાનદ્વાત્રિંશિકામાં, દાન કહેવાયું=દાનનું સ્વરૂપ કહેવાયું, અને તેના અંતરાયનું ભીરુત્વ=દાનના અંતરાયનું ભીરુપણું, મુખ્ય ગુણ છે=યોગની સાધનામાં મહત્ત્વનો ગુણ છે, અને તે=દાનાંતરાયભીરુપણું, દેશનાના વિવેકથી નિર્વાહ્ય છે. એથી હવે આ=દેશના, વિવેચન કરાય છે.**

**ભાવાર્થ :-**

ચાર પ્રકારના ધર્મમાં દાનધર્મ પ્રથમ છે. તેથી પ્રથમ દ્વાત્રિંશિકામાં દાનનું સ્વરૂપ બતાવ્યું, અને તે પ્રમાણે દાનમાં ઉદ્યમ કરીને શ્રાવકો યોગમાર્ગની પ્રાથમિક ભૂમિકા આત્મામાં પ્રગટ કરે છે. જે શ્રાવકો સ્વબોધ અનુસાર દાનધર્મમાં ઉદ્યમ કરતા હોય તેવા શ્રાવકોને જે ઉપદેશકો સમ્યગ્ ઉપદેશ આપતા નથી, તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપદેશકો શ્રાવકની દાનધર્મની પ્રવૃત્તિમાં અંતરાયભૂત બને છે, અને જે ઉપદેશકો વિપરીત ઉપદેશ આપીને શ્રાવકના દાનધર્મમાં અંતરાય બાંધે છે, તે ઉપદેશકો પોતાને યોગમાર્ગની પ્રાપ્તિમાં વિઘ્ન કરે તેવાં કર્મો બાંધે છે. તેથી આત્મકલ્યાણ અર્થે દાનાંતરાયનું ભીરુપણું મુખ્ય ગુણ છે, અને તે ગુણ દેશનાના વિવેકથી નિર્વાહ્ય છે, તેથી હવે દેશનાનું વિવેચન કરે છે.

અહીં વિશેષ એ છે કે શ્રાવકના જીવનમાં દાન-શીલ-તપ અને ભાવ એ ચાર પ્રકારનો ધર્મ હોય છે, તોપણ શ્રાવકને દાનધર્મ મુખ્ય હોય છે, અને શીલાદિ ધર્મો અલ્પ અંશમાં હોવાથી ગૌણ હોય છે; અને સાધુને શીલાદિ ધર્મો મુખ્ય હોય છે, અને સાધુઓ શ્રાવકોને તેમની ભૂમિકાનુસાર દાનધર્મનો ઉપદેશ આપે છે, તે રૂપે સાધુને દાનધર્મ ગૌણરૂપે હોય છે. તેથી ઉપદેશકોએ દાન-શીલ-તપ અને ભાવરૂપ જે શ્રાવકોનો ધર્મ છે, તેની વૃદ્ધિ થાય તે રીતે ઉપદેશ આપવો જોઈએ; જે દેશનાના વિવેકથી નિર્વાહ્ય છે. તેથી દાનધર્મના કથન પછી દેશનાદ્વાત્રિંશિકા બતાવે છે.

**શ્લોક :-**

**यथास्थानं गुणोत्पत्तेः सुवैद्येनेव भेषजम् ।**
**बालाद्यपेक्षया देया देशना क्लेशनाशिनी ।।१।।**

**અન્વયાર્થ :-**

**सुवैद्येनेव भेषजम्=સુવૈદ્ય વડે ઔષધની જેમ यथास्थानं गुणोत्पत्तेः=યથાસ્થાન ગુણ ઉત્પત્તિ હોવાથી बालाद्यपेक्षया=બાલાદિની અપેક્ષાએ क्लेशनाशिनी=ક્લેશ નાશ કરનારી=देशना=દેશના देया=આપવી જોઈએ=સાધુએ દેશના આપવી જોઈએ. ।।૧।।**

**શ્લોકાર્થ :-**

**સુવૈદ્ય વડે ઔષધની જેમ યથાસ્થાન ગુણ ઉત્પત્તિ હોવાથી બાલાદિની અપેક્ષાએ ક્લેશનાશ કરનારી દેશના સાધુએ આપવી જોઈએ. ।।૧।।**

❖ 'बालाद्यपेक्षया' - અહીં 'आदि'થી મધ્યમ અને પંડિતનું ગ્રહણ કરવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકા :-**

**यथास्थानमिति-सुवैद्येन भेषजमिव, बालाद्यपेक्षया=बालाद्यानुगुण्येन, देशना देया, साधुनेति शेषः, किं भूता? क्लेशनाशिनी=भावधातुसाम्येन दोषापहा, कुत ? इत्याह - यथास्थानं=स्थानमनतिक्रम्य, गुणोत्पत्तेः, यथा हि सदप्यौषधं तरुणादियोग्यं बालादीनां न गुणाय तथा धर्मदेशनाऽपि मध्यमादियोग्या बालादीनां न गुणायेति यथास्थानमेतन्नियोगो न्याय्यः ।।१।।**

**ટીકાર્થ :-**

**सुवैद्येन ..... न्याय्यः ।। સુવૈદ્ય વડે ઔષધની જેમ બાલાદિની અપેક્ષાએ= બાલાદિના અનુસરણથી, સાધુએ દેશના આપવી જોઈએ.**

**મૂળશ્લોકમાં 'સાધુના' શબ્દ અધ્યાહાર છે, તેથી ટીકામાં साधुनेति शेषः કહેલ છે.**

**કેવા પ્રકારની ?=કેવા પ્રકારની દેશના આપવી જોઈએ ? ક્લેશનો નાશ કરનારી=શ્રોતાને ભાવધાતુના સામ્યથી દોષને હરનારી, દેશના આપવી જોઈએ.**

**કેમ ? એથી કહે છે=બાલાદિની અપેક્ષાએ દેશના કેમ આપવી જોઈએ ? એથી કહે છે –**

**યથાસ્થાન=સ્થાનને અતિક્રમ કર્યા વગર=બાલાદિસ્થાનને અતિક્રમણ કર્યા વગર, ગુણઉત્પત્તિ હોવાથી=દેશનાથી ગુણની ઉત્પત્તિ હોવાથી, બાલાદિની અપેક્ષાએ દેશના આપવી જોઈએ, એમ અન્વય છે.**

દૃષ્ટાન્તદાર્ષ્ટાન્તિક ભાવને સ્પષ્ટ કરે છે –

**જે પ્રમાણે યુવાનાદિને યોગ્ય સુંદર પણ ઔષધ બાલાદિના ગુણ માટે નથી, તે પ્રમાણે મધ્યમાદિને યોગ્ય ધર્મદેશના પણ બાલાદિના ગુણ માટે નથી. એથી યથાસ્થાન=બાલાદિ શ્રોતાના સ્થાનને અનુરૂપ, આનો નિયોગ= દેશનાનું નિયોજન, ન્યાય્ય છે. ।।૧।।**

❖ 'सदपि' - અહીં 'अपि'થી એ કહેવું છે કે અસદ્=રોગને અનનુરૂપ, ઔષધ તો ગુણને માટે નથી, પરંતુ રોગને અનુરૂપ એવું સદ્ પણ તરુણાદિને યોગ્ય ઔષધ બાલાદિને ગુણ માટે નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✤ 'तरुणादि' - અહીં 'अदि'થી બાલ અને વૃદ્ધનું ગ્રહણ કરવું.

✤ 'बालादि' - અહીં 'आदि'થી તરુણ અને વૃદ્ધનું ગ્રહણ કરવું.

✤ 'धर्मदेशनापि' - અહીં 'अपि'થી એ કહેવું છે કે ભાવરોગના નાશનું કારણ ન બને એવી અધર્મ દેશના તો ગુણને માટે નથી, પરંતુ શ્રોતાના ભાવરોગના નાશનું કારણ બને એવી મધ્યમાદિ શ્રોતાને યોગ્ય ધર્મદેશના પણ બાલાદિને ગુણ માટે નથી.

✤ 'मध्यमादि' - અહીં 'आदि'થી બાલ અને પંડિતનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

**ઉપદેશકને બાલ, મધ્યમ અને પંડિત શ્રોતાની અપેક્ષાએ ઉપદેશ આપવાની વિધિ :-**

જેમ

સુવૈદ્ય રોગને અનુરૂપ ઉચિત ઔષધ આપે ત્યારે રોગી બાલ છે, તરુણ છે કે વૃદ્ધ છે તેનો પણ ખ્યાલ રાખીને તે પ્રમાણે ઔષધ આપે છે; કેમ કે બાલાદિની અપેક્ષા રાખ્યા વગર રોગનું ઉચિત ઔષધ પણ હિતકારી બનતું નથી.

તેમ

સાધુએ બાલાદિની અપેક્ષા રાખીને ધર્મદેશના આપવી જોઈએ; કેમ કે બાલાદિની અપેક્ષાએ અપાયેલી દેશના જ ગુણને કરનારી થાય છે, માત્ર ધર્મદેશના આપવાથી ધર્મની નિષ્પત્તિ થતી નથી.

અહીં 'ક્લેશના નાશને કરનારી દેશના આપવી જોઈએ,' એમ કહ્યું, અને તેનો અર્થ ટીકામાં કર્યો કે 'ભાવધાતુના સામ્યથી દોષને નાશ કરનારી દેશના આપવી જોઈએ.' તેથી એ પ્રાપ્ત થાય કે જેમ ઔષધ સપ્તધાતુમય દેહની વિષમતાને દૂર કરીને દેહના આરોગ્યને પ્રગટ કરે છે, તેમ ઉચિત દેશના આત્માના રત્નત્રયીના પરિણામરૂપ ભાવધાતુમાં થયેલી વિષમતાને દૂર કરીને ભાવઆરોગ્યને પ્રાપ્ત કરાવે છે. જીવનું વિપરીત જ્ઞાન, વિપરીત રુચિ અને વિપરીત પ્રવૃત્તિ તે રત્નત્રયીરૂપ ભાવધાતુની વિષમતા છે, અને સદ્દેશનાથી યોગ્ય શ્રોતામાં જેટલા અંશમાં સમ્યગ્જ્ઞાન, સમ્યગ્રુચિ અને સમ્યક્પ્રવૃત્તિ પ્રગટે તેટલા અંશમાં ભાવધાતુની વિષમતા દૂર થાય છે, અને ભાવઆરોગ્ય પ્રગટ થાય છે. **॥૧॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

विपक्षे बाधमाह –

**અવતરણિકાર્થ :-**

વિપક્ષમાં=બાલાદિની અપેક્ષા રાખ્યા વગર દેશના આપવારૂપ વિપક્ષમાં, બાધને કહે છે=ધર્મની પ્રાપ્તિને બદલે અનર્થની પ્રાપ્તિ થવારૂપ બાધને કહે છે –

**શ્લોક :-**

उन्मार्गनयनात् पुंसामन्यथा वा कुशीलता ।
सन्मार्गद्रुमदाहाय वह्निज्वाला प्रसज्यते ।।२।।

**અન્વયાર્થ :-**

अन्यथा वा=અને અન્યથા=અને બાલાદિના સ્થાનની અપેક્ષા રાખ્યા વિના દેશના આપવામાં पुंसाम्=પુરુષોને=શ્રોતારૂપ પુરુષોને, उन्मार्गनयनात्=ઉન્માર્ગમાં લઈ જવાથી सन्मार्गद्रुमदाहाय=સન્માર્ગરૂપ વૃક્ષના દાહ માટે वह्निज्वाला कुशीलता=અગ્નિની જવાળારૂપ કુશીલતા प्रसज्यते=પ્રાપ્ત થશે=ઉપદેશકને કુશીલતા પ્રાપ્ત થશે. ।।૨।।

**શ્લોકાર્થ :-**

**અને અન્યથા દેશના આપવામાં શ્રોતારૂપ પુરુષોને ઉન્માર્ગમાં લઈ જવાથી સન્માર્ગરૂપ વૃક્ષના દાહ માટે અગ્નિની જ્વાળા જેવી કુશીલતા ઉપદેશકને પ્રાપ્ત થશે. ।।૨।।**

**ટીકા :-**

उन्मार्गेति-अन्यथा=यथास्थानं देशनाया अदाने, पुंसां ध्यांध्यकरणद्वारेणोन्मार्ग-नयनात् वा कुशीलता प्रसज्यते । किम्भूता ? सन्मार्गद्रुमाणां दाहाय वह्निज्वाला, अनाभोगेनापि स्वतः परेषां मार्गभेदप्रसङ्गस्य प्रबलापायहेतुत्वादिति भावः ।।२।।

**ટીકાર્થ :-**

अन्यथा ..... भावः ।। અને અન્યથા=અને યથાસ્થાન દેશનાને નહીં આપવામાં, પુરુષોને=શ્રોતારૂપ પુરુષોને, બુદ્ધિના આંધ્યકરણ દ્વારા ઉન્માર્ગમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**નયન થતું હોવાથી કુશીલતા પ્રાપ્ત થશે=ઉપદેશકને કુશીલતા પ્રાપ્ત થશે.**

**કેવા પ્રકારની કુશીલતા પ્રાપ્ત થશે ? તે સ્પષ્ટ કરે છે –**

**સન્માર્ગવૃક્ષના દાહ માટે અગ્નિની જ્વાળારૂપ=ભગવાન વડે બતાવાયેલા સન્માર્ગરૂપ વૃક્ષને બાળવા માટે અગ્નિની જ્વાળારૂપ, કુશીલતા ઉપદેશકને પ્રાપ્ત થશે, એમ અન્વય છે.**

અહીં પ્રશ્ન થાય કે સદ્ધર્મના ઉપદેશની પ્રવૃત્તિને કુશીલતા કેમ કહી શકાય ? તેમાં હેતુ કહે છે –

**અનાભોગથી પણ પોતાના દ્વારા બીજાના માર્ગભેદના પ્રસંગનું પ્રબળ અપાયનું હેતુપણું છે, એ ભાવ છે. ॥૨॥**

❖ 'अनाभोगेनापि' - અહીં 'अपि'થી એ કહેવું છે કે આભોગથી તો પરના માર્ગનો ભેદ બળવાન અનર્થનો હેતુ છે, પરંતુ અનાભોગથી પણ પરના માર્ગના ભેદનો પ્રસંગ બળવાન અનર્થનો હેતુ છે.

**ભાવાર્થ :-**

**શ્રોતાના બાલાદિ ભાવની અપેક્ષા વગર યથાર્થ પ્રરૂપણા પણ ઉપદેશક માટે કર્મબંધનું કારણ :-**

શ્લોક-૧માં કહ્યું કે સાધુએ બાલાદિની અપેક્ષા રાખીને ક્લેશનો નાશ કરનારી દેશના આપવી જોઈએ. તેને જ સુદૃઢ કરવા માટે કહે છે કે જો સાધુ બાલાદિની અપેક્ષા રાખ્યા વિના માત્ર 'મારે ધર્મોપદેશ આપવો છે' એટલી બુદ્ધિ કરીને દેશના આપે, તો શ્રોતારૂપ પુરુષને અનુરૂપ દેશના નહીં હોવાથી શ્રોતાની બુદ્ધિનો વિપર્યાસ થાય છે; અને શ્રોતાની બુદ્ધિના વિપર્યાસને કારણે શ્રોતા ઉન્માર્ગમાં ગમન કરે છે, તેમાં ઉપદેશક કારણ છે. તેથી ઉપદેશકની દેશનાની ક્રિયા કુશીલતારૂપ છે; કેમ કે તેના ઉપદેશ દ્વારા સન્માર્ગરૂપ વૃક્ષનો નાશ થાય છે. માટે તે દેશના સન્માર્ગરૂપી વૃક્ષોને બાળવા માટે અગ્નિની જ્વાળારૂપ છે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે ઉપદેશકને કોઈનું અહિત કરવાનો આશય નથી કે સન્માર્ગના નાશનો અધ્યવસાય નથી, તેથી શુભાશયથી અપાયેલી તે દેશનાને કુશીલતારૂપ કેમ કહી શકાય ? તેથી કહે છે –

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનાભોગથી પણ પોતાના દ્વારા કોઈને માર્ગભેદ કરવામાં આવે અર્થાત્ ભગવાનના માર્ગથી અન્ય માર્ગમાં લઈ જવામાં આવે, તો તે પ્રવૃત્તિ પ્રબળ=બળવાન, અપાયનો=અનર્થનો હેતુ છે અર્થાત્ સંયમજીવનમાં કોઈ પ્રમાદ થાય, તેનાથી જે અનર્થ થાય, તેના કરતાં ઘણો અધિક અનર્થ વિપરીત દેશનાથી થાય છે. તેથી સાધુએ અનાભોગથી પણ વિપરીત દેશના અપાય નહીં તેવો યત્ન કરવો જોઈએ. **॥૨॥**

**અવતરણિકા :-**

**नन्वेवं** "न भवति धर्मः, श्रोतुः सर्वस्यैकान्ततो हितश्रवणात् ब्रुवतोऽनुग्रहबुद्ध्या वक्तुस्त्वेकान्ततो भवति" **इति वाचकवचनं व्याहन्येत, अतः खलु अनुग्रहधिया आगमार्थोपदेशमात्रमेवेष्टसाधनतया प्रतीयते, श्रोतुर्भावस्तु दुर्ग्रह इत्याशङ्कायामाह –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે=પૂર્વમાં કહ્યું કે બાલાદિની અપેક્ષા રાખ્યા વગર દેશના આપવામાં આવે તો ઉપદેશકને કુશીલતાની પ્રાપ્તિ થાય એ રીતે, "સર્વ શ્રોતાને હિતશ્રવણથી એકાંતે ધર્મ થતો નથી, અનુગ્રહબુદ્ધિથી બોલનાર વક્તાને એકાંતે ધર્મ થાય છે." (તત્ત્વાર્થકારિકા-૨૯) એ પ્રકારનું વાચકવચન=ઉમાસ્વાતિજી મહારાજાનું વચન, હણાય છે અર્થાત્ વચનનો અપલાપ થાય છે. આથી=પૂર્વમાં કહ્યું કે આ રીતે વાચકવચન હણાય છે આથી, ખરેખર ! અનુગ્રહબુદ્ધિથી આગમાર્થનો ઉપદેશમાત્ર જ ઇષ્ટસાધનપણારૂપે પ્રતીત થાય છે=વક્તાને નિર્જરાના સાધનપણારૂપે પ્રતીત થાય છે; પરંતુ શ્રોતાનો ભાવ દુર્ગ્રહ છે=આ શ્રોતાને કઈ દેશના આપવી ઉચિત છે, અને આ શ્રોતાને કઈ દેશના આપવી ઉચિત નથી, તેનો નિર્ણય કરવો દુષ્કર છે, એ પ્રકારની આશંકામાં કહે છે –**

**શ્લોક :-**

**अनुग्रहधिया वक्तुर्धर्मित्वं नियमेन यत् ।**
**भणितं तत्तु देशादिपुरुषादिविदं प्रति ।।३।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અન્વયાર્થ :-**

अनुग्रहधिया=અનુગ્રહબુદ્ધિથી वक्तुः=વક્તાનું नियमेन=નિયમથી धर्मित्वं= ધર્મીપણું यत्=જે भणितं=કહેવાયું=ઉમાસ્વાતિજી મહારાજ વડે જે કહેવાયું, तत्=તે तु=વળી देशादिपुरुषादिविदं प्रति=દેશાદિ અને પુરુષાદિ જાણનારા પુરુષને આશ્રયીને છે. ॥૩॥

**શ્લોકાર્થ :-**

**અનુગ્રહબુદ્ધિથી વક્તાનું નિયમથી ધર્મીપણું જે કહેવાયું=ઉમાસ્વાતિજી મહારાજ વડે કહેવાયું, તે વળી દેશાદિ અને પુરુષાદિ જાણનારા પુરુષને આશ્રયીને છે. ॥૩॥**

❖ 'देशादि' - અહીં 'आदि'થી કાળનું ગ્રહણ કરવું.

**ટીકા :-**

अनुग्रहेति-अनुग्रहधिया वक्तुः=धर्मोपदेष्टुः धर्मित्वं=निर्जराभागित्वम्, नियमेनैकान्तेन, यद्भणितं तत्तु देशादीन् पुरुषादींश्च वेत्ति यस्तं प्रति, न तु तज्ज्ञाने शक्तिमस्फोरयन्तं प्रति ॥३॥

**ટીકાર્થ :-**

अनुग्रहधिया ..... प्रति ॥ અનુગ્રહબુદ્ધિથી વક્તાનું=ધર્મોપદેશકનું, નિયમથી=એકાંતથી, ધર્મીપણું=નિર્જરાભાગીપણું, જે કહેવાયું=વાચક ઉમાસ્વાતિજી વડે કહેવાયું, તે વળી દેશાદિ અને પુરુષાદિને જે જાણે છે તેને આશ્રયીને છે; પરંતુ તેના જ્ઞાનમાં=દેશાદિના અને પુરુષાદિના જ્ઞાનમાં, શક્તિને નહીં ફોરવનારા પુરુષને આશ્રયીને નહીં. ॥૩॥

**ભાવાર્થ :-**

**દેશાદિને અને પુરુષાદિને જાણનાર વક્તાને આશ્રયીને જ ઉપદેશકને એકાંતે નિર્જરાની પ્રાપ્તિ :-**

વાચકવચન પ્રમાણે અનુગ્રહબુદ્ધિથી ઉપદેશ આપનારને એકાંતે ધર્મ થાય છે. તેથી શ્રોતાને શાસ્ત્રોના અર્થનો ઉપદેશ આપવો એ જ માત્ર ઇષ્ટ છે, પરંતુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાલાદિની અપેક્ષાએ દેશના આપવી જોઈએ, એવો અર્થ ફલિત થતો નથી; તેમ અવતરણિકામાં પૂર્વપક્ષીએ શંકા કરેલ. તેના નિરાકરણરૂપે ગ્રંથકારશ્રી કહે છે કે વાચકવચન પ્રમાણે અનુગ્રહબુદ્ધિથી ઉપદેશ આપનારને એકાંતે નિર્જરાભાગી કહેલ છે, એ કથન સર્વ ઉપદેશકને આશ્રયીને કહેલ નથી, પરંતુ દેશકાળને જાણીને અને પુરુષાદિને જાણીને અર્થાત્ 'આ પુરુષ બાલ છે, મધ્યમ છે' ઇત્યાદિ જાણીને અથવા શ્રોતાને જાણીને અર્થાત્ આ શ્રોતા કયા દર્શનથી વાસિત છે ઇત્યાદિ જાણીને જે ઉપદેશક ઉપદેશ આપે છે, તેવા ઉપદેશકને આશ્રયીને કહેલ છે. તેથી તેવા ઉપદેશકનો ઉપદેશ એકાંતે નિર્જરાનું કારણ છે, એમ વાચકવચનથી ફલિત થાય છે. **॥૩॥**

**અવતરણિકા :-**

**ननु पुरुषादिभेदेन देशनाभेदो न युक्तः, राजरङ्कयोरेकरूपेणैव देशनाभिधानात्, तथा चाचारसूत्रं -** "जहा पुण्णस्स कत्थइ तहा तुच्छस्स कत्थइ, जहा तुच्छस्स कत्थइ तहा पुण्णस्स कत्थइ" **[आचाराङ्ग सूत्र-१०१, पत्र-१४५] इति, सूत्रोल्लङ्घनं च महतेऽनर्थायेत्याशङ्क्याह –**

**અવતરણિકાર્થ :-**

**પુરુષાદિના ભેદથી દેશનાભેદ યુક્ત નથી; કેમ કે રાજા અને રંકને એક સ્વરૂપે જ દેશનાનું કથન છે, અને તે પ્રકારે આચારસૂત્ર છે=રાજા અને રંકને એક રૂપે જ દેશના આપવી જોઈએ તે પ્રકારે આચારસૂત્ર છે.** "જે પ્રકારે પુણ્યશાળીને=રાજા વગેરેને કહે તે પ્રમાણે તુચ્છને=દરિદ્રીને કહે, જે પ્રમાણે તુચ્છને કહે તે પ્રમાણે પુણ્યશાળીને કહે." **(આચારાંગ સૂત્ર-૧૦૧) 'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે, અને સૂત્રનું ઉલ્લંઘન મહાઅનર્થ માટે છે, એ પ્રકારની આશંકા કરીને તેના નિરાકરણ અર્થે ગ્રંથકારશ્રી કહે છે –**

**ભાવાર્થ :-**

વાચકવચન પ્રમાણે અનુગ્રહબુદ્ધિથી ઉપદેશ આપનારને એકાંતે ધર્મ થાય છે, તેથી શાસ્ત્રવચનનો ઉપદેશ આપવો તે ઉપદેશક માટે એકાંતે નિર્જરાનું કારણ છે; પરંતુ 'આ શ્રોતા બાલ છે, મધ્યમ છે' ઇત્યાદિનો વિચાર કરવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વક્તા માટે શક્ય નથી, એમ શ્લોક-૩ની અવતરણિકામાં કહેલ. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રીએ શ્લોક-૩માં સ્થાપન કર્યું કે દેશાદિ અને પુરુષાદિને જાણનાર વક્તાને આશ્રયીને જ વક્તાને એકાંતે નિર્જરા વાચકવચનથી ફલિત થાય છે. હવે આ કથન કોઈકને ઇષ્ટ જણાતું નથી. તેથી શંકા કરે છે કે આચારાંગમાં રાજા અને રંકને સમાન દેશના આપવાનું કથન કર્યું છે, માટે પુરુષાદિના ભેદથી દેશનાનો ભેદ ઉચિત નથી. તેથી વાચકવચનનો અર્થ એ જ કરવો જોઈએ કે અનુગ્રહબુદ્ધિથી જે ધર્મોપદેશ આપે છે તે ઉપદેશકને એકાંતે નિર્જરા થાય છે. આ પ્રકારના શંકાકારના આશયનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે -

**શ્લોક :-**

**कोऽयं पुरुष इत्यादिवचनादत एव च ।**
**पर्षदादिविवेकाच्च व्यक्तो मन्दस्य निग्रहः ।।४।।**

**અન્વયાર્થ :-**

**अतएव च=અને આથી જ=બાલાદિને જાણ્યા વિના દેશના આપવામાં કર્મબંધ થાય છે આથી જ, कोऽयं पुरुष इत्यादि वचनात्='આ પુરુષ કોણ છે ?' ઈત્યાદિ વચન હોવાને કારણે पर्षदादिविवेकाच्च=અને પર્ષદાદિનો વિવેક હોવાને કારણે मन्दस्य=મંદનો=દેશાદિ-પુરુષાદિ જ્ઞાનના અભાવવાળા ઉપદેશકનો निग्रहः=નિગ્રહ व्यक्तः=વ્યક્ત છે=અપસિદ્ધાન્તના ઉપદેશરૂપ નિગ્રહ વ્યક્ત છે. ।।૪।।**

**શ્લોકાર્થ :-**

**અને આથી જ=બાલાદિને જાણ્યા વિના દેશના આપવામાં કર્મબંધ થાય છે આથી જ, 'આ પુરુષ કોણ છે ?' ઈત્યાદિ વચન હોવાને કારણે અને પર્ષદાદિનો વિવેક હોવાને કારણે, મંદનો=દેશાદિ-પુરુષાદિ જ્ઞાનના અભાવવાળા ઉપદેશકનો, નિગ્રહ વ્યક્ત છે=અપસિદ્ધાન્તના ઉપદેશરૂપ નિગ્રહ વ્યક્ત છે. ।।૪।।**

❖ 'पर्षदादि विवेकाच्च' - અહીં 'आदि'થી પુરુષનું ગ્રહણ કરવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકા :-**

**कोऽयमिति-अत एव च=विपर्यये दोषादेव च, कोऽयं पुरुष इत्यादि-वचनान्नन्द्यावश्यकादौ, पर्षदादीनां विवेकाद्=विवेचनात् च, मन्दस्य=देशादि-पुरुषादिज्ञानाभाववतो वक्तुः, निग्रहः=अपसिद्धान्तलक्षणः, व्यक्तः=प्रकट एव । अयं भावः- उक्ताचारसूत्रं साधोर्धर्मव्याख्याने निरीहतामात्रद्योतकमेव, राजादेरभि-प्रायाननुसरणे प्रकटदोषोपदर्शनपूर्वमनुपदमेव तत्र पुरुषादिदेशादिपरिज्ञानवत्त्वेन देशनाधिकारित्वाभिव्यञ्जनात् । तदुक्तं –** "अवि य हणे अणाइयमाणे एत्थं पि जाण सेयं ति णत्थि केयं पुरिसे कंच णए त्ति" **(आचाराङ्ग सूत्र-१०२, पत्र १४५/१४६) । किञ्चैवं पुरुषादिपरिज्ञानानावश्यकत्वे पर्षदादिगुणदोषोपवर्णनं तत्र तत्र व्यर्थं स्यादिति ।।४।।**

**ટીકાર્થ :-**

अत एव च ..... स्यादिति ।। **અને આથી જ=વિપર્યયમાં દોષ છે આથી જ=બાલાદિનો વિચાર કર્યા વગર ધર્મદેશના આપવાથી કર્મબંધની પ્રાપ્તિ છે આથી જ, નંદિ-આવશ્યકાદિ સૂત્રમાં 'આ પુરુષ કોણ છે ?' ઈત્યાદિ વચન હોવાને કારણે=ઉપદેશકના ઉપદેશને આશ્રયીને નંદી-આવશ્યકાદિમાં 'આ પુરુષ કોણ છે ?' ઈત્યાદિ વિચારણા આવશ્યક છે, તેને બતાવનારું વચન હોવાને કારણે, અને પર્ષદાદિનો વિવેક હોવાને કારણે=પર્ષદાદિનું વિવેચન હોવાને કારણે અર્થાત્ નંદી-આવશ્યકાદિમાં શ્રોતાની પર્ષદા કેવા કેવા પ્રકારની હોય છે, તેનું વિવેચન હોવાને કારણે, મંદનો=દેશાદિ-પુરુષાદિના જ્ઞાનના અભાવવાળા એવા વક્તાનો, અપસિદ્ધાંતરૂપ નિગ્રહ વ્યક્ત જ છે=તેનો ઉપદેશ અપસિદ્ધાંત છે, એ પ્રકારનો નિગ્રહ નંદી આદિના વચનથી પ્રગટ જ છે.**

પૂર્વમાં નંદિ-આવશ્યકાદિના વચનથી સ્પષ્ટ કર્યું કે દેશાદિ અને પુરુષાદિને નહીં જાણનાર એવા વક્તાને ઉપદેશની પ્રવૃત્તિથી કર્મબંધની પ્રાપ્તિ થાય છે. તેથી પ્રશ્ન થાય કે આચારાંગમાં તો પુરુષાદિના ભેદને કરવાનો નિષેધ કર્યો છે, તો તે કથન કઈ અપેક્ષાએ સંગત થાય ? તેથી તેને સ્પષ્ટ કરવા માટે 'अयं भावः'થી ગ્રંથકારશ્રી કહે છે –

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**આ ભાવ છે - ઉક્ત આચારસૂત્ર=અવતરણિકામાં ઉદ્ધરણરૂપે આપેલ આચારસૂત્ર, ધર્મવ્યાખ્યાનમાં સાધુની નિરીહતામાત્રનું દ્યોતક જ છે; કેમ કે રાજાદિના અભિપ્રાયના અનનુસરણમાં પ્રગટ દોષના ઉપદર્શનપૂર્વક અનુપદ જ='जहा पुणस्स कत्थइ' ઈત્યાદિ આચારાંગસૂત્રના પછીના પદમાં જ, પુરુષાદિ અને દેશાદિના પરિજ્ઞાનરૂપે દેશનાધિકારીપણાનું અભિવ્યંજન છે=કથન છે.**

**તે કહેવાયું છે=રાજાદિના અભિપ્રાયના અનુસરણ વિના દેશનામાં પ્રગટ દોષ છે, અને પુરુષાદિ અને દેશાદિના પરિજ્ઞાનવાળા વક્તા જ દેશનાના અધિકારી છે, તે આચારાંગ સૂત્ર-૧૦૨માં કહેવાયું છે –**

"य=અને વળી अणाइयमाणं हणे अवि=અનાદર કરાતો રાજા હણે પણ एत्थं पि जाण=ધર્મદેશનામાં પણ જાણ.

ધર્મદેશનામાં શું જાણ ? તે સ્પષ્ટ કરે છે –

सेयं ति णत्थि=શ્રેય એ નથી=ધર્મદેશના પુરુષાદિને જાણ્યા વગર આપવામાં આવે તે શ્રેય છે, એ નથી, 'केयं पुरिसे कञ्च नए त्ति'=આ પુરુષ કયો છે ? કોને નમેલો છે ?= કયા દેવતાને નમેલો છે ? ઈત્યાદિ દ્વારા પર્ષદાદિનો વિવેક બતાવે છે. **(આચારાંગ સૂત્ર-૧૦૨)**

**ઉદ્ધરણમાં अवि=अपि સંભાવના અર્થમાં છે.**

**વળી આ રીતે=વાચકવચનનો અર્થ એ પ્રમાણે કરવામાં આવે કે અનુગ્રહબુદ્ધિથી બોલનાર સર્વ વક્તાને એકાંતે નિર્જરા થાય છે એ રીતે, પુરુષાદિના પરિજ્ઞાનનું અનાવશ્યકપણું હોતે છતે=ઉપદેશકને ઉપદેશ આપતી વખતે પુરુષાદિના પરિજ્ઞાનની અનાવશ્યકતા હોતે છતે, પર્ષદાદિના ગુણદોષનું ઉપવર્ણન ત્યાં ત્યાં=તે તે શાસ્ત્રમાં, વ્યર્થ થાય.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૪।।**

❖ 'पुरुषादिपरिज्ञानानावश्यकत्वे' - અહીં 'आदि'થી પર્ષદાનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :–**

**ઉપદેશમાં બાલાદિના ભેદ વિના દેશના આપનારને અનર્થની પ્રાપ્તિ :–**

શ્લોક-૩માં કહ્યું કે દેશાદિ અને પુરુષાદિને નહીં જાણનાર વક્તા અનુગ્રહબુદ્ધિથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ આગમના અર્થનો ઉપદેશ આપે તો કર્મબંધરૂપ અનિષ્ટની પ્રાપ્તિ થાય છે. આથી જે વક્તા દેશાદિ અને પુરુષાદિના જ્ઞાનવાળા નથી, તેવા મંદ વક્તાનો નિગ્રહ વ્યક્ત છે અર્થાત્ તેવા વક્તા દેશનાના અનધિકારી છે, એ રૂપ નિગ્રહ વ્યક્ત છે.

વળી નંદિ-આવશ્યકાદિમાં 'આ પુરુષ કોણ છે?' ઇત્યાદિ વચન દ્વારા ઉપદેશ સાંભળવા આવેલા પુરુષોના સ્વરૂપનું વર્ણન કર્યું છે. તેનાથી પણ નક્કી થાય છે કે જે વક્તાને પુરુષાદિનું જ્ઞાન નથી, તે વક્તા અનુગ્રહબુદ્ધિથી ધર્મોપદેશ આપે તોપણ તેનો નિગ્રહ વ્યક્ત છે.

વળી નંદિ-આવશ્યકાદિમાં પર્ષદાનો વિવેક બતાવેલ હોવાથી પણ દેશાદિ અને પુરુષાદિને નહીં જાણનારા એવા મંદ વક્તાનો નિગ્રહ વ્યક્ત છે.

અહીં પ્રશ્ન થાય કે વક્તા અનુગ્રહબુદ્ધિથી શાસ્ત્રના અર્થોનો ઉપદેશ આપે છે, પરંતુ દેશાદિ-પુરુષાદિને જાણતો નથી, તેને કર્મબંધની પ્રાપ્તિ થાય છે, તેમ સ્વીકારીએ, તો આચારાંગસૂત્રમાં કહ્યું છે કે 'જે પુણ્યશાળીને કહેવું જોઈએ તે તુચ્છને કહેવું જોઈએ', તે વચન કઈ રીતે સંગત થાય ? કેમ કે તે વચન પ્રમાણે તો દેશના આપનાર વક્તાએ પુરુષાદિનો ભેદ કરવો જોઈએ નહીં, એવો અર્થ ફલિત થાય. તે પ્રકારની શંકામાં કહે છે –

'ધર્મવ્યાખ્યાન વખતે સાધુએ નિરીહતા માત્રમાં યત્ન કરવો જોઈએ,' તે બતાવવા અર્થે અવતરણિકામાં કહેલ આચારાંગસૂત્ર છે અર્થાત્ 'પુણ્યશાળી શ્રોતા પ્રતિ પક્ષપાત રાખવો અને સામાન્ય શ્રોતા પ્રતિ ઉપેક્ષા કરવી તે ઉચિત નથી;' પરંતુ પુણ્યશાળી કે સામાન્ય શ્રોતા પ્રતિ મધ્યસ્થભાવ રાખીને ઉપદેશ આપવો જોઈએ, તે બતાવવા અર્થે આચારાંગસૂત્ર છે; પરંતુ કયા શ્રોતામાં કેવી યોગ્યતા છે ઇત્યાદિ વિચારનો નિષેધ આચારાંગસૂત્રથી થતો નથી. માટે ઉપદેશકે શ્રોતાની યોગ્યતા નક્કી કરવા અર્થે 'આ શ્રોતા બાલ છે, મધ્યમ છે કે પ્રાજ્ઞ છે' તેનો વિચાર અવશ્ય કરવો જોઈએ; અને તેની પુષ્ટિ કરવા અર્થે કહે છે કે રાજાદિના અભિપ્રાયના અનનુસરણમાં પ્રગટ દોષનું વર્ણન આચારાંગસૂત્રમાં કર્યું છે, અને ત્યારપછી તરત જ પુરુષાદિના પરિજ્ઞાનવાળા વક્તાને દેશનાના અધિકારી કહ્યા છે. તેથી આચારાંગસૂત્ર દેશાદિ પરિજ્ઞાન વગરના ઉપદેશકને ઉપદેશથી નિર્જરા થાય છે, તેમ બતાવતું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ રીતે આચારાંગસૂત્રના વચનથી પણ દેશાદિ અને પુરુષાદિને જાણનાર વક્તાને જ અનુગ્રહબુદ્ધિથી ધર્મ થાય છે, એમ ફલિત થાય છે. વળી તેની પુષ્ટિ કરવા માટે કહે છે કે જો ઉપદેશકને માત્ર અનુગ્રહબુદ્ધિથી ધર્મોપદેશ આપવામાં નિર્જરા થતી હોય તો પુરુષાદિના પરિજ્ઞાનની અનાવશ્યકતા છે, તેમ ફલિત થાય, અને તેમ સ્વીકારીએ તો તે તે શાસ્ત્રોમાં પર્ષદાદિના ગુણદોષનું વર્ણન છે તે વ્યર્થ સિદ્ધ થાય; અને આગમમાં પર્ષદાદિના ગુણદોષનું વર્ણન છે, માટે પણ ઉપદેશકે પર્ષદાને જાણીને તેની યોગ્યતાનુસાર ઉપદેશ આપવો જોઈએ, અન્યથા કર્મબંધની પ્રાપ્તિ થાય. **॥૪॥**

**અવતરણિકા :-**

**પ્રથમ શ્લોકમાં બતાવ્યું કે સાધુએ બાલાદિની અપેક્ષાએ ક્લેશનો નાશ કરનારી દેશના આપવી જોઈએ. ત્યારપછી શ્લોક-૨માં કહ્યું કે બાલાદિની અપેક્ષા રાખ્યા વિના દેશના આપે તો સાધુની તે દેશનાની પ્રવૃત્તિ કુશીલતારૂપ સિદ્ધ થાય. ત્યાં શંકા થઈ કે વાચકવચન પ્રમાણે અનુગ્રહબુદ્ધિથી ઉપદેશ આપનારને એકાંતે નિર્જરા થાય છે, તેથી બાલાદિની અપેક્ષા રાખીને દેશના આપવી જોઈએ, તેવો અર્થ સંગત થતો નથી. તેનું સ્પષ્ટીકરણ શ્લોક-૩-૪માં કરીને સ્થાપન કર્યું કે દેશાદિ અને પુરુષાદિ જાણનાર પુરુષને આશ્રયીને અનુગ્રહબુદ્ધિથી અપાતી દેશનાથી એકાંતે નિર્જરા થાય છે. હવે જેઓ પુરુષાદિને જાણનારા નથી અને દેશના આપે છે, તેઓ કેવો અનર્થ ઉત્પન્ન કરે છે? તે બતાવે છે –**

**શ્લોક :-**

**अज्ञातवाग्विवेकानां पण्डितत्वाभिमानिनाम् ।**
**विषं यद्वर्तते वाचि मुखे नाशीविषस्य तत् ।।५।।**

**અન્વયાર્થ :-**

**अज्ञातवाग्विवेकानाम्=અજ્ઞાત છે વાણીનો વિવેક જેમને એવા पण्डितत्वाभिमानिनाम्=પંડિતપણાના અભિમાનવાળા સાધુની वाचि=વાણીમાં यद्=જે विषं वर्तते=વિષ વર્તે છે तत्=તે વિષ आशीविषस्य=સર્પના मुखे न=મુખમાં નથી. ।।૫।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોકાર્થ :-**

**અજ્ઞાત છે વાણીનો વિવેક જેમને એવા પંડિતપણાના અભિમાનવાળા સાધુની વાણીમાં જે વિષ વર્તે છે, તે વિષ સર્પના મુખમાં નથી. ।।૫।।**

**ટીકા :-**

अज्ञातेति-अज्ञातो वाग्विवेकः शुद्धाशुद्धयोग्यायोग्यविषयत्वादिरूपो यैस्तेषां, पण्डितत्वाभिमानिनां, वाचि=भाषायां, विषं यन्मिथ्यात्वरूपं वर्तते तदाशीविषस्य= व्यालस्य मुखे न, अनेकजन्मदुःखदं ह्येकमन्यच्चैकजन्मदुःखदमेवेति ।।५।।

**ટીકાર્થ :-**

શુદ્ધાશુદ્ધ, યોગ્યાયોગ્ય વિષયત્વાદિરૂપ વાણીનો વિવેક=આ દેશનાનો વિષય શુદ્ધ છે કે અશુદ્ધ છે, અને દેશનાના વિષયભૂત શ્રોતા યોગ્ય છે કે અયોગ્ય છે, એ રૂપ વાણીનો વિવેક, નથી જણાયો જેઓ વડે, તેવા પંડિતપણાના અભિમાનવાળા સાધુની વાણીમાં=ભાષામાં, જે મિથ્યાત્વરૂપ વિષ વર્તે છે, તે સર્પના મુખમાં નથી; કેમ કે એક=સાધુની વાણીમાં રહેલું વિષ, અનેક જન્મના દુ:ખને આપનારું છે, અને અન્ય=સર્પના મુખમાં રહેલું વિષ, એક જન્મના દુ:ખને જ આપનારું છે. ।।૫।।

**ભાવાર્થ :-**

**વાણીના વિવેક વગરના ઉપદેશથી શ્રોતાને અનર્થની પ્રાપ્તિ :-**

યોગ્ય શ્રોતાને યોગમાર્ગની પ્રાપ્તિ કરાવવા અર્થે શ્રોતાની ભૂમિકાને અનુરૂપ કઈ દેશના શુદ્ધ છે ? અને કઈ દેશના અશુદ્ધ છે ? અર્થાત્ પ્રાથમિક ભૂમિકાની, દેશવિરતિની કે સર્વવિરતિની કઈ દેશના 'આ શ્રોતાને હિતકારી છે, માટે શુદ્ધ છે ?' અને તેનાથી વિપરીત પ્રકારની કઈ દેશના 'આ શ્રોતાને હિતકારી નથી, માટે અશુદ્ધ છે ?' તેનું ઉપદેશકને જ્ઞાન આવશ્યક છે. વળી જે શ્રોતા જે દેશનાને યોગ્ય હોય તે શ્રોતાને તે દેશના આપવી જોઈએ. તેથી તે યોગ્યતાનો નિર્ણય કરવા અર્થે આ શ્રોતા બાલ છે, મધ્યમ છે કે પ્રાજ્ઞ છે, તેનો પણ વિચાર ઉપદેશકને આવશ્યક છે; કેમ કે બાલાદિનો નિર્ણય કરીને ઉચિત દેશના આપવામાં આવે તો તેઓનું હિત થાય છે, અને વિપરીત દેશનાથી અહિત થાય છે. તેથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમ શ્રોતાની ભૂમિકા પ્રમાણે દેશનાના વિવેકની આવશ્યકતા છે, તેમ શ્રોતાની બુદ્ધિની પક્વતાના ભેદથી પણ દેશનાના ભેદની આવશ્યકતા છે; અને જે વક્તાને શુદ્ધાશુદ્ધ, યોગ્યાયોગ્ય વિષયત્વાદિરૂપ વાણીનો વિવેક નથી, અને માત્ર શાસ્ત્રો ભણીને પોતે શાસ્ત્રો સમજાવી શકે છે એવું પંડિતપણાનું અભિમાન છે, એવા સાધુની વાણીમાં મિથ્યાત્વરૂપ વિષ વર્તે છે, જે સર્પના મુખમાં પણ નથી; કેમ કે સર્પના મુખમાં રહેલું વિષ પુદ્ગલાત્મક છે, જેથી સર્પ જેને ડંસ આપે તેને એક ભવના મૃત્યુની પ્રાપ્તિ થાય, જ્યારે સાધુની વાણીમાં વર્તતું વિપર્યાસરૂપ વિષ, શ્રોતાની બુદ્ધિનો વિપર્યાસ કરાવીને શ્રોતાઓને સન્માર્ગથી દૂર કરીને દુરંત સંસારના પરિભ્રમણનું કારણ બને છે. તેથી અનેક જન્મોના દુઃખને દેનારું બને છે. **॥૫॥**

**અવતરણિકા :-**

**बालादीनां लक्षणमाह –**

**અવતરણિકાર્થ :-**

**બાલાદિનાં લક્ષણોને કહે છે –**

**ભાવાર્થ :-**

બાલાદિની અપેક્ષાએ ક્લેશનો નાશ કરનારી દેશના આપવી જોઈએ, એમ શ્લોક-૧માં કહ્યું, અને તેનાથી વિપરીત દેશના શ્રોતાના અહિતને કરનારી છે, તેમ શ્લોક-૫ સુધી સ્થાપન કર્યું. તેથી ઉપદેશકે બાલાદિના સ્વરૂપનું જ્ઞાન કરીને તે પ્રમાણે દેશના આપવી જોઈએ, એમ ફલિત થાય. તેથી ઉપદેશક માટે બાલાદિના સ્વરૂપનું જ્ઞાન આવશ્યક છે. માટે હવે બાલાદિનાં લક્ષણો બતાવે છે –

**શ્લોક :-**

**तत्र बालो रतो लिङ्गे वृत्तान्वेषी तु मध्यमः ।**
**पण्डितः सर्वयत्नेन शास्त्रतत्त्वं परीक्षते ।।६।।**

**અન્વયાર્થ :-**

**तत्र=ત્યાં=તે બાલાદિ શ્રોતાઓ મધ્યે लिङ्गे रतः=લિંગમાં રત=લિંગમાત્રમાં રત बालः=બાલ तु=વળી वृत्तान्वेषी=આચારને શોધનાર=આચારના પ્રાધાન્યની**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અપેક્ષાવાળા मध्यमः=મધ્યમ છે पण्डितः=પંડિત सर्वयत्नेन=સર્વ યત્નથી शास्त्रतत्त्वं=શાસ્ત્રના તત્ત્વને परीक्षते=પરીક્ષા કરે છે. ॥૬॥

**શ્લોકાર્થ :-**

**તે બાલાદિ શ્રોતાઓ મધ્યે જે લિંગમાં રત છે તે બાલ છે, વળી આચારને શોધનાર મધ્યમ છે, જ્યારે પંડિત સર્વ યત્નથી શાસ્ત્રતત્ત્વની પરીક્ષા કરે છે. ॥૬॥**

**ટીકા :-**

तत्रेति-तत्र तेषु=बालादिषु मध्ये, लिङ्गे=लिङ्गमात्रे, रतो बालः, लिङ्गमात्रप्राधान्यापेक्षयाऽसदारम्भत्वात्, वृत्तान्वेषी तु=वृत्तप्राधान्यापेक्षी तु मध्यमः, बालापेक्षया मध्यमाचारत्वात्, यस्तु सर्वयत्नेन शास्त्रतत्त्वं परीक्षते स पण्डितः, तत्त्वतस्तस्य मार्गानुसारितयोत्कृष्टाचारत्वात् ॥६॥

**ટીકાર્થ :-**

तेषु ..... मार्गानुसारितयोत्कृष्टाचारत्वात् ॥ **ત્યાં=તે બાલાદિ શ્રોતાઓ મધ્યે, લિંગમાં=લિંગમાત્રમાં રત બાલ છે=અવિવેકી છે.**

અહીં પ્રશ્ન થાય કે લિંગમાત્રમાં રત હોય તેને બાલ કેમ કહ્યો ? તેમાં હેતુ કહે છે –

**લિંગમાત્રમાં પ્રાધાન્યની અપેક્ષા હોવાને કારણે અસદ્ આરંભપણું છે= બાહ્ય આચરણામાત્રમાં પ્રધાનપણે અપેક્ષા હોવાને કારણે બાલાદિનું અસદારંભપણું છે.**

**વળી વૃત્તાન્વેષી=વળી આચારના પ્રાધાન્યની અપેક્ષાવાળા, મધ્યમ છે; કેમ કે બાલની અપેક્ષાએ મધ્યમ આચારપણું છે=બાલનો સ્થૂળ આચાર છે અને મધ્યમનો મધ્યમ આચાર છે.**

**વળી જે સર્વ યત્નથી શાસ્ત્રની પરીક્ષા કરે છે તે પંડિત છે.**

અહીં પ્રશ્ન થાય કે સર્વ યત્નથી શાસ્ત્રની પરીક્ષા કરે છે, તેને પંડિત અર્થાત્ બુદ્ધિમાન કેમ કહ્યો ? તેથી હેતુ કહે છે –

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**તત્ત્વથી=પરમાર્થથી, તેનું=પંડિતનું, માર્ગાનુસારીપણું હોવાને કારણે ઉત્કૃષ્ટ આચારપણું છે. ॥૬॥**

**ભાવાર્થ :-**

**બાલ, મધ્યમ અને પંડિત શ્રોતાનું સ્વરૂપ :-**

આત્મકલ્યાણ અર્થે તત્ત્વ સાંભળવાને અભિમુખ થયેલા જીવો ત્રણ પ્રકારના હોય છે : (૧) બાલ, (૨) મધ્યમ અને (૩) પંડિત.

**(૧) બાલ :-** બાલ જીવો સ્થૂલ બુદ્ધિવાળા હોય છે. તેઓ ધર્મની પ્રવૃત્તિ કરતી વખતે બાહ્ય સ્થૂળ આચારમાત્રમાં રત રહેનારા હોય છે અર્થાત્ બાહ્ય તપની, ત્યાગની, સ્વાધ્યાયાદિની ઉચિત પ્રવૃત્તિમાં રત રહેનારા હોય છે, અને તેઓ સદ્ધર્માનુષ્ઠાનની પ્રવૃત્તિ કરતા હોવા છતાં બાલ છે=અવિવેકી છે; કેમ કે બાહ્ય આચારરૂપ લિંગમાત્રમાં પ્રધાનપણું હોવાને કારણે તેઓ અસદ્ આરંભવાળા છે અર્થાત્ માત્ર બાહ્ય ક્રિયાઓ કરીને સંતોષ માનનારા છે, પરંતુ તે ક્રિયાઓ દ્વારા ચિત્તશુદ્ધિને=આત્મશુદ્ધિને, અનુરૂપ ઉચિત વિવેકવાળા નથી, માટે તેઓ અસદારંભવાળા છે.

**(૨) મધ્યમ :-** બાલ જીવો જેમ આત્મકલ્યાણની વૃત્તિથી બાહ્ય તપ-ત્યાગાદિના આચારો સેવવા પ્રત્યે અભિમુખ થયા છે, છતાં અવિવેકને કારણે પરિણામની શુદ્ધિ કરી શકતા નથી; તેમ મધ્યમ જીવો પણ આત્મકલ્યાણની વૃત્તિથી બાહ્ય તપ, ત્યાગ, સ્વાધ્યાયાદિ આચારો સેવે છે, પરંતુ તેઓ આચારો સાથે કંઈક પરિણામને પણ જોનારા છે. 'મારો આ આચાર કેવા પ્રકારની શુદ્ધિને કરનારો છે ?' તેવા વૃત્તનું અન્વેષણ કરનારા છે. તેથી આચારોની સુંદરતાની અપેક્ષા રાખનારા હોવાથી મધ્યમ છે; કેમ કે બાલની અપેક્ષાએ મધ્યમ આચાર પાળનારા છે અર્થાત્ બાલ જીવો માત્ર સ્થૂળ તપ-ત્યાગાદિના આચારો પાળે છે, તેના કરતાં કંઈક પરિણામને જોનારા સુંદર આચારો પાળનારા મધ્યમ પ્રકૃતિવાળા જીવો છે, છતાં તેઓમાં તત્ત્વદૃષ્ટિનો હજી અભાવ છે.

**(૩) પંડિત :-** વળી જેઓ બુદ્ધિમાન છે તેઓ માત્ર બાહ્ય આચારો કે બાહ્ય આચારોમાં અપેક્ષિત સુંદર ભાવો માત્રથી સંતોષ પામતા નથી, પરંતુ પોતાની સર્વ શક્તિથી શાસ્ત્રતત્ત્વની પરીક્ષા કરે છે; અને જે શાસ્ત્રવચનો કષ, છેદ અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તાપથી શુદ્ધ જણાય છે, તે શાસ્ત્રવચનોને અનુસારે સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે. આવા જીવો પંડિત છે; કેમ કે પંડિત પુરુષો માર્ગાનુસારી બુદ્ધિવાળા હોવાથી બાલ અને મધ્યમ કરતાં ઉત્કૃષ્ટ આચારવાળા છે, અર્થાત્ તત્ત્વદૃષ્ટિવાળા છે.

આશય એ છે કે બાલ, મધ્યમ અને પંડિત ત્રણે કલ્યાણના અર્થે ધર્મની પ્રવૃત્તિઓ કરતા હોય છે, છતાં :

(૧) **બાલ જીવો** સ્થૂલ બુદ્ધિવાળા હોવાથી માત્ર બાહ્ય ક્રિયાઓમાં ધર્મબુદ્ધિને ધારણ કરનારા હોય છે, પરંતુ તે ક્રિયાઓની સૂક્ષ્મ યતના પ્રતિ ઉપેક્ષાવાળા હોય છે, માટે તેઓ બાલ છે.

(૨) વળી **મધ્યમ જીવો** કંઈક વિવેકવાળા હોવાથી જે બાહ્ય આચારો પાળે છે, તે આચારોની શાસ્ત્રવચન અનુસાર સૂક્ષ્મ યતનામાં પ્રયત્નવાળા હોય છે, આમ છતાં સર્વ યત્નથી શાસ્ત્રતત્ત્વની પરીક્ષા કરનારા હોતા નથી, તેથી તેઓની પ્રવૃત્તિ પૂર્ણ વિવેકવાળી નથી; તોપણ બાલની અપેક્ષાએ કંઈક વિવેકવાળી આચારની પ્રવૃત્તિ છે, માટે તેઓ મધ્યમ છે.

(૩) વળી **બુદ્ધિમાન પુરુષો** મહાપ્રજ્ઞાવાળા હોવાથી ઉત્કૃષ્ટ આચારવાળા છે, તેથી સર્વ યત્નથી શાસ્ત્રતત્ત્વની પરીક્ષા કરે છે; કેમ કે તેઓ જાણે છે કે સર્વ શાસ્ત્રો મોક્ષના અર્થે છે અને શાસ્ત્રમાં બતાવાયેલી તપ-ત્યાગાદિ પ્રવૃત્તિ પણ મોક્ષના અર્થે છે. વળી તેઓ શાસ્ત્રમાં બતાવાયેલી તપ-ત્યાગાદિની પ્રવૃત્તિ કઈ રીતે કરવાથી મોક્ષનું કારણ બને ? તે જાણવા માટે સર્વ યત્નથી ઉદ્યમ કરે છે, અને શાસ્ત્રાનુસારે સેવવા માટે પણ સર્વ યત્નથી ઉદ્યમ કરે છે. આવા બુદ્ધિમાન પુરુષોથી કરાતું શાસ્ત્રાનુસારી અનુષ્ઠાન સાક્ષાત્ કે પરંપરાએ અસંગભાવનું કારણ બને છે. વળી આવા બુદ્ધિમાન પુરુષો સ્વશક્તિનું સમાલોચન કરીને ગુરુ-લાઘવની ચિંતાપૂર્વક અનુષ્ઠાન સેવે છે અર્થાત્ 'આ અનુષ્ઠાન આ રીતે સેવવાથી મહાફળ આપશે અને આ રીતે સેવવાથી લઘુતાને કરશે.' એ પ્રકારની ચિંતાપૂર્વક, જે અનુષ્ઠાન સેવવામાં પોતાની શક્તિ હોય તે અનુષ્ઠાનને ઉચિત રીતે સેવીને ઉત્તર ઉત્તરની ભૂમિકાને પ્રાપ્ત કરે છે. આ રીતે બુદ્ધિમાન પુરુષો સર્વ શાસ્ત્રની પરીક્ષા કરીને સ્વભૂમિકા અનુસાર આચારો સેવવામાં ઉદ્યમ કરે છે, તેથી તેઓ ઉત્કૃષ્ટ આચારવાળા છે, માટે તેઓ પંડિત છે. **॥૬॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

પૂર્વશ્લોક-૬માં કહ્યું કે લિંગમાત્રમાં રત બાલ છે અને લિંગમાત્રમાં રત હોવાને કારણે બાલ અસદ્આરંભવાળા છે. તેઓ અસદ્આરંભવાળા કેમ છે ? તે હવે સ્પષ્ટ કરે છે –

**શ્લોક :-**

**गृहत्यागादिकं लिङ्गं बाह्यं शुद्धिं विना वृथा ।**
**न भेषजं विनारोग्यं वैद्यवेषेण रोगिणः ।।७।।**

**અન્વયાર્થ :-**

बाह्यं गृहत्यागादिकं लिङ्गं=બાહ્ય એવાં ગૃહત્યાગાદિક લિંગ शुद्धिं विना=અંતઃતત્ત્વના વિવેક વિના वृथा=નિરર્થક છે, भेषजं विना=ઔષધ વિના वैद्यवेषेण=વૈદ્યના વેશથી रोगिणः=રોગીને आरोग्यं न=આરોગ્ય નથી=આરોગ્ય પ્રાપ્ત થતું નથી. ।।૭।।

**શ્લોકાર્થ :-**

**બાહ્ય એવાં ગૃહત્યાગાદિક લિંગ અંતઃતત્ત્વના વિવેક વિના નિરર્થક છે, ઔષધ વિના વૈદ્યના વેશથી રોગીને આરોગ્ય નથી=આરોગ્ય પ્રાપ્ત થતું નથી. ।।૭।।**

❖ 'गृहत्यागादिकं' - અહીં 'आदि'થી તપ-ત્યાગાદિ બાહ્ય આચરણાઓનું ગ્રહણ કરવું.

**ટીકા :-**

गृहेति-गृहत्यागादिकं बाह्यं=बहिर्वर्ति लिङ्गं, शुद्धिं विना=अन्तस्तत्त्वविवेकमन्तरा, वृथा=निरर्थकं, न हि रोगिणो भेषजोपयोगं विना वैद्यवेषधारणमात्रेणारोग्यं भवति, अत एवैतत्परैरपि मिथ्याचारफलमुच्यते, तल्लक्षणं चेदं -

"बाह्येन्द्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् ।
इन्द्रियार्थान् विमूढात्मा मिथ्याचारः स उच्यते" ।। **इति** ।।७।।

**ટીકાર્થ :-**

गृहत्यागादिकं ..... स उच्यते" इति ।। ગૃહત્યાગાદિ બાહ્ય=બહિર્વર્તિ લિંગ, શુદ્ધિ વિના=અંતઃતત્ત્વના વિવેક વિના, વૃથા છે=નિરર્થક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બહિર્લિંગ અંતઃશુદ્ધિ વિના નિરર્થક છે, તે દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

**જેમ ઔષધના ઉપયોગ વિના વૈદ્યના વેશધારણમાત્રથી રોગીને આરોગ્ય થતું નથી જ, આથી જ પર વડે પણ, મિથ્યા આચાર છે ફળ જેને એવો આ=બાહ્ય ત્યાગ કહેવાયો છે; અને તેનું લક્ષણ આ છે=પર વડે કહેવાયું છે, તેનું સ્વરૂપ આ છે –**

"બાહ્ય ઇન્દ્રિયોનો સંયમ કરીને ઇન્દ્રિયના અર્થોને મનથી સ્મરણ કરતો જે રહે છે, તે વિમૂઢાત્મા મિથ્યાચારવાળો કહેવાય છે." **(ભગવદ્ગીતા-૩/૬)**

**'इति' શબ્દ ભગવદ્ગીતાના ઉદ્ધરણની સમાપ્તિમાં છે. ॥૭॥**

❖ 'परैरपि' - અહીં 'अपि'થી એ કહેવું છે કે અંતઃતત્ત્વના વિવેક વિના બાહ્ય ત્યાગ વૃથા છે, તેમ ગ્રંથકારશ્રી વડે તો કહેવાયું છે, પરંતુ અન્ય વડે પણ બાહ્યત્યાગને મિથ્યાચાર ફળવાળો કહેવાયો છે.

**ભાવાર્થ :-**

**બાહ્ય આચરણામાત્રને ધર્મરૂપે સ્વીકારવાની બાલની અવિવેકવાળી દૃષ્ટિ :-**

જેમ કોઈ રોગી પુરુષ ઔષધના સેવન વિના વૈદ્યના વેશમાત્રને ધારણ કરે, એટલામાત્રથી આરોગ્ય પ્રાપ્ત થતું નથી; તેમ ઘરનો ત્યાગ, સંયમગ્રહણની ક્રિયા કે સંયમની બાહ્ય આચરણાઓ રૂપ લિંગમાત્ર ગ્રહણ કરવામાં આવે, અને તે ક્રિયાઓ દ્વારા અંતઃતત્ત્વના વિવેક માટે યત્ન ન કરવામાં આવે અર્થાત્ તે તે ક્રિયાથી અપેક્ષિત આત્માની શુદ્ધિ માટે યત્ન ન કરવામાં આવે, તો તે ગૃહત્યાગાદિ વ્યર્થ છે. આથી બીજાઓ વડે પણ આ બાહ્ય ત્યાગને મિથ્યાચારના ફળવાળો કહેવાયો છે અર્થાત્ આ બાહ્યત્યાગનું ફળ મિથ્યાચારનું સેવન છે.

અહીં વિશેષ એ છે કે વૈદ્યના વેશના ધારણસ્થાનીય=પહેરવાસ્થાનીય, બાહ્યક્રિયાઓ છે. ઔષધસેવનસ્થાનીય તે ક્રિયાઓને અવલંબીને કરાતી અંતરંગ શુદ્ધિ છે; કેમ કે વૈદ્યનો વેશ ધારણ કરેલ હોય તે પુરુષ ઉચિત ઔષધ આપે છે, તે ઔષધના સેવનથી રોગ મટે છે. તેમ બાહ્ય સાધુના આચારો વૈદ્યના વેશસ્થાનીય છે અને તે આચારો જે પ્રકારની અંતરંગ આચરણા કરવાનું કહે છે તે પ્રકારની યતના કરવામાં આવે તો તે વૈદ્યથી અપાયેલા ઔષધનું સેવન થાય છે તેથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેઓ યતનાપૂર્વક બાહ્યક્રિયાઓ કરતા હોય તેઓની તે ક્રિયાઓથી ઔષધની પ્રાપ્તિતુલ્ય અંતરંગ ભાવો થાય છે, જે ભાવોના સંસ્કારો આત્મા ઉપર પડવાથી આત્મામાં મોહના સંસ્કારો ઘટે છે, તેથી રોગ મટે છે. માટે જેઓ અંતરંગ શુદ્ધિ માટે યતના કરતા નથી, પણ માત્ર બાહ્ય આચારો પાળે છે, તેઓના તે બાહ્ય આચારો અસદ્આરંભરૂપ છે, અને જે જીવો ધર્મબુદ્ધિથી આવો અસદ્આરંભ કરવામાં રત છે, તેઓને બાલ કહેલ છે અર્થાત્ અવિવેકી કહેલ છે; કેમ કે તે બાલ જીવો વૈદ્યના વેશના ધારણતુલ્ય બાહ્યક્રિયાઓ કરે છે, પરંતુ વિવેક નહીં હોવાથી કરાતી બાહ્યક્રિયા દ્વારા ઔષધસેવનતુલ્ય અંતરંગ યતના કરતા નથી. તેથી તેમનો ભાવવ્યાધિ મટતો નથી. **॥૭॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૫-૬માં બાલ, મધ્યમ અને પંડિતનું સ્વરૂપ બતાવ્યું. ત્યારપછી બાલ જીવો વડે ધર્મબુદ્ધિથી કરાતો બાહ્ય ત્યાગ અસદ્આરંભરૂપ છે, તેમ શ્લોક-૭માં યુક્તિથી સ્થાપન કર્યું. હવે મધ્યમ જીવોના આચારો પણ અવિવેકવાળા હોવાથી ત્યાજ્ય છે, તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**गुरुदोषकृतां वृत्तमपि त्याज्यं लघुत्यजाम् ।**
**जाड्यत्यागाय पतनं ज्वलति ज्वलने यथा ।।८।।**

**અન્વયાર્થ :-**

यथा=જેમ जाड्यत्यागाय=ઠંડીના ત્યાગ માટે ज्वलति ज्वलने=બળતા અગ્નિમાં पतनं=પડવું ત્યાજ્ય છે, તેમ लघुत्यजामपि=નાના દોષનો ત્યાગ કરનારા પણ गुरुदोषकृतां=મોટા દોષને કરનારાઓનું वृत्तम्=આચરણ त्याज्यं=ત્યાજ્ય છે. ।।૮।।

**શ્લોકાર્થ :-**

**જેમ ઠંડીના ત્યાગ માટે બળતા અગ્નિમાં પડવું ત્યાજ્ય છે, તેમ નાના દોષનો ત્યાગ કરનારા, પણ મોટા દોષને કરનારાઓનું આચરણ ત્યાજ્ય છે. ।।૮।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકા :-**

**गुर्विति-वृत्तं खलु असदारम्भनिवृत्तिमदनुष्ठानं, तच्च कार्ये हेतूपचारेण यच्चारित्रमुच्यते तत्क्षायोपशमिकत्वाच्छुद्धमेव, यत्तु कीर्त्याद्यर्थं तद्वदाभासते तल्लघुत्यजामपि=सूक्ष्मदोषाकरणयत्नवतामपि, गुरून् दोषान् प्रवचनोपघातकारिणः कुर्वन्ति ये तेषां सम्बन्धि त्याज्यं यथा जाड्यत्यागाय= अङ्गशैत्यापनयनाय ज्वलति ज्वलने पतनम् ।।८।।**

**ટીકાર્થ :-**

**वृत्तं खलु ..... पतनम् ।।** શ્લોકમાં બતાવેલ 'વૃત્ત' શબ્દનો અર્થ સ્પષ્ટ કરે છે –

**વૃત્ત ખરેખર અસદ્આરંભની નિવૃત્તિવાળું અનુષ્ઠાન છે, અને તે= અસદ્આરંભની નિવૃત્તિવાળું અનુષ્ઠાન, કાર્યમાં=ચારિત્રના કાર્યમાં, હેતુના ઉપચારથી=ચારિત્રરૂપ હેતુના ઉપચારથી, જે ચારિત્ર કહેવાય છે, તે=ચારિત્ર શબ્દથી ઉલ્લેખ કરાતું અસદ્આરંભની નિવૃત્તિવાળું અનુષ્ઠાન, ક્ષાયોપશમિકપણું હોવાથી શુદ્ધ જ છે. વળી જે કીર્તિ આદિ માટે તેની જેમ=શુદ્ધની જેમ ભાસે છે, તે ત્યાજ્ય છે=શુદ્ધની જેમ ભાસતું એવું તે અનુષ્ઠાન ત્યાજ્ય છે.**

કોનું તે અનુષ્ઠાન ત્યાજ્ય છે ? તે સ્પષ્ટ કરે છે –

**લઘુદોષનો ત્યાગ કરનારા એવા પણ=સૂક્ષ્મદોષમાં અકરણના યત્નવાળા એવા પણ, પ્રવચનના ઉપઘાતને કરનારા એવા ગુરુદોષ જેઓ કરે છે તેઓ સંબંધી તે અનુષ્ઠાન ત્યાજ્ય છે, એમ અન્વય છે; જે પ્રમાણે જાડ્યના ત્યાગ માટે=અંગની શીતલતાને દૂર કરવા માટે, બળતા અગ્નિમાં પડવું ત્યાજ્ય છે. ।।૮।।**

❖ 'लघुत्यजामपि'='सूक्ष्मदोषाकरणयत्नवतामपि' - અહીં 'अपि'થી એ કહેવું છે કે સૂક્ષ્મદોષના અકરણમાં યત્નવાળા ન હોય તેવા ગુરુદોષને કરનારાઓનું અનુષ્ઠાન તો ત્યાજ્ય છે જ, પરંતુ સૂક્ષ્મદોષના અકરણમાં યત્નવાળા પણ ગુરુદોષને કરનારા એવા તેઓ સંબંધી તે અનુષ્ઠાન ત્યાજ્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

**ગુરુ-લાઘવ વગરના સૂક્ષ્મ યતનાવાળા આચારમાં ધર્મને જોનારી મધ્યમની અવિવેકવાળી દૃષ્ટિ :-**

મધ્યમ બુદ્ધિવાળા જીવો વૃત્તના અન્વેષી હોય છે, અને વૃત્ત અસદ્આરંભની નિવૃત્તિવાળું અનુષ્ઠાન છે. આ અસદ્આરંભની નિવૃત્તિવાળું અનુષ્ઠાન જીવમાં વર્તતી ચારિત્રની પરિણતિનું કાર્ય છે, અને ચારિત્રની પરિણતિના કાર્યરૂપ અસદ્આરંભની નિવૃત્તિવાળા અનુષ્ઠાનમાં ચારિત્રરૂપ હેતુના ઉપચારથી તેને ચારિત્ર કહેવાય છે. તેથી ચારિત્રની પરિણતિથી યુક્ત એવું અસદ્આરંભની નિવૃત્તિવાળું અનુષ્ઠાન ક્ષયોપશમભાવવાળું છે, માટે તે અનુષ્ઠાન શુદ્ધ જ છે; પરંતુ જેઓ કીર્તિ આદિ માટે તેવું અનુષ્ઠાન આચરે છે, તે અનુષ્ઠાન શુદ્ધ અનુષ્ઠાન જેવું ભાસે છે, વસ્તુતઃ તે અનુષ્ઠાન શુદ્ધ નથી; અને જે જીવો સંયમના સૂક્ષ્મ દોષોના અકરણમાં યત્નવાળા છે, આમ છતાં ગુરુ-લાઘવનો બોધ નહીં હોવાથી પ્રવચનના ઉપઘાતને કરનારા ગુરુ દોષોને સેવે છે, તેઓનું અસદ્આરંભની નિવૃત્તિવાળું અનુષ્ઠાન પણ કીર્તિ આદિ અર્થક હોવાથી ત્યાજ્ય છે. જેમ ઠંડીના નિવર્તન અર્થે બળતા અગ્નિમાં પડવું ત્યાજ્ય છે, તેમ ગુરુ દોષને કરનારા પુરુષનું સૂક્ષ્મ દોષના નિવારણમાં યતનાવાળું અનુષ્ઠાન ત્યાજ્ય છે.

અહીં વિશેષ એ છે કે જે જીવો કલ્યાણના અર્થી છે અને સંયમાદિની પ્રવૃત્તિ કરે છે, તેઓ પણ જ્યારે સંજ્ઞાને વશ થઈને અનુષ્ઠાન સેવે છે, ત્યારે તેઓનું અનુષ્ઠાન શુદ્ધ બનતું નથી; કેમ કે મોહથી અભિવ્યક્ત થતી ચેતનારૂપ સંજ્ઞાથી તે અનુષ્ઠાન પ્રવર્તે છે; અને તે જીવો જ્યારે ભગવાનના વચનથી વાસિત થઈને સદંતઃકરણપૂર્વક પ્રવૃત્તિ કરે છે, ત્યારે તેઓનું તે અનુષ્ઠાન શુદ્ધ બને છે. અને જે જીવોને સૂક્ષ્મબોધ નથી, આમ છતાં સંયમના આચારોમાં સૂક્ષ્મદોષોને નહીં કરવાના યત્નવાળા છે, છતાં માર્ગાનુસારી બુદ્ધિ નહીં હોવાથી પ્રવચનના ઉપઘાતને કરનારા મોટા દોષો સેવે છે, તેઓનું અસદ્આરંભની નિવૃત્તિવાળું અનુષ્ઠાન પણ ત્યાજ્ય છે. આવા પ્રવચનના ઉપઘાતવાળા અને સૂક્ષ્મદોષોની યતનાવાળા અનુષ્ઠાનને મધ્યમબુદ્ધિ જીવો કલ્યાણનું કારણ માને છે, અને તેવી આચરણાઓ કરે છે; કેમ કે મધ્યમ બુદ્ધિવાળા જીવોને ઉત્સર્ગમાર્ગના આચારોમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અત્યંત રુચિ હોય છે, તેથી તેવા આચારો પાળવા અત્યંત યતના કરે છે. આમ છતાં ગીતાર્થના સાન્નિધ્યમાં રહેવાથી જે ઉચિત પ્રવૃત્તિ થાય છે તેમાં અપવાદથી દોષો સેવવાથી પ્રવચનના ઉપઘાતનો પરિહાર થાય છે, તે મધ્યમબુદ્ધિને રુચતું નથી; કેમ કે ઉત્સર્ગમાર્ગમાં અત્યંત રુચિ હોવાના કારણે લાભાલાભનો વિચાર કરીને ગીતાર્થો જે કરવાનું કહે છે તે તેમને ધર્મરૂપ ભાસતું નથી. તેથી મધ્યમ બુદ્ધિવાળા જીવોએ સ્વીકારેલું અનુષ્ઠાન પણ પરમાર્થથી વિવેકમૂલક નથી. ફક્ત બાલ જીવો જે માત્ર બાહ્ય આચારને ધર્મ માને છે, તેના કરતાં મધ્યમ બુદ્ધિવાળા જીવો કંઈક વિવેકવાળા હોય છે; તેથી શાસ્ત્રમાં બતાવેલ યતનાપૂર્વક અનુષ્ઠાન સેવવાના પરિણામવાળા હોય છે; છતાં બુધપુરુષ જેવી ઉત્સર્ગ-અપવાદમાં સમ્યગ્ યત્ન કરાવે તેવી માર્ગાનુસારી મતિ નથી. **॥૮॥**

**અવતરણિકા :-**

**બાલ, મધ્યમ અને પંડિતનું સ્વરૂપ શ્લોક-૬માં બતાવ્યું. ત્યાર પછી બાલ જે બાહ્ય આચારોમાં રત રહે છે, તે અસદ્આરંભરૂપ છે, માટે તેની આચરણાઓ વિવેકમૂલક નથી, તેમ શ્લોક-૭માં બતાવ્યું. ત્યાર પછી મધ્યમ બુદ્ધિવાળા જીવો જે આચાર પાળે છે, તે સૂક્ષ્મદોષના અકરણના યત્નવાળા હોવા છતાં વિશિષ્ટ માર્ગાનુસારી પ્રજ્ઞા નહીં હોવાને કારણે ગુરુદોષને કરનારા હોવાથી તેના આચારો પણ ત્યાજ્ય છે, એમ શ્લોક-૮માં બતાવ્યું. હવે પંડિત પુરુષો જે સર્વયત્નથી શાસ્ત્રતત્ત્વની પરીક્ષા કરે છે, તેમના આચાર ઉત્કૃષ્ટ આચાર છે. તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**शास्त्रतत्त्वं बुधज्ञेयमुत्सर्गादिसमन्वितम् ।**
**तद् दृष्टेष्टाविरुद्धार्थमैदम्पर्यविशुद्धिमत् ।।९।।**

**અન્વયાર્થ :-**

**उत्सर्गादिसमन्वितम्=ઉત્સર્ગાદિથી સમન્વિત दृष्टेष्टाविरुद्धार्थम्=દષ્ટ-ઈષ્ટ અવિરુદ્ધ અર્થવાળું ऐदम्पर्यविशुद्धिमत्=ઐદંપર્યની વિશુદ્ધિવાળું એવું यद्=જે शास्त्रतत्त्वं=શાસ્ત્રતત્ત્વ છે, तद्=તે बुधज्ञेयं=પંડિત પુરુષથી જ્ઞેય છે. ।।૯।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોકાર્થ :-**

**ઉત્સર્ગથી સમન્વિત, દષ્ટ-ઈષ્ટ-અવિરુદ્ધ અર્થવાળું, ઐદંપર્યની વિશુદ્ધિવાળું એવું જે શાસ્ત્રતત્ત્વ છે, તે પંડિત પુરુષથી જ્ઞેય છે. ।।૯।।**

નોંધ :- શ્લોકમાં 'तद्' શબ્દ છે માટે 'यद्' શબ્દ અધ્યાહાર છે.

**ટીકા :-**

**शास्त्रेति-शास्त्रतत्त्वं बुधज्ञेयं=पण्डितैकगम्यम्, उत्सर्गादिभिः समन्वितम् आदिनाऽपवादनिश्चयव्यवहारादिग्रहः तद् दृष्टेष्टाभ्यां=प्रत्यक्षादिनागमान्तरेण चाविरुद्धार्थं, तथा ऐदम्पर्यविशुद्धिमत्=तात्पर्यतः शुद्धम् ।।९।।**

**ટીકાર્થ:-**

**शास्त्रतत्त्वं ..... शुद्धम् ।। તે શાસ્ત્રતત્ત્વ બુધથી જ્ઞેય છે=પંડિતએકગમ્ય છે, ઉત્સર્ગાદિ સમન્વિત છે. 'आदि'થી અપવાદ, નિશ્ચયનય, વ્યવહારનય આદિનું ગ્રહણ કરવું.**

વળી તે શાસ્ત્રતત્ત્વ કેવું છે ? તે સ્પષ્ટ કરે છે –

**દષ્ટ-ઈષ્ટની સાથે=પ્રત્યક્ષાદિની સાથે અને આગમાન્તરની સાથે, અવિરુદ્ધ અર્થવાળું છે, અને ઐદંપર્યની શુદ્ધિવાળું છે=તાત્પર્યથી શુદ્ધ છે. ।।૯।।**

❖ 'प्रत्यक्षादिनागमान्तरेण' - અહીં 'आदि'થી અનુમાનપ્રમાણનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

**પંડિત-એક-ગમ્ય એવા શાસ્ત્રનું સ્વરૂપ :-**

શાસ્ત્રતત્ત્વ ઉત્સર્ગ-અપવાદ, નિશ્ચય-વ્યવહાર આદિથી યુક્ત છે, અને પ્રત્યક્ષ અને અનુમાનની સાથે અવિરુદ્ધાર્થવાળું છે. વળી આગમાન્તરની સાથે અવિરુદ્ધાર્થવાળું છે અને ઐદમ્પર્યની શુદ્ધિવાળું છે=તાત્પર્યથી સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરાવનાર હોવાથી શુદ્ધ છે; અને આવું શાસ્ત્રતત્ત્વ બુધપુરુષોથી ગમ્ય છે.

આનાથી એ ફલિત થાય કે બાલજીવો પણ શાસ્ત્રને આશ્રયીને પરલોકના હિત અર્થે પ્રવૃત્તિ કરે છે; પરંતુ તેઓમાં કલ્યાણની અર્થિતા હોવા છતાં વિવેક નથી, માત્ર સ્થૂલ આચારોને ધર્મબુદ્ધિથી ગ્રહણ કરીને શાસ્ત્રવચનાનુસાર પ્રવૃત્તિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરે છે. માટે તેમની શાસ્ત્રવચનાનુસાર થતી પ્રવૃત્તિ પણ અવિવેકવાળી છે.

મધ્યમ બુદ્ધિવાળા જીવો પણ શાસ્ત્રવચનને અવલંબીને આત્મહિતાર્થે પ્રવૃત્તિ કરે છે, અને શાસ્ત્રવચનોને અવલંબીને સૂક્ષ્મદોષના પરિહારની યતના પણ કરે છે; આમ છતાં માર્ગાનુસારી બુદ્ધિ નહીં હોવાથી ગુરુલાઘવનું પર્યાલોચન કરી શકતા નથી, તેથી તેઓની શાસ્ત્રને અવલંબીને થતી પ્રવૃત્તિ પણ અવિવેકમૂલક છે.

શાસ્ત્રતત્ત્વ પરમાર્થથી કેવું છે ? તે પ્રસ્તુત શ્લોકમાં બતાવેલ છે, અને તેવું શાસ્ત્રતત્ત્વ બુધપુરુષ સમજી શકે છે. તેથી શાસ્ત્રવચનથી બુધપુરુષની જે પ્રવૃત્તિ થાય છે, તે માર્ગાનુસારી હોવાથી ઉત્કૃષ્ટ આચારરૂપ હોય છે.

અહીં વિશેષ એ છે કે શાસ્ત્રવચન મોક્ષ અર્થે પ્રવૃત્તિ કરવાનું કહે છે, અને મોક્ષને માટે ક્યારેક ઔત્સર્ગિક આચારો ઉપયોગી છે, તો ક્યારેક અપવાદિક આચારો પણ ઉપયોગી છે, અને બુધપુરુષ પોતાની શક્તિનું સમાલોચન કરીને શાસ્ત્રવચનાનુસાર ઉત્સર્ગ-અપવાદનું યથાસ્થાને યોજન કરી શકે છે; જ્યારે મધ્યમ બુદ્ધિવાળા જીવો કે બાલજીવો શાસ્ત્રવચનોને ઉચિત રીતે જોડી શકતા નથી.

વળી તે શાસ્ત્રતત્ત્વ પ્રત્યક્ષથી અને અનુમાનથી દેખાતા પદાર્થો સાથે વિરોધવાળું નથી, અને અન્ય શાસ્ત્રની સાથે પણ વિરોધવાળું નથી, અને તે શાસ્ત્રતત્ત્વ પણ પ્રત્યક્ષથી, અનુમાનથી કે આગમાંતરથી અવિરુદ્ધપણે બુધપુરુષ ઉચિત રીતે જોડી શકે છે; પરંતુ જેઓ તેવા બુધ નથી, તેઓ તે શાસ્ત્રવચનને તે રીતે જોડી શકતા નથી.

વળી, **સંવેગની વૃદ્ધિ દ્વારા અસંગભાવની પ્રાપ્તિ કરાવવી, તે શાસ્ત્રતત્ત્વનું ઐદંપર્ય છે**; અને આવું ઐદંપર્યની વિશુદ્ધિવાળું શાસ્ત્રતત્ત્વ માર્ગાનુસારી બુદ્ધિ હોવાને કારણે બુધપુરુષો યથાર્થ જાણી શકે છે, પરંતુ બાલ અને મધ્યમ જાણી શકતા નથી. તેથી તે ઐદંપર્યને જાણવા માટે પંડિત પુરુષો સર્વ યત્નથી શાસ્ત્રતત્ત્વની પરીક્ષા કરે છે. **॥૯॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૯માં કહ્યું કે શાસ્ત્રતત્ત્વ બુધપુરુષથી જ્ઞેય છે. ત્યાં પ્રશ્ન થાય કે બુધપુરુષ શાસ્ત્રતત્ત્વને કઈ રીતે જાણી શકે ? તેથી કહે છે –**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોક :-**

**श्रुतचिन्तोत्तरोत्पन्नभावनाभाव्यमस्त्यदः ।**
**श्रुतं सर्वानुगाद्वाक्यात्प्रमाणनयवर्जितात् ।।१०।।**
**उत्पन्नमविनष्टं च बीजं कोष्ठगतं यथा ।**
**परस्परविभिन्नोक्तपदार्थविषयं तु न ।।११।।**

**અન્વયાર્થ :-**

श्रुतचिन्तोत्तरोत्पन्नभावनाभाव्यम्=શ્રુત અને ચિન્તાની ઉત્તરમાં અર્થાત્ શ્રુતજ્ઞાન અને ચિન્તાજ્ઞાનની ઉત્તરમાં, ઉત્પન્ન થયેલ ભાવનાથી ભાવ્ય અર્થાત્ ભાવનાજ્ઞાનથી સુગ્રહ તાત્પર્યવાળું अदः=આ=શાસ્ત્રતત્ત્વ अस्ति=છે.

હવે શ્રુતજ્ઞાનનું સ્વરૂપ બતાવે છે –

प्रमाणनयवर्जितात् सर्वानुगाद्वाक्यात्=પ્રમાણનયવર્જિત એવા સર્વાનુગ વાક્યથી અર્થાત્ પ્રમાણનયવર્જિત એવા સર્વશાસ્ત્રની સાથે અવિરોધી નિર્ણીત અર્થવાળા વાક્યથી उत्पन्नं=ઉત્પન્ન થયેલું च=અને यथा कोष्ठगतं बीजं=જે પ્રમાણે કોષ્ઠગત બીજ अविनष्टं=અવિનષ્ટ છે, તે પ્રમાણે અવિનષ્ટ એવું જ્ઞાન, श्रुतं=શ્રુત છે.

तु=વળી परस्परविभिन्नोक्तंपदार्थविषयं न=પરસ્પર ભિન્ન ઉક્ત પદાર્થ વિષયવાળું નથી. ।।૧૦-૧૧।।

**શ્લોકાર્થ :-**

**શ્રુતજ્ઞાન અને ચિન્તાજ્ઞાનની ઉત્તરમાં ઉત્પન્ન થયેલ ભાવનાજ્ઞાનથી સુગ્રહ તાત્પર્યવાળું આ=શાસ્ત્રતત્ત્વ, છે.**

હવે શ્રુતજ્ઞાનનું સ્વરૂપ બતાવે છે –

**પ્રમાણનયવર્જિત એવા સર્વાનુગ વાક્યથી ઉત્પન્ન થયેલું, અને જે પ્રમાણે કોષ્ઠગત બીજ અવિનષ્ટ છે, તે પ્રમાણે અવિનષ્ટ એવું જ્ઞાન શ્રુત છે. વળી પરસ્પર ભિન્ન ઉક્ત પદાર્થ વિષયવાળું નથી. ।।૧૦-૧૧।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકા :-**

**श्रुतेति-श्रुतचिन्ताभ्यामुत्तरोत्पन्ना या भावना तया भाव्यं=सुग्रहतात्पर्यकम्, अदः=शास्त्रतत्त्वमस्ति, तत्र श्रुतं सर्वानुगात्=सर्वशास्त्राविरोधिनिर्णीतार्थात्, वाक्यात् प्रमाणनयवर्जितात्=प्रमाणनयाधिगमरहितात्, पदार्थमात्रावग्रहोत्तरस्य वाक्यार्थस्य कथम्भावाकाङ्क्षागर्भत्वेनेहारूपत्वात्, प्रमाणनयाधिगमयोश्च कृत्स्नैकदेशापायरूपत्वात् ।।१०।।**

**ટીકાર્થ :-**

श्रुतचिन्ताभ्यामु ..... रूपत्वात् ।। **શ્રુત અને ચિન્તા દ્વારા ઉત્તરમાં ઉત્પન્ન થયેલી જે ભાવના, તેનાથી ભાવ્ય=સુગ્રહ તાત્પર્યવાળું, આ=શાસ્ત્રતત્ત્વ છે. ત્યાં=શ્રુત, ચિન્તા અને ભાવનાજ્ઞાનમાં, શ્રુત પ્રમાણનયવર્જિત એવા= પ્રમાણનયના અધિગમરહિત એવા, સર્વને અનુસરનારા=સર્વ શાસ્ત્ર સાથે અવિરોધી નિર્ણીત અર્થવાળા, વાક્યથી ઉત્પન્ન થયેલું જ્ઞાન શ્રુત છે, એમ ઉત્તરના શ્લોક-૧૧ના 'उत्पन्नं' શબ્દ સાથે સંબંધ છે.**

અહીં પ્રશ્ન થાય કે પ્રમાણનયથી વર્જિત અને સર્વાનુગ એવા વાક્યથી ઉત્પન્ન થયેલા જ્ઞાનને શ્રુતજ્ઞાન કેમ કહ્યું ? તેથી કહે છે –

**પદાર્થમાત્રના અવગ્રહના ઉત્તરના વાક્યાર્થનું, કથંભાવઆકાંક્ષાગર્ભપણું હોવાને કારણે ઈહારૂપપણું હોવાથી, અને પ્રમાણનયના અધિગમનું કૃત્સ્ન અને એક દેશનું અપાયરૂપપણું હોવાથી, તે બેના વર્જન અર્થે=કૃત્સ્ન અને એક દેશના અપાયરૂપ વાક્યના, અને કથંભાવઆકાંક્ષાગર્ભસ્વરૂપ ઈહારૂપ વાક્યના વર્જન અર્થે, પ્રમાણનયવર્જિત સર્વાનુગ વાક્યથી ઉત્પન્ન થયેલું જ્ઞાન શ્રુતજ્ઞાન છે, એમ કહેલ છે. ॥૧૦॥**

**ટીકા :-**

**उत्पन्नमिति-उत्पन्नमित्यत्र प्राक्तनपञ्चम्यन्तस्यान्वयः, ज्ञानमिति व्यवहितोत्तर-श्लोकस्थमत्रानुषज्यते, एवमग्रेऽपि, अविनष्टं च यथा कोष्ठगतं बीजम्, परस्पर-विभिन्नोक्ता ये पदार्थास्तद्विषयं तु न, तस्य सन्देहरूपत्वात्, यैस्तु वाच्यार्थमात्र-विषयस्यात्र व्यवच्छेद उच्यते तैर्विशकलितस्यैवायमेष्टव्यः, न तु दीर्घैकोपयोगा-**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नुस्यूतस्य पदवाक्यमहावाक्यैदम्पर्यार्थमूर्तिकस्य, तस्योपदेशपदप्रसिद्धत्वादिति ध्येयम्, यद्वा तत्र स्वतन्त्रसंज्ञाव्यवच्छेद एवेष्यते इति न दोषः ।।११।।

**ટીકાર્થ :-**

**उत्पन्नमित्यत्र ..... इति न दोषः ।। શ્લોક-૧૧ના પ્રારંભમાં 'उत्पन्नं' શબ્દ છે, એમાં પ્રાક્તન પંચમ્યન્તનો અન્વય છે=પૂર્વના શ્લોક-૧૦માં પંચમી અંતવાળા 'प्रमाणनयवर्जितात् सर्वानुगात् वाक्यात्' નો અન્વય છે.**

**વ્યવહિત એવા ઉત્તર શ્લોકમાં 'ज्ञानं' શબ્દ છે, એ અહીં='उत्पन्नं' શબ્દ પછી, અનુસરણ કરાય છે=ઉત્તરના શ્લોક-૧૨ પછીના વ્યવધાનવાળા શ્લોક-૧૩માં રહેલ 'ज्ञानं' શબ્દ 'उत्पन्नं' શબ્દ પછી અનુસરણ કરાય છે. એ પ્રમાણે આગળ પણ=શ્લોક-૧૨માં પણ 'ज्ञानं' શબ્દનો અન્વય કરવો= 'महावाक्यार्थनं ज्ञानं' એ પ્રમાણે અન્વય કરવો.**

આનાથી એ પ્રાપ્ત થાય કે પ્રમાણનયવર્જિત સર્વાનુગ વાક્યથી ઉત્પન્ન થયેલું જ્ઞાન શ્રુત છે. વળી તે શ્રુતજ્ઞાન કેવું છે ? તે સ્પષ્ટ કરે છે –

**અને અવિનષ્ટ છે=જે પ્રમાણે કોષ્ઠગત બીજ અવિનષ્ટ છે. વળી પરસ્પર વિભિન્ન ઉક્ત એવા જે પદાર્થો=ભિન્ન-ભિન્ન માન્યતાથી કહેવાયેલા જે પદાર્થો, તેના વિષયવાળું નથી; કેમ કે તેનું સંદેહરૂપપણું છે.**

પૂર્વમાં શ્રુતજ્ઞાનના સ્વરૂપનું વર્ણન કર્યું. તે વિષયમાં કેટલાક કહે છે કે પદાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદંપર્યાર્થરૂપ ચાર પ્રકારનો બોધ છે, તેમાં પદાર્થ માત્રનો જે બોધ છે, તે શ્રુતજ્ઞાન નથી. તેનું તાત્પર્ય શું છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

**વળી જેઓ વડે વાચ્યાર્થમાત્ર વિષયનો=પદાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદંપર્યાર્થરૂપ જે બોધ છે, તેમાંથી પદાર્થમાત્ર બોધરૂપના વાચ્યાર્થમાત્રના વિષયનો, અહીં=શ્રુતજ્ઞાનમાં, વ્યવચ્છેદ કહેવાય છે, તેઓ વડે વિશકલિતનો જ=પદાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદંપર્યાર્થ સાથે અસંલગ્ન એવા પદાર્થમાત્રનો જ, આ=વ્યવચ્છેદ, સ્વીકારવો જોઈએ, પરંતુ પદાર્થ-વાક્ય-મહાવાક્ય-ઐદંપર્યાર્થમૂર્તિક એવા દીર્ઘ-એક-ઉપયોગ અનુસ્યૂત વાચ્યાર્થનો વ્યવચ્છેદ નહીં=પદ-વાક્ય-મહાવાક્ય-ઐદંપર્યાર્થમૂર્તિક જે દીર્ઘ એક ઉપયોગ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**છે તેની સાથે સંલગ્ન એવા પદાર્થના બોધનો વ્યવચ્છેદ શ્રુતમાં સ્વીકારવો જોઈએ નહીં; કેમ કે તેનું=વાક્ય-મહાવાક્ય-ઐદંપર્યાર્થમૂર્તિક દીર્ઘ-એક-ઉપયોગ સાથે સંલગ્ન એવા પદાર્થના બોધનું, ઉપદેશપદમાં પ્રસિદ્ધપણું છે=શ્રુતરૂપે ઉપદેશપદમાં કથન છે, એ પ્રમાણે જાણવું અથવા ત્યાં=વાચ્યાર્થ-માત્રના વિષયમાં=પદાર્થાદિ ચાર પ્રકારના બોધ અંતર્ગત પદાર્થના બોધમાં, સ્વતંત્રની=સ્વસિદ્ધાંતની, સંજ્ઞાનો વ્યવચ્છેદ જ ઈચ્છાય છે=સ્વતંત્રની શ્રુત, ચિંતા અને ભાવનારૂપ જે સંજ્ઞા છે, તેમાં શ્રુતસંજ્ઞાનો વ્યવચ્છેદ જ ઈચ્છાય છે, એથી દોષ નથી. ।।૧૧।।**

**ભાવાર્થ :-**

**પંડિત-એક-ગમ્ય એવા શાસ્ત્રનું સ્વરૂપ અને શ્રુતજ્ઞાનનું સ્વરૂપ :-**

પૂર્વશ્લોકમાં કહ્યું કે શાસ્ત્રતત્ત્વના પરમાર્થને બુધપુરુષ જાણી શકે છે. તેથી હવે બુધપુરુષ શાસ્ત્રતત્ત્વના પરમાર્થને કઈ રીતે જાણી શકે છે ? તે સ્પષ્ટ કરે છે –

બુધપુરુષ શાસ્ત્રતત્ત્વને પ્રથમ શ્રુતરૂપે જાણે છે, અને ત્યારપછી બુધપુરુષને શ્રુતના બળથી ચિન્તાજ્ઞાન ઉત્પન્ન થાય છે, અને શ્રુત અને ચિન્તાના ઉત્તરમાં ભાવનાજ્ઞાન પ્રગટે છે, અને તે ભાવનાજ્ઞાનથી સુગ્રહ તાત્પર્યવાળું શાસ્ત્રતત્ત્વ છે. એથી બુધપુરુષ સ્વશક્તિ અનુસાર શાસ્ત્રતત્ત્વમાં યત્ન કરે, અને જ્યારે ભાવનાજ્ઞાનથી સંપન્ન બને, ત્યારે શાસ્ત્રતત્ત્વના પરમાર્થને પ્રાપ્ત કરે છે.

અહીં પ્રશ્ન થાય કે શ્રુત, ચિન્તા અને ભાવનાજ્ઞાન શું છે ? તેથી ક્રમસર તે ત્રણે જ્ઞાનોનું સ્વરૂપ બતાવે છે –

શ્રુતજ્ઞાન એ પ્રમાણ-નયના બોધથી રહિત છે; કેમ કે પ્રમાણ-નયનો બોધ ચિન્તાજ્ઞાનમાં હોય છે. વળી શ્રુતજ્ઞાન જેમ પ્રમાણનયથી રહિત એવાં વાક્યોથી થાય છે, તેમ સર્વાનુગ એવા વાક્યથી થાય છે=સર્વ શાસ્ત્રો સાથે અવિરોધીરૂપે નિર્ણીત અર્થવાળાં વાક્યોથી થાય છે. જેમ સર્વ દર્શનશાસ્ત્રો અહિંસાદિને ધર્મ કહે છે, હિંસાદિને ધર્મ કહેતાં નથી. વળી સર્વ દર્શનકારો મોક્ષ અર્થે ધર્મનો ઉપદેશ આપે છે, અને મોક્ષનો ઉપાય સર્વસંગરહિત અવસ્થા છે, તેમ બતાવે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, તેથી મોક્ષના અર્થીએ મોક્ષના ઉપાયભૂત અસંગભાવ, અને અસંગભાવની પ્રાપ્તિના કારણરૂપ અહિંસાદિમાં યત્ન કરવો જોઈએ, તેમ કહે છે. આવા પ્રકારનું, સર્વ શાસ્ત્રો સાથે અવિરોધી, નિર્ણીત અર્થવાળાં વાક્યોથી ઉત્પન્ન થયેલું જ્ઞાન શ્રુતજ્ઞાન છે. તેથી શાસ્ત્રો ભણવા માટે ઉદ્યમ કરનાર બુધપુરુષ સર્વ પ્રથમ સર્વ શાસ્ત્રોને જાણવા યત્ન કરે ત્યારે, સર્વ શાસ્ત્રો સાથે એકવાક્યતાવાળા પદાર્થોનો યથાર્થ બોધ કરે છે.

અહીં પ્રશ્ન થાય કે 'પ્રમાણનયરહિત સર્વાનુગ' એવા વાક્યથી ઉત્પન્ન થનારા જ્ઞાનને શ્રુતજ્ઞાન કેમ કહ્યું ? તેથી ટીકામાં સ્પષ્ટતા કરે છે કે પદાર્થમાત્રના અવગ્રહના ઉત્તરમાં ઉત્પન્ન થતા વાક્યાર્થનું કથંભાવઆકાંક્ષાગર્ભપણું હોવાને કારણે ઈહારૂપપણું છે, અને ઈહારૂપ બોધ નિર્ણીત અર્થવાળો નથી, માટે વાક્યનું વિશેષણ 'સર્વાનુગ' કહેલ છે, જેથી ઈહારૂપ વાક્યનો વ્યવચ્છેદ થાય. તેથી એ ફલિત થાય કે પ્રમાણનયરહિત એવા વાક્યથી થતું જ્ઞાન શ્રુતજ્ઞાન છે, એમ કહેવામાં આવે તો ઈહારૂપ જ્ઞાનને પણ શ્રુતજ્ઞાન કહેવું પડે; પરંતુ ઈહારૂપ જ્ઞાન નિર્ણયરૂપ નથી, તેથી તે શ્રુતજ્ઞાન નથી; કેમ કે શ્રુતજ્ઞાન તો નિર્ણીત અર્થવાળું છે; અને 'सर्वानुगात् वाक्यात्' કહેવાથી બધાં દર્શનોની સાથે અહિંસાદિ પદાર્થો અવિરોધી છે, માટે 'આ વસ્તુ આમ જ છે', એવા નિર્ણયવાળા અર્થને બતાવનારાં વાક્યોથી ઉત્પન્ન થનારું શ્રુતજ્ઞાન છે.

વળી આ શ્રુતજ્ઞાન અવિનષ્ટ છે અર્થાત્ જેમ કોઠારમાં રહેલું બીજ અવિનષ્ટ હોય છે, અને ભૂમિ, જલસિંચનાદિ સામગ્રીને પામીને તે બીજમાંથી અંકુરા આદિ થાય છે, તેમ બુધપુરુષ શાસ્ત્રવચન દ્વારા શ્રુતજ્ઞાનને પ્રાપ્ત કરે છે ત્યારે, તેનું શ્રુતજ્ઞાન અવિનષ્ટ બીજ જેવું હોય છે; અને વિશેષ સામગ્રીને પામીને તેમાંથી ચિન્તાજ્ઞાનને અનુરૂપ અંકુરા પ્રગટે છે, જે ક્રમસર વૃદ્ધિ પામીને પ્રમાણનયના બોધરૂપ ચિન્તાજ્ઞાનનું કારણ બનશે.

વળી આ શ્રુતજ્ઞાન પરસ્પર વિભિન્ન રીતે કહેવાયેલા પદાર્થોના વિષયવાળું નથી અર્થાત્ કોઈક દર્શનકાર આત્માદિ પદાર્થોને ક્ષણિક માને છે, તો કોઈક દર્શનકાર આત્માદિ પદાર્થોને નિત્ય માને છે. આ પ્રકારના પરસ્પર ભિન્નરૂપે કહેવાયેલા જે પદાર્થો છે, તેના વિષયવાળું આ શ્રુતજ્ઞાન નથી; કેમ કે તેવાં વાક્યોથી થતો બોધ સંદેહરૂપ છે, અને શ્રુતજ્ઞાન સંદેહરૂપ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં સંક્ષેપથી એ પ્રાપ્ત થાય કે શ્રુતજ્ઞાન યથાર્થ બોધરૂપ છે, સંદેહરૂપ નથી, અને કથંભાવઆકાંક્ષાગર્ભ ઈહારૂપ પણ નથી, અને તે બોધ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને ચિન્તાજ્ઞાનનું કારણ બને છે; જોકે આ શ્રુતના બોધવાળા જીવોને પણ કેટલાંક શાસ્ત્રવચનોથી કથંભાવઆકાંક્ષારૂપ ઈહા વર્તે છે, પરંતુ તે જ્ઞાનને શ્રુતરૂપે ગ્રહણ કરેલ નથી; અને આવા શ્રુતવાળા પુરુષોને ભિન્ન ભિન્ન માન્યતાઓવાળાં વચનોમાં સંદેહ પણ હોય છે, અને તે સંદેહ તત્ત્વની જિજ્ઞાસાનું કારણ બનતો હોય છે, તોપણ તેને શ્રુત તરીકે ગ્રહણ કરેલ નથી.

'यैस्तु' ..... શ્રુતજ્ઞાનનું સ્વરૂપ પૂર્વમાં બતાવ્યું અને કહ્યું કે તે શ્રુતજ્ઞાન પદાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદંપર્યાર્થના બોધ અંતર્ગત પ્રમાણનયવર્જિત સર્વાનુગ વાક્યથી થનારા બોધસ્વરૂપ છે. આમાં કેટલાક કહે છે કે "તે શ્રુતજ્ઞાનમાં વાચ્યાર્થમાત્ર વિષયવાળો જે બોધ છે, તેનો વ્યવચ્છેદ છે અર્થાત્ કોઈપણ શાસ્ત્રવચનનો બોધ કરતી વખતે શાસ્ત્રવચનનાં પદોથી જે પ્રથમ અર્થબોધ થાય છે, તે પદાર્થબોધરૂપ છે, અને તે પદાર્થબોધરૂપ વાચ્યાર્થમાત્ર વિષયનો શ્રુતજ્ઞાનમાં વ્યવચ્છેદ છે અર્થાત્ તે બોધ શ્રુતજ્ઞાન નથી." તેઓને ગ્રંથકારશ્રી કહે છે કે તેઓએ વિશકલિત અર્થાત્ પદાર્થજ્ઞાનથી ઐદંપર્યાર્થ સુધી ન લઈ જાય એવા પદાર્થના બોધનો શ્રુતજ્ઞાનમાં વ્યવચ્છેદ સ્વીકારવો જોઈએ; પરંતુ જે જીવોને પદાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદંપર્યાર્થનો જે દીર્ઘ એક ઉપયોગ વર્તે છે, તદંતર્ગત જે પદાર્થનો બોધ છે, તેનો શ્રુતજ્ઞાનમાં જ અંતર્ભાવ કરવો જોઈએ; કેમ કે ઉપદેશપદગ્રંથમાં તે રીતે પ્રસિદ્ધ છે.

આશય એ છે કે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાંથી શ્રુતજ્ઞાન ચાર ભૂમિકાવાળું છે=પદ-વાક્ય-મહાવાક્ય અને ઐદંપર્યયરૂપ છે, એમ ઉપદેશપદમાં કહેલ છે; અને તેમાં પદથી અને વાક્યથી થનારો જે બોધ છે તે શ્રુતજ્ઞાનરૂપ છે, મહાવાક્યથી થનારો જે બોધ છે તે ચિન્તાજ્ઞાનરૂપ છે, અને ઐદંપર્યથી થનારો જે બોધ છે તે ભાવનાજ્ઞાનરૂપ છે, આ પ્રકારે ઉપદેશપદમાં વિભાગ છે. તેથી પદથી અને વાક્યથી થનારા બોધનો શ્રુતજ્ઞાનમાં અંતર્ભાવ કરવો જોઈએ; અને જે લોકો પદથી થનારા બોધનો શ્રુતજ્ઞાનમાં અંતર્ભાવ કરતા નથી, તેઓએ જે બોધ વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદંપર્યાર્થ સાથે અસંલગ્ન છે, એવા પદથી થનારા બોધને 'શ્રુતજ્ઞાન નથી' એમ સ્વીકારવું જોઈએ; પરંતુ ઉત્તરમાં વાક્યાદિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બોધ થવાનું કારણ બને તેવા પદથી થનારા બોધને શ્રુતજ્ઞાનરૂપે જ સ્વીકારવો જોઈએ.

આનાથી એ ફલિત થાય કે જે જીવો શાસ્ત્રવચનોથી પદનો બોધ કરે છે, ત્યારપછી ઉત્તરમાં તદ્‌પદના અર્થવિષયક બોધ કરવાની વિશેષ જિજ્ઞાસાવાળા નથી, તેઓને તે પદોથી થયેલો બોધ પદાર્થ, વાક્યાર્થાદિરૂપે થઈને ઐદંપર્યાર્થમાં વિશ્રાંત થનાર નથી, તેથી તેઓનો પદથી થનારો બોધ શ્રુતજ્ઞાનરૂપ નથી; પરંતુ જેઓને શાસ્ત્રવચનોના પદથી સામાન્ય બોધ થયો છે, અને ઉત્તરમાં તરત કે દીર્ઘકાળના વ્યવધાન પછી સામગ્રી મળતાં ઉત્તર-ઉત્તરનું જ્ઞાન થવાનું છે, તેવા જીવોનો પદથી થનારો બોધ શ્રુતજ્ઞાનમાં અંતર્ભાવ પામે છે.

'यद्वा'..... અથવા અન્યના કથનનું સમાધાન બીજી રીતે કરે છે – ત્યાં=જેઓ પદથી થનાર બોધને શ્રુતજ્ઞાનરૂપે સ્વીકારતા નથી, તે સ્થાનમાં, તેઓ વડે સ્વતંત્રની=સ્વસિદ્ધાંતની, 'શ્રુત' એ પ્રકારની સંજ્ઞાનો વ્યવચ્છેદ જ ઇચ્છાય છે, માટે દોષ નથી.

આશય એ છે કે શાસ્ત્રવચનના બળથી પ્રથમ પદાર્થનો બોધ થાય છે, પછી વાક્યાર્થનો, પછી મહાવાક્યાર્થનો અને પછી ઐદંપર્યાર્થનો બોધ થાય છે, તે સર્વ બોધ મતિ આદિ પાંચ જ્ઞાનો પ્રસિદ્ધ છે તેમાંથી શ્રુતજ્ઞાનસ્વરૂપ છે; અને આ શ્રુતજ્ઞાનનો પણ શ્રુત, ચિન્તા અને ભાવનારૂપે વિભાગ કરવામાં આવ્યો છે, અને પદથી થનારા બોધમાં 'શ્રુત' એ પ્રકારની સંજ્ઞાનો વ્યવચ્છેદ છે અર્થાત્ પદથી થનારા બોધને શ્રુતજ્ઞાન કહેવામાં આવતું નથી, પરંતુ શ્રુતઅજ્ઞાન કહેવામાં આવે છે, અને જ્યારે પદથી ઉત્તરમાં વાક્યથી બોધ થાય છે તેને શ્રુતજ્ઞાન કહેવામાં આવે છે, અને મહાવાક્યથી જે બોધ થાય છે તેને ચિન્તાજ્ઞાન કહેવામાં આવે છે, અને ઐદંપર્યથી જે બોધ થાય છે તેને ભાવનાજ્ઞાન કહેવામાં આવે છે. તેથી વિશકલિત પદજ્ઞાનમાં=પદાર્થ આદિ ક્રમથી ઐદંપર્ય સુધી થતા બોધ સાથે જે સંલગ્ન ન હોય તેવા વિશકલિત પદજ્ઞાનમાં, કે વિશકલિત ન હોય તેવા પણ પદજ્ઞાનમાં શ્રુતજ્ઞાનની સંજ્ઞાનો વ્યવચ્છેદ કરાય છે અર્થાત્ શ્રુતજ્ઞાનની પૂર્વભૂમિકારૂપ તે બોધ છે, છતાં તે બોધ કલ્યાણનું કારણ નથી માટે તેને શ્રુતજ્ઞાન કહેવાતું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં વિશેષ એ છે કે પદાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદંપર્યાર્થરૂપ શ્રુતજ્ઞાનનો દીર્ઘ એક ઉપયોગ છે. તદંતર્ગત જે વાક્યાર્થનો બોધ છે, તે કથંભાવઆકાંક્ષાગર્ભ ઈહારૂપ છે, અને સર્વ શાસ્ત્ર સાથે અવિરોધીરૂપે નિર્ણીત અર્થવાળા વાક્યરૂપે પણ છે; અને તે બે વાક્ય અંતર્ગત કથંભાવઆકાંક્ષાગર્ભ ઈહારૂપ જ્ઞાન શ્રુત, ચિન્તા અને ભાવનારૂપ જ્ઞાનમાંથી જે શ્રુતજ્ઞાન છે, તે રૂપ નથી; પરંતુ સર્વ શાસ્ત્ર સાથે અવિરોધી નિર્ણીત અર્થવાળા વાક્યાર્થરૂપ જ્ઞાન શ્રુતજ્ઞાન છે. શ્રુતજ્ઞાન વિષય-તૃષ્ણાને શમાવનાર 'સ્વાદુ જલ' જેવું છે. તેથી તે સંશયરૂપ કે 'આ કથન કઈ અપેક્ષાએ છે' તેવી જિજ્ઞાસારૂપ=કથંભાવઆકાંક્ષારૂપ, સ્વીકારી શકાય નહીં, પરંતુ 'આ આમ જ છે' એવા નિર્ણયરૂપ જ્ઞાન જ શ્રુતજ્ઞાન સ્વીકારી શકાય; તેથી બુધપુરુષ જ્યારે મધ્યસ્થભાવથી સર્વ દર્શનોનો અભ્યાસ કરે છે ત્યારે, પ્રથમ સર્વ દર્શનોની એકવાક્યતાવાળા પદાર્થોનો બોધ થાય છે તે શ્રુતજ્ઞાન છે. જેમાં આત્માનું સુંદર સ્વરૂપ સંસારથી પર અવસ્થા જણાય છે, તેનો ઉપાય અસંગભાવ દેખાય છે અને તેના અંગરૂપે અહિંસાદિ દેખાય છે, જેમાં સર્વદર્શનોની એકવાક્યતા છે. ત્યાર પછી વિશેષ જિજ્ઞાસા થાય છે, જેને કારણે તે બુધ પુરુષ કષાદિથી સર્વશાસ્ત્રોની પરીક્ષા કરે છે, જેનાથી તે બુધ પુરુષને ક્રમસર ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાન પ્રગટે છે, એ પ્રમાણે હાર્દ છે. **॥૧૦-૧૧॥**

**અવતરણિકા :-**

**શ્રુતજ્ઞાનનું સ્વરૂપ બતાવ્યા પછી હવે ચિન્તાજ્ઞાનનું સ્વરૂપ બતાવે છે -**

**શ્લોક :-**

**महावाक्यार्थजं सूक्ष्मयुक्त्या स्याद्वादसङ्गतम् ।**
**चिन्तामयं विसर्पि स्यात्तैलबिन्दुरिवाम्भसि ।।१२।।**

**અન્વયાર્થ :-**

**महावाक्यार्थजं=મહાવાક્યાર્થથી ઉત્પન્ન થયેલું अम्भसि तैलबिन्दुरिव विसर्पि= પાણીમાં તેલના બિંદુની જેમ પ્રસર્પણ પામતું सूक्ष्मयुक्त्या स्याद्वादसङ्गतम्= સૂક્ષ્મ યુક્તિ દ્વારા સ્યાદ્‌વાદસંગત એવું જ્ઞાન चिन्तामयं=ચિન્તામય છે. ।।૧૨।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોકાર્થ :-**

**મહાવાક્યાર્થથી ઉત્પન્ન થયેલું, પાણીમાં તેલના બિંદુની જેમ પ્રસર્પણ પામતું, સૂક્ષ્મ યુક્તિ દ્વારા સ્યાદ્‌વાદસંગત એવું જ્ઞાન ચિન્તામય જ્ઞાન છે. ||૧૨||**

❖ 'स्याद्वादसङ्गतम्' પદ પછી શ્લોક-૧૩ના 'ज्ञानं' પદનો અન્વય કરવો.

**ટીકા :-**

**महेति-महावाक्यार्थेन वस्त्वाकाङ्क्षारूपेण, जनितं सूक्ष्मया=सूक्ष्मबुद्धिगम्यया युक्त्या, स्याद्वादेन=सप्तभङ्ग्यात्मकेन, सङ्गतं ज्ञानम्, अम्भसि तैलबिन्दुरिव, विसर्पि=प्रवर्धमानं, चिन्तामयं स्यात् ।।१२।।**

**ટીકાર્થ :-**

महावाक्यार्थेन ..... स्यात् ।। **વસ્તુની આકાંક્ષારૂપ મહાવાક્યાર્થથી ઉત્પન્ન થયેલ, સૂક્ષ્મ એવી=સૂક્ષ્મ બુદ્ધિગમ્ય એવી, યુક્તિ દ્વારા સપ્તભંગ્યાત્મક સ્યાદ્‌વચનથી સંગત, જ્ઞાન, પાણીમાં તેલના બિંદુની જેમ પ્રસરણ પામતું= પ્રવર્ધમાન ચિન્તામય છે. ||૧૨||**

**ભાવાર્થ :-**

**ચિન્તાજ્ઞાનનું સ્વરૂપ :-**

શાસ્ત્રવચનથી બોધ કરતી વખતે પ્રથમ પદાર્થનો બોધ થાય છે, પછી વાક્યાર્થનો બોધ થાય છે અને પછી મહાવાક્યાર્થનો બોધ થાય છે; અને મહાવાક્યાર્થ વસ્તુની આકાંક્ષારૂપ છે અર્થાત્ પદાર્થનું પારમાર્થિક સ્વરૂપ શું છે ? તેને બતાવવાની આકાંક્ષાવાળું મહાવાક્યાર્થ છે, અને મહાવાક્યાર્થથી ઉત્પન્ન થયેલું ચિન્તામય જ્ઞાન છે. વળી આ ચિન્તામય જ્ઞાન સૂક્ષ્મ યુક્તિથી સંગત સપ્તભંગ્યાત્મક સ્યાદ્‌વાદની દૃષ્ટિથી યુક્ત છે. વળી એક પદાર્થવિષયક ચિન્તાજ્ઞાન પ્રગટ્યા પછી અન્ય અન્ય પદાર્થવિષયક ચિન્તાજ્ઞાન પ્રગટે છે. તેથી પાણીમાં પડેલું તેલનું બિંદુ જેમ પ્રવર્ધમાન હોય છે, તેમ ચિન્તામય જ્ઞાન પ્રવર્ધમાન છે.

અહીં વિશેષ એ છે કે શ્રુતજ્ઞાન પણ નિર્ણયરૂપ છે અને ચિન્તાજ્ઞાન પણ નિર્ણયરૂપ છે. આમ છતાં શ્રુતજ્ઞાનમાં પ્રમાણથી કે નયથી નિર્ણય નથી અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચિન્તાજ્ઞાનમાં પ્રમાણથી કે નયથી નિર્ણય છે; કેમ કે ચિન્તાજ્ઞાન સપ્તભંગ્યાત્મક સ્યાદ્વાદથી સંગત છે; અને તે સપ્તભંગી વિકલાદેશ સ્વભાવવાળી હોય તો તે સપ્તભંગીથી થતો બોધ નયરૂપ છે, અને તે સપ્તભંગી સકલાદેશ સ્વભાવવાળી હોય તો તે સપ્તભંગીથી થતો બોધ પ્રમાણરૂપ છે. વળી સાત ભાંગાઓથી વિચાર કરવામાત્રથી આ જ્ઞાન થતું નથી, પરંતુ સૂક્ષ્મ યુક્તિપૂર્વક તે તે નયદૃષ્ટિનું કે પ્રમાણદૃષ્ટિનું અવલોકન કરીને સાત ભાંગાઓથી બોધ કરવાથી આ જ્ઞાન થાય છે.

પૂર્વમાં શ્રુતજ્ઞાનનું સ્વરૂપ બતાવ્યું તે પ્રમાણે તત્ત્વજિજ્ઞાસુને સર્વ દર્શન સાથે અવિરુદ્ધ એવા અહિંસાદિ ધર્મો કલ્યાણનું કારણ છે તેવું શ્રુતજ્ઞાન થાય ત્યારપછી તે તત્ત્વજિજ્ઞાસુ મધ્યસ્થભાવથી સર્વ દર્શનોનાં વચનો વિચારે છે ત્યારે, તે તે દર્શનોનાં વચનો કઈ અપેક્ષાએ છે? તેનો વિચાર તે જિજ્ઞાસુ પુરુષ કરે છે અર્થાત્ કપિલાદિની નિત્યદેશના કઈ અપેક્ષાએ સ્વીકારી શકાય ? તેનો ઊહ કરે છે. તે ઊહ વસ્તુના સ્વરૂપને જાણવાની આકાંક્ષારૂપ મહાવાક્યાર્થ સ્વરૂપ છે, અને જ્યારે તેને નિર્ણય થાય કે જો આત્માને એકાંત નિત્ય સ્વીકારીએ તો હિંસા-અહિંસાદિ સંગત થાય નહીં, અને હિંસા-અહિંસાદિ સંગત થાય નહીં તો મોક્ષ માટે હિંસાનો ત્યાગ અને અહિંસામાં યત્ન કરાય છે તે પણ સંગત થાય નહીં. માટે આત્માને નિત્ય કહેનારું કપિલદર્શનનું વચન કોઈ એક નયની દૃષ્ટિથી સ્વીકારીએ તો જ સંગત થાય.

તે રીતે બૌદ્ધનું વચન પણ એકાંત ક્ષણિક સ્વીકારીએ તો મોક્ષમાર્ગની પ્રવૃત્તિ સંગત થાય નહીં. માટે આત્માને નિત્ય-અનિત્ય જ સ્વીકારવો ઉચિત છે. આ રીતે સર્વ સ્થાનોમાં ઊહ કરવાથી જ્યારે તે બુધપુરુષને કષ-છેદ-તાપથી જૈનદર્શન શુદ્ધ જણાય છે, ત્યારે તે બુધપુરુષને ચિંતાજ્ઞાન પ્રગટે છે; અને આ ચિંતાજ્ઞાન કોઈ એક સ્થાનમાં પ્રગટ થાય પછી સર્વ દર્શનોના પદાર્થવિષયક ઊહ થવાથી ક્રમસર પાણીમાં રહેલા તેલબિંદુની જેમ વધતું જાય છે; અને જ્યારે આ રીતે ઊહને કારણે સર્વત્ર નય-પ્રમાણની દૃષ્ટિ જોડવાની પ્રજ્ઞા વિસ્તાર પામે છે ત્યારે, તે બુધપુરુષને ભગવાનના શાસનના પરમાર્થનો બોધ થાય છે. ત્યાર પછી તે બુધપુરુષ ભગવાનનાં વચનોથી અત્યંત ભાવિત થાય ત્યારે ભાવનાજ્ઞાન પ્રગટે છે. **॥૧૨॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

ચિન્તામય જ્ઞાનનું સ્વરૂપ બતાવ્યા પછી ભાવનામય જ્ઞાનનું સ્વરૂપ બતાવે છે –

**શ્લોક :-**

सर्वत्राज्ञापुरस्कारि ज्ञानं स्याद् भावनामयम् ।
अशुद्धजात्यरत्नाभासमं तात्पर्यवृत्तितः ।।१३।।

**અન્વયાર્થ :-**

सर्वत्र=મહાવાક્યાર્થથી નિર્ણીત અર્થના વિષયમાં आज्ञापुरस्कारि=આજ્ઞાને આગળ કરનાર तात्पर्यवृत्तितः=તાત્પર્યવૃત્તિથી થનારું अशुद्धजात्यरत्नाभासमं= અશુદ્ધ જાત્યરત્નની આભા જેવું ज्ञानं=જ્ઞાન भावनामयं स्यात्=ભાવનામય છે. ।।૧૩।।

**શ્લોકાર્થ :-**

**મહાવાક્યથી નિર્ણીત અર્થના વિષયમાં આજ્ઞાને આગળ કરનાર, તાત્પર્યવૃત્તિથી થનારું, અશુદ્ધ જાત્યરત્નની આભા જેવું જ્ઞાન ભાવનામય છે. ।।૧૩।।**

**ટીકા :-**

सर्वत्रेति-सर्वत्र=महावाक्यनिर्णीतेऽर्थे, विपक्षशङ्कानिरासदाढर्याय आज्ञा-पुरस्कारि=भगवदाज्ञाप्राधान्यद्योतकं, तात्पर्यवृत्तितो जायमानं ज्ञानं भावनामयं स्यात्, अशुद्धजात्यरत्नस्य=स्वभावत एव अन्यजीवरत्नेभ्योऽधिकज्ञानदीप्ति-स्वभावस्य भव्यरूपस्य, आभासमं=कान्तितुल्यम् । एकस्य वाक्यस्य कथं श्रुतादयो व्यापारा इति परप्रत्यवस्थाने तु यथेन्द्रियस्य तव सविकल्पके जननीये सन्निकर्षादय इत्युत्तरमधिकमुपदेशरहस्ये विपञ्चितमस्माभिः ।।१३।।

**ટીકાર્થ :-**

सर्वत्र ..... कान्तितुल्यं । વિપક્ષની શંકાના નિરાસનની દૃઢતા માટે સર્વત્ર= મહાવાક્યથી નિર્ણીત અર્થના વિષયમાં સર્વત્ર, આજ્ઞાપુરસ્કારી=ભગવદ્

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**આજ્ઞાની પ્રધાનતાનું દ્યોતક, તાત્પર્યવૃત્તિથી થતું જ્ઞાન ભાવનામય છે.**

વળી તે ભાવનામય જ્ઞાન કેવું છે ? તે સ્પષ્ટ કરે છે –

**અશુદ્ધ જાત્યરત્નની=સ્વભાવથી જ અન્ય જીવરત્નથી અધિક જ્ઞાનની દીપ્તિનો સ્વભાવ છે જેને એવા ભવ્યરૂપ અશુદ્ધ જાત્યરત્નની, આભા જેવું=કાન્તિ તુલ્ય, ભાવનામય જ્ઞાન છે.**

શાસ્ત્રોના તાત્પર્યને કહેનાર એક વાક્યથી શ્રોતાને ક્રમસર શ્રુત, ચિન્તા અને ભાવનાજ્ઞાન થાય છે, એમ પૂર્વમાં કહ્યું. ત્યાં નૈયાયિક શંકા કરે છે --

**एकस्य ..... विपञ्चितमस्माभिः ।। એક વાક્યના=વિધિ કે નિષેધને કહેનારા શાસ્ત્રના એક વાક્યના, કેવી રીતે શ્રુતાદિ વ્યાપારો થાય ?=કેવી રીતે શ્રુત-ચિંતા-ભાવનાના વ્યાપારો થાય? એ પ્રકારનું પરનું પ્રત્યવસ્થાન હોતે છતે=નૈયાયિકનો વિરોધ હોતે છતે, ગ્રંથકારશ્રી કહે છે – જે પ્રમાણે તને ઈન્દ્રિયનું સવિકલ્પક જનનીય હોતે છતે=ઈન્દ્રિયનું સવિકલ્પક જ્ઞાન જનનીય હોતે છતે, સન્નિકર્ષાદિ છે=પ્રથમ સન્નિકર્ષ, પછી નિર્વિકલ્પ બોધ, અને પછી સવિકલ્પ બોધ છે; તે પ્રમાણે એકવાક્યના શ્રુત, ચિંતા અને ભાવનાજ્ઞાનરૂપ વ્યાપારો છે, એ પ્રકારનો ઉત્તર છે. અધિક વર્ણન અમારા વડે 'ઉપદેશરહસ્ય'માં કહેવાયું છે. ।।૧૩।।**

❖ 'सन्निकर्षादि' - અહીં 'आदि'થી નિર્વિકલ્પ બોધ અને સવિકલ્પ બોધનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

**ભાવનાજ્ઞાનનું સ્વરૂપ :-**

ચિન્તાજ્ઞાન પ્રગટ્યા પછી ભાવનાજ્ઞાન પ્રગટે છે, અને ચિન્તાજ્ઞાનમાં વિપક્ષની શંકાનો નિરાસ થયેલો હોય છે અર્થાત્ તે તે નયદૃષ્ટિથી અથવા પ્રમાણદૃષ્ટિથી 'આ પદાર્થ આમ જ છે' તેવો નિર્ણય થયેલો હોવાથી પદાર્થની વિપરીત શંકાનો નિરાસ થયેલો હોય છે; અને વિપરીત શંકાના નિરાસનને દૃઢ કરવા માટે ભાવનાજ્ઞાનમાં મહાવાક્યથી નિર્ણીત અર્થમાં ભગવાનની આજ્ઞાને આગળ કરવામાં આવે છે અર્થાત્ 'ભગવાનની આજ્ઞા સર્વત્ર નિરપેક્ષ થઈને અસંગભાવમાં ઉદ્યમ કરવાનું કહે છે.' તેથી મહાવાક્યથી જે બોધ થયો છે, તે બોધ અસંગભાવનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કારણ કઈ રીતે બને? તે રીતે તે બોધનું યોજન કરીને પોતાના જીવનમાં આચરવા માટે ઉદ્યમ કરવામાં આવે છે.

વળી આ જ્ઞાન તાત્પર્યવૃત્તિથી જાયમાન છે અર્થાત્ ભગવાને જે વચનો કહ્યાં છે, તે સર્વ વચનોનું અંતિમ તાત્પર્ય શું છે ? તે તાત્પર્યના ગ્રહણથી થનારું આ ભાવનાજ્ઞાન છે. તેથી ભાવનાજ્ઞાનવાળા યોગી ભગવાનનાં સર્વ વચનોને ઉચિત સ્થાને યોજન કરીને હિતમાં પ્રવૃત્તિ અને અહિતથી નિવૃત્તિ કરી શકે છે. વળી આ ભાવનાજ્ઞાન અશુદ્ધ જાત્યરત્નની આભા જેવું છે અર્થાત્ શુદ્ધ જાત્યરત્નની કાંતિ તો અન્ય રત્નો કરતાં અધિક હોય છે, પરંતુ તે જાત્યરત્ન જ્યારે મળથી યુક્ત હોય છે, ત્યારે પણ અન્ય રત્નો કરતાં અધિક દીપ્તિવાળાં હોય છે; તેમ અન્ય જીવરૂપી રત્નોમાં જે યોગમાર્ગનો બોધ છે, તેના કારણે તે જીવોમાં જે જ્ઞાનની દીપ્તિ છે, તે દીપ્તિ કરતાં જ્ઞાનની અધિક દીપ્તિવાળા ભાવનાજ્ઞાનવાળા જીવો છે.

અહીં અશુદ્ધ જાત્યરત્ન કહેવાનું કારણ એ છે કે ભાવનાજ્ઞાન એ શ્રુતજ્ઞાનના ક્ષયોપશમરૂપ છે, અને તે વખતે પણ જ્ઞાનાવરણીયકર્મના ઉદયને કારણે ચેતના અશુદ્ધ છે; તોપણ જેમ અશુદ્ધ અવસ્થાકાળમાં પણ જાત્યરત્નની અધિક દીપ્તિ હોય છે, તેમ જીવની અશુદ્ધ અવસ્થાના કાળમાં પણ શ્રુત અને ચિન્તાજ્ઞાનની જે દીપ્તિ છે, તેના કરતાં અધિક દીપ્તિ ભાવનાજ્ઞાનની છે. તેથી ભાવનાજ્ઞાન સર્વજ્ઞના વચનને ઉચિત સ્થાને જોડીને એકાંતે હિતને અનુકૂળ પ્રવૃત્તિ કરવાનું કારણ બને છે.

एकस्य ..... શ્રુતજ્ઞાનનો બોધ કરાવનાર કોઈપણ એક વાક્યથી પ્રથમ શ્રુતજ્ઞાન થાય છે, પછી ચિન્તાજ્ઞાન થાય છે અને પછી ભાવનાજ્ઞાન થાય છે. આ પ્રકારની બોધની મર્યાદા છે. ત્યાં નૈયાયિક શંકા કરે છે કે કોઈપણ વાક્યથી શાબ્દબોધ થાય ત્યારપછી તે વાક્ય અન્ય બોધનું કારણ બનતું નથી. તેથી એક વાક્યથી પ્રથમ શ્રુતજ્ઞાન થાય પછી ચિન્તાજ્ઞાન થાય અને પછી ભાવનાજ્ઞાન થાય, તેમ કઈ રીતે સ્વીકારી શકાય? અર્થાત્ સ્વીકારી શકાય નહીં. તેને ગ્રંથકારશ્રી કહે છે –

જે પ્રમાણે તારા મતમાં=નૈયાયિકના મતમાં, ઇન્દ્રિયથી સવિકલ્પ જ્ઞાન ઉત્પન્ન થાય છે, તે સ્થાનમાં પ્રથમ ઇન્દ્રિય અને વિષયનો સંનિકર્ષ થાય છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પછી નિર્વિકલ્પ બોધ થાય છે અને ત્યારપછી સવિકલ્પ જ્ઞાન થાય છે; તેમ શાસ્ત્રના વચનથી તાત્પર્યાર્થને ગ્રહણ કરનાર ભાવનાજ્ઞાનવાળા પુરુષને શાસ્ત્રવચનથી પ્રથમ શ્રુતજ્ઞાન થાય છે, પછી પ્રમાણનયથી પર્યાલોચન કરે છે ત્યારે ચિન્તાજ્ઞાન પ્રગટે છે, અને ચિન્તાજ્ઞાન પછી વિપક્ષની શંકાના નિરાસને દૃઢ કરવા માટે આજ્ઞાપુરસ્કારી એવું ભાવનાજ્ઞાન પ્રગટે છે.

અહીં વિશેષ એ છે કે બાલ, મધ્યમ અને બુધ ત્રણે કલ્યાણના અર્થી જીવો છે, અને તેઓ સ્વપ્રજ્ઞા અનુસાર ધર્મ કરવામાં યત્ન કરે છે; પરંતુ બુધપુરુષ જેવી પ્રજ્ઞા બાલ અને મધ્યમ જીવોમાં નથી. તેથી તેઓ જે જે દર્શનને પામ્યા હોય તે તે દર્શન અનુસાર સ્વભૂમિકા પ્રમાણે ધર્મમાં યત્ન કરે છે; જ્યારે બુધપુરુષ હંમેશાં અતિ નિપુણતાથી તત્ત્વને જાણવા યત્ન કરે છે. તેથી તેવા બુધપુરુષને જ્યારે સ્યાદ્વાદની પ્રાપ્તિ થાય છે ત્યારે જે ચિંતાજ્ઞાન પ્રગટે છે, તે ચિંતાજ્ઞાનથી તે બુધપુરુષ આત્માને અત્યંત ભાવિત કરે છે. તે વખતે તે મહાત્માને જણાય છે કે સર્વજ્ઞ-વીતરાગનું વચન દરેક જીવને સ્વભૂમિકા અનુસાર વીતરાગ થવાની યોગ્ય દિશા બતાવે છે. તેથી તેવા બુધપુરુષ સ્વભૂમિકા અનુસાર જે કોઈ પ્રયત્ન કરે છે ત્યાં ભગવાનની આજ્ઞાના પરમાર્થને જાણીને તે પ્રમાણે જ યત્ન કરે છે. જે તેઓમાં પ્રગટ થયેલ ભાવનાજ્ઞાનનું કાર્ય છે. આથી જ ભાવનાજ્ઞાન અમૃત જેવું છે. **॥૧૩॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૯માં કહ્યું કે શાસ્ત્રતત્ત્વ 'પંડિત-એક-ગમ્ય' છે, અને શ્લોક-૯માં કહેલ કે પંડિત પુરુષ સર્વયત્નથી શાસ્ત્રતત્ત્વની પરીક્ષા કરે છે, અને શ્લોક-૧૦માં કહ્યું કે પંડિત પુરુષ સર્વયત્નથી શાસ્ત્રતત્ત્વની પરીક્ષા કરે છે ત્યારે તેને પ્રથમ શ્રુતજ્ઞાન થાય છે, પછી ચિન્તાજ્ઞાન થાય છે અને ત્યારપછી ભાવનાજ્ઞાન થાય છે અને તેનાથી શાસ્ત્રતત્ત્વના પરમાર્થની પ્રાપ્તિ થાય છે. ત્યાર પછી શ્રુતજ્ઞાન, ચિન્તાજ્ઞાન અને ભાવનાજ્ઞાન શું છે ? તેનું સ્વરૂપ બતાવ્યું. હવે શ્રુતજ્ઞાનમાં અને ચિન્તાજ્ઞાનમાં કેવી મનોવૃત્તિ હોય છે ? તે બતાવવા અર્થે કહે છે –**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોક :-**

**आद्येऽविरुद्धार्थतया मनाक् स्याद् दर्शनग्रहः ।**
**द्वितीये बुद्धिमाध्यस्थ्यचिन्तायोगात्कदापि न ।।१४।।**

**અન્વયાર્થ :-**

आद्ये=આદ્ય હોતે છતે=શ્રુતજ્ઞાન હોતે છતે अविरुद्धार्थतया=અવિરુદ્ધાર્થપણું હોવાને કારણે=અન્યદર્શનની અહિંસાદિની માન્યતા સાથે સ્વદર્શનની માન્યતાનું અવિરુદ્ધાર્થપણું હોવાને કારણે मनाक्=થોડોક दर्शनग्रहः=સ્વદર્શનનો આગ્રહ स्यात्=થાય છે. द्वितीये=બીજું હોતે છતે=ચિન્તાજ્ઞાન હોતે છતે बुद्धिमाध्यस्थ्यचिन्तायोगात्=બુદ્ધિના માધ્યસ્થપણાથી ચિન્તવનનો યોગ હોવાને કારણે कदापि=ક્યારેય न=નથી=દર્શનગ્રહ થતો નથી. ।।૧૪।।

**શ્લોકાર્થ :-**

**શ્રુતજ્ઞાન હોતે છતે અવિરુદ્ધાર્થપણું હોવાને કારણે=અન્યદર્શનની અહિંસાદિની માન્યતા સાથે સ્વદર્શનની માન્યતાનું અવિરુદ્ધાર્થપણું હોવાને કારણે, થોડોક સ્વદર્શનનો આગ્રહ થાય છે. ચિન્તાજ્ઞાન હોતે છતે બુદ્ધિના માધ્યસ્થપણાથી ચિન્તવનનો યોગ હોવાને કારણે ક્યારેય દર્શનગ્રહ થતો નથી. ।।૧૪।।**

**ટીકા :-**

आद्य इति-आद्ये=श्रुतमये ज्ञाने सति, मनाक्=ईषत्, अविरुद्धार्थतया स्वाभिमतस्य दर्शनग्रहो भवति, अस्मदीयं दर्शनं शोभनं नान्यदित्येवंरूपः । द्वितीये=चिन्तामये ज्ञाने सति, बुद्धेर्नयप्रमाणाधिगमरूपाया माध्यस्थ्येन= स्वपरतन्त्रोक्तस्य न्यायबलायातस्यार्थस्य समर्थनसामर्थ्याविशेषरूपेण, चिन्ता-योगात् कदापि न स्याद् दर्शनग्रहः, अत एवान्यत्राप्यविसंवादिनोऽर्थस्य दृष्टिवादमूलकत्वात्तन्निराकरणे दृष्टिवादस्यैव तत्त्वतो निराकरणमिति व्यक्तम् उपदेशपदे ।।१४।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકાર્થ :-**

आद्ये ..... मुपदेशपदे ।। **આદ્ય હોતે છતે=શ્રુતમય જ્ઞાન હોતે છતે, સ્વઅભિમતનું અવિરુદ્ધાર્થપણું હોવાને કારણે=સ્વદર્શનને અભિમત એવા અહિંસાદિનું અન્ય દર્શનોના કથન સાથે અવિરુદ્ધાર્થપણું હોવાને કારણે, મનાક્=થોડોક 'અમારું દર્શન શોભન છે, અન્યનું નહીં' એવા સ્વરૂપવાળો દર્શનગ્રહ થાય છે=સ્વદર્શન પ્રત્યેનો અદૃઢ એવો અસત્ય પક્ષપાત હોવાને કારણે સામગ્રી મળતાં નિવર્તન પામે તેવો દર્શનગ્રહ થાય છે.**

**બીજું હોતે છતે=ચિન્તામય જ્ઞાન હોતે છતે નય અને પ્રમાણના બોધરૂપ બુદ્ધિના મધ્યસ્થપણાથી=સ્વપરતંત્રમાં કહેવાયેલા યુક્તિના બળથી પ્રાપ્ત અર્થના સમર્થનના સામર્થ્યના અવિશેષરૂપ મધ્યસ્થપણાથી, ચિન્તાનો યોગ હોવાને કારણે ક્યારેય દર્શનગ્રહ થતો નથી. આથી જ=કોઈપણ દર્શન પ્રત્યેના પક્ષપાતરૂપ દર્શનગ્રહ થતો નથી આથી જ, અન્યત્ર પણ અવિસંવાદી અર્થનું દૃષ્ટિવાદમૂલકપણું હોવાથી તેના નિરાકરણમાં તત્ત્વથી દૃષ્ટિવાદનું જ નિરાકરણ છે, એ પ્રમાણે ઉપદેશપદમાં વ્યક્ત છે=ઉપદેશપદમાં કહેવાયું છે. ।।૧૪।।**

**ભાવાર્થ :-**

### શ્રુતજ્ઞાનમાં કંઈક વિપર્યાસ અને ચિન્તાજ્ઞાનમાં મધ્યસ્થ ભાવ :-

મોક્ષના કારણ બને એવા મતિ આદિ પાંચ જ્ઞાનમાંથી જે શ્રુતજ્ઞાન છે તે ત્રણ ભૂમિકામાં વિભક્ત છે : (૧) શ્રુતજ્ઞાન, (૨) ચિન્તાજ્ઞાન અને (૩) ભાવનાજ્ઞાન.

**(૧) શ્રુતજ્ઞાન :-** શાસ્ત્રવચનથી શ્રુતજ્ઞાનની ભૂમિકાવાળું જ્ઞાન થાય છે ત્યારે યોગમાર્ગને કહેનારાં સુંદર વચનો પોતાના દર્શનમાં દેખાય, અને તે વચનો સાથે કોઈ દર્શનકારોને વિરોધ નથી તેવું જણાય ત્યારે સ્વદર્શન પ્રત્યેનો થોડોક પક્ષપાત ઉત્પન્ન થાય છે અર્થાત્ 'અમારું દર્શન સુંદર છે, અન્યનું નહીં' એ પ્રકારનો અસત્ય પક્ષપાત ઉત્પન્ન થાય છે. જેમ કે 'સર્વ દર્શનકારોએ અહિંસા, સત્ય, અચૌર્ય આદિને ધર્મરૂપે કહેલ છે, અને આપણા દર્શનમાં પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેનું સુંદર સ્વરૂપ છે, માટે આપણું દર્શન શ્રેષ્ઠ છે.' આ પ્રકારનો અસત્ય પક્ષપાત શ્રુતજ્ઞાનમાં સંભવે છે; તેમ છતાં આ શ્રુતજ્ઞાનમાં મિથ્યાભિનિવેશ નથી, પરંતુ તત્ત્વ પ્રત્યેનો પક્ષપાત છે. તેથી સામગ્રી મળે ત્યારે આ પ્રકારનો દર્શનગ્રહ નિવર્તન પામે તેવો છે. માટે શ્રુતજ્ઞાનમાં દર્શનગ્રહ અલ્પ છે, તેમ કહેલ છે.

**(૨) ચિન્તાજ્ઞાન :-** વળી શ્રુતજ્ઞાન પ્રગટ્યા પછી તેના બોધ ઉપર વિશેષ સામગ્રીના બળથી ચિન્તાજ્ઞાન પ્રગટે છે ત્યારે, બુદ્ધિ નય અને પ્રમાણના બોધવાળી બને છે, અને તેથી બુદ્ધિમાં મધ્યસ્થભાવ પ્રગટે છે અર્થાત્ સર્વ દર્શનોમાં રહેલા તત્ત્વમાત્ર પ્રત્યે પક્ષપાત પ્રગટે છે; પરંતુ 'આ આપણા દર્શનનું વચન છે અને આ પરદર્શનનું વચન છે' તેવી બુદ્ધિથી સ્વદર્શન પ્રત્યેનો પક્ષપાત થતો નથી, પરંતુ સ્વદર્શનમાં કે પરદર્શનમાં યુક્તિયુક્ત અર્થ દેખાય તેને સમર્થન કરવાનું સામર્થ્ય સમાનરૂપે વર્તે તેવો મધ્યસ્થભાવ હોય છે, અને તેવા મધ્યસ્થભાવથી તત્ત્વનું ચિંતવન ચિન્તાજ્ઞાનમાં હોય છે. તેથી ચિન્તાજ્ઞાનમાં ક્યારેય સ્વદર્શનનો અસત્ય પક્ષપાત હોતો નથી.

વળી 'ચિન્તાજ્ઞાનમાં નય અને પ્રમાણથી પરિષ્કૃત બુદ્ધિ હોય છે, અને તેના કારણે દર્શનગ્રહ હોતો નથી', એમ કહ્યું. તેની પુષ્ટિ કરવા માટે કહે છે કે આથી જ 'અન્યદર્શનમાં પણ અવિસંવાદી અર્થ દૃષ્ટિવાદમૂલક છે, અને જો તેનું નિરાકરણ કરવામાં આવે તો તત્ત્વથી દૃષ્ટિવાદનું જ નિરાકરણ છે,' એ પ્રમાણે ઉપદેશપદમાં કહેલ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે દૃષ્ટિવાદ એટલે નય-પ્રમાણથી સર્વ દૃષ્ટિઓનો યથાર્થ બોધ; અને તે દૃષ્ટિવાદ સર્વજ્ઞએ બતાવેલ છે, અને દૃષ્ટિવાદથી દેખાતો પદાર્થ અવિસંવાદી હોય છે, અને તેવા અવિસંવાદી પદાર્થો કોઈપણ દર્શનકાર કહેતા હોય તો મધ્યસ્થબુદ્ધિવાળાને તે તત્ત્વરૂપે ગ્રહણ થાય છે. તેથી ચિન્તાજ્ઞાનવાળા યોગીઓ મધ્યસ્થબુદ્ધિવાળા હોવાને કારણે કોઈપણ દર્શન પ્રત્યેના પક્ષપાતવાળા નથી, પરંતુ તત્ત્વને કહેનારા એવા દૃષ્ટિવાદ પ્રત્યેના પક્ષપાતવાળા છે. તેથી કોઈપણ દર્શનમાં રહેલ તત્ત્વને તેઓ તત્ત્વરૂપે સ્વીકારે છે. **॥૧૪॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

શ્લોક-૧૪માં શ્રુતજ્ઞાન અને ચિન્તાજ્ઞાનકાળમાં વર્તતી મનોવૃત્તિ બતાવી. હવે ભાવનાજ્ઞાનકાળમાં વર્તતી મનોવૃત્તિને બતાવે છે –

**શ્લોક :-**

सर्वत्रैव हिता वृत्तिः समापत्त्यानुरूपया ।
ज्ञाने सञ्जीविनीचारज्ञातेन चरमे स्मृता ।।१५।।

**અન્વયાર્થ :-**

चरमेज्ञाने=ચરમ જ્ઞાન હોતે છતે અર્થાત્ ભાવનામય જ્ઞાન હોતે છતે अनुरूपया समापत्त्या=અનુરૂપ એવી સમાપત્તિથી सर्वत्रैव=સર્વત્ર જ=ભવ્ય-સમુદાયરૂપ સર્વત્ર જ संजीविनीचारज्ञातेन=સંજીવની ચારના દૃષ્ટાંતથી हिता वृत्तिः=હિતકારી પ્રવૃત્તિ स्मृता=કહેવાઈ છે. ।।૧૫।।

**શ્લોકાર્થ :-**

**ભાવનામય જ્ઞાન હોતે છતે અનુરૂપ એવી સમાપત્તિથી ભવ્યસમુદાયમાં ચારિસંજીવની ચારના દૃષ્ટાંતથી હિતકારી પ્રવૃત્તિ કહેવાઈ છે. ।।૧૫।।**

**ટીકા :-**

सर्वत्रेति-सर्वत्रैव=भव्यसमुदाये, हिता=हितकारिणी, वृत्तिः=प्रवृत्तिः, समापत्त्या=सर्वानुग्रहपरिणत्या, अनुरूपया=उचितया, सञ्जीविनीचारज्ञातेन चरमे ज्ञाने भावनामये स्मृता। अत्रायं भावार्थो वृद्धैरुपदिश्यते- यथा किल कयाचित् स्त्रिया कृत्रिमगवीकृतस्य स्वपत्युर्वटवृक्षाधःस्थितया विद्याधरीवचनेनोपलब्धस्वभावलाभोपायभावं संजीविनीसद्भावं तत्र विशिष्याजानानया तत्प्रदेशवर्तिनी सर्वैव चारिस्तस्य चारिता अनुषङ्गतः सञ्जीविन्युपभोगाच्च स पुरुषः संवृत्त इति, एवं सर्वत्रैव कृपापरं भावनाज्ञानं भवति, हितं तु योग्यतानियतसम्भवमिति ।।१५।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકાર્થ :-**

**सर्वत्रैव .....सम्भवमिति ।। ભવ્યસમુદાયરૂપ સર્વત્ર જ હિતકારિણી પ્રવૃત્તિ કહેવાઈ છે –**

કેવા પ્રકારની પરિણતિથી હિતકારિણી પ્રવૃત્તિ કહેવાઈ છે ? તે સ્પષ્ટ કરે છે -

**અનુરૂપ એવી સમાપત્તિથી=ઉચિત એવી સર્વને અનુગ્રહ કરવાની પરિણતિથી હિતકારી પ્રવૃત્તિ કહેવાઈ છે.**

ક્યાં અને કઈ રીતે હિતકારી પ્રવૃત્તિ કહેવાઈ છે ? તે સ્પષ્ટ કરે છે –

**સંજીવની ચારના દૃષ્ટાંતથી ચરમ એવા ભાવનાજ્ઞાનમાં હિતકારી પ્રવૃત્તિ કહેવાઈ છે. અહીં=ભાવનાજ્ઞાનવિષયક સંજીવની ચારના દૃષ્ટાંતમાં આ ભાવાર્થ વૃદ્ધો વડે કહેવાય છે –**

**જે પ્રમાણે વિદ્યાધરીના વચનથી પ્રાપ્ત કરાયો છે, કૃત્રિમ ગાયરૂપે કરાયેલા સ્વપતિના સ્વભાવલાભના ઉપાયભાવરૂપ સંજીવનીના સદ્ભાવને જેણે એવી, ત્યાં=વટવૃક્ષની નીચે રહેલી સંજીવનીને વિશેષ કરીને નહીં જાણતી, વટવૃક્ષની નીચે રહેલી કોઈક સ્ત્રી વડે, તેને=સ્વપતિને, તત્પ્રદેશવર્તી સર્વ જ ચારો ચરાવાયો, અને અનુષંગથી=સર્વ ચારાના ચરવાના અનુષંગથી, સંજીવનીનો ઉપભોગ થવાને કારણે તે પુરુષ થયો.**

**एवं=એ રીતે=પોતાના પતિને સંજીવની ચરાવવા અર્થે કોઈક સ્ત્રીએ જેમ સર્વ જ ચારો ચરાવ્યો અને અનુષંગથી સંજીવનીનો ઉપભોગ થયો એ રીતે, સર્વત્ર જ યોગ્ય જીવોમાં ભાવનાજ્ઞાન કૃપાપર થાય છે=ભાવનાજ્ઞાનવાળા પુરુષ કૃપા કરવામાં તત્પર થાય છે. વળી હિત યોગ્યતા નિયત સંભવે છે= શ્રોતારૂપ પુરુષની યોગ્યતાના અનુસારે હિત સંભવે છે. ।।૧૫।।**

❖ 'संवृत्त इति'માં 'इति' શબ્દ કથાનકની સમાપ્તિ માટે છે, અને 'योग्यतानियत-सम्भवमिति'માં 'इति' શબ્દ અહીં આ ભાવાર્થ વૃદ્ધો વડે ઉપદેશ અપાય છે, તેમ કહ્યું, તે કથનની સમાપ્તિ માટે છે.

**ભાવાર્થ :-**

**ભાવનાજ્ઞાનવાળા યોગીની પ્રવૃત્તિ :-**

**(૩) ભાવનાજ્ઞાન :-** ચિન્તાજ્ઞાન થયા પછી યોગી ચિન્તાજ્ઞાનમાં થયેલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બોધનું પરાવર્તન કરીને આત્માને અત્યંત ભાવિત કરે છે ત્યારે ભાવનાજ્ઞાનની પરિણતિ પ્રગટે છે, અને ભાવનાજ્ઞાનથી સંપન્ન થયેલા યોગીઓ સર્વત્ર અત્યંત ઉચિત પ્રવૃત્તિ કરનારા હોય છે. તેથી સર્વને અનુગ્રહ કરવાની ઉચિત પરિણતિથી યોગ્ય જીવોને ઉપકાર કરવા યત્ન કરે છે, જે ઉપકારની પ્રવૃત્તિ સંજીવની ચારના દૃષ્ટાંતથી ભાવનાજ્ઞાનમાં મનાઈ છે.

જેમ પોતાના પતિને સંજીવની ચરાવવા અર્થે તે પ્રદેશવર્તી સર્વ ચારો ચરાવીને તે સ્ત્રીએ પોતાના પતિને પુરુષ બનાવ્યો, તેમ જે જીવો ભગવાનના શાસનને પામ્યા નથી, તેથી સંજીવનીને ચરતા નથી, આમ છતાં તત્ત્વની પ્રાપ્તિને માટે યોગ્યતાવાળા છે, તેવા જીવોના ઉપકારાર્થે ભાવનાજ્ઞાનવાળા યોગીઓ તેમને સર્વ દેવો પ્રત્યે મધ્યસ્થભાવ ઉત્પન્ન થાય અને તત્ત્વનો પક્ષપાત થાય તેવો ઉપદેશ આપીને તેમને સંજીવનીનો ચારો ચરતા કરે છે.

જેમ કોઈ યોગ્ય જીવ વિશેષ બોધવાળો ન હોય અને સ્વદર્શનનો પક્ષપાત કરતો હોય તો તે જીવ તત્ત્વની પ્રાપ્તિ કરી શકે નહીં, પરંતુ સ્વદર્શનની જે કોઈ માન્યતા છે, તેટલા માત્રમાં જ ઉદ્યમવાળો રહે છે. એવા જીવને જો તત્ત્વાતત્ત્વની વિશેષ પ્રજ્ઞા પ્રગટાવવા અર્થે મધ્યસ્થભાવ ઉત્પન્ન કરાવે, અને તત્ત્વનો રાગ ઉત્પન્ન કરાવે, તો તે જીવ તત્ત્વની જિજ્ઞાસાથી સર્વ યોગીઓ પાસે તત્ત્વ સાંભળવા જાય; અને જેમ જેમ અન્ય અન્ય પાસે તત્ત્વશ્રવણ કરે, તેમ તેમ તત્ત્વાતત્ત્વના વિભાગને અનુકૂળ તેની બુદ્ધિ પરિષ્કૃત બને છે; અને જ્યારે તેની બુદ્ધિમાં સર્વજ્ઞએ કહેલ તત્ત્વ જ તત્ત્વરૂપે ભાસે છે, ત્યારે સંજીવની જેવા ભગવાનના વચનની પ્રાપ્તિ થવાથી તે પશુ જેવો જીવ પુરુષ બને છે.

અહીં ટીકામાં કહ્યું કે 'આ રીતે અર્થાત્ જે રીતે તે સ્ત્રી પોતાના પતિ પ્રત્યે કૃપાપર હતી તેથી સર્વ ચારો ચરાવ્યો, એ રીતે, ભાવનાજ્ઞાન સર્વત્ર કૃપાપર થાય છે.' તેનાથી એ પ્રાપ્ત થાય કે જે રીતે તે સ્ત્રીએ સર્વ ચારો ચરાવીને પોતાના પતિને પુરુષ બનાવ્યો, એ રીતે ભાવનાજ્ઞાનવાળા યોગી સંજીવની નહીં ચરનારા એવા પુરુષને સર્વ ચારો ચરાવીને સંજીવની ચરાવવા યત્ન કરે છે; અને જેઓ સંજીવની ચરી રહ્યા છે, તેવા જૈનદર્શનને પામેલા યોગીઓને વિશેષ પ્રકારનો બોધ કરાવીને વિશેષ સંજીવની ચરાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ટીકામાં કહ્યું કે 'તે જીવોની યોગ્યતા પ્રમાણે હિત થાય છે.' તેનાથી એ પ્રાપ્ત થાય કે ભાવનાજ્ઞાનવાળા યોગીઓ સર્વને સંજીવની ચરાવતા હોય છે, તોપણ કેટલાક જીવોને તે ભવમાં સંજીવનીની પ્રાપ્તિ ન પણ થાય, અને કેટલાક જીવોને તે ભવમાં સંજીવનીની પ્રાપ્તિ થાય પણ ખરી. તેથી શ્રોતાની યોગ્યતા પ્રમાણે હિતનો સંભવ છે, આ અર્થમાં દૃષ્ટાન્ત-દાર્ષ્ટાન્તિકભાવનું યોજન કરવું; પરંતુ જેમ તે સ્ત્રીને વટવૃક્ષની નીચે રહેલી વનસ્પતિઓમાં 'કોઈક વનસ્પતિ સંજીવની છે' એટલું જ માત્ર જ્ઞાન હતું. પરંતુ કઈ વનસ્પતિવિશેષ સંજીવની છે, તેનું જ્ઞાન ન હતું; તેમ પ્રસ્તુત ભાવનાજ્ઞાનવાળા યોગીને સંજીવનીનું જ્ઞાન નથી, માટે સર્વ ચારો ચરાવે છે, તેવા અર્થમાં દૃષ્ટાન્તનું યોજન કરવું નહીં, પરંતુ શ્રોતાને સંજીવનીનું જ્ઞાન નથી તેથી તેને સર્વ ચારો ચરાવે છે, તે અર્થમાં દૃષ્ટાંતનું યોજન કરવું. **॥૧૫॥**

**અવતરણિકા :-**

**एतस्यैव फलमभिष्टौति –**

**અવતરણિકાર્થ :-**

**આના જ ફળની=ભાવનાજ્ઞાનના ફળની સ્તુતિ કરે છે –**

**ભાવાર્થ :-**

ભાવનાજ્ઞાનથી જ કયું કૃત્ય બળવાન છે અને કયું કૃત્ય અબળવાન છે, તેનો ઉચિત નિર્ણય થઈ શકે છે. એ રૂપ ભાવનાજ્ઞાનના ફળને બતાવીને ભાવનાજ્ઞાનનું મહત્વ બતાવે છે --

**શ્લોક :-**

**एतेनैवोपवासादेर्वैयावृत्त्यादिघातिनः ।**
**नित्यत्वमेकभक्तादेर्जानन्ति बलवत्तया ।।१६।।**

**અન્વયાર્થ :-**

**एतेनैव=આના વડે જ=ભાવનાજ્ઞાન વડે જ, वैयावृत्त्यादिघातिनः=વૈયાવૃત્ત્યાદિ ગુણનો ઘાત કરનાર એવા उपवासादेः=ઉપવાસાદિથી एकभक्तादेः=એક**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભક્તાદિનું बलवत्तया=બળવાનપણારૂપે नित्यत्वम्=નિત્યપણું=जानन्ति=જાણે છે. ॥૧૬॥

**શ્લોકાર્થ :-**

**ભાવનાજ્ઞાન વડે જ વૈયાવૃત્ત્યાદિ ગુણનો ઘાત કરનાર એવા ઉપવાસાદિથી એકભક્તાદિનું બળવાનપણારૂપે નિત્યપણું=સાર્વદિકપણું જાણે છે. ॥૧૬॥**

❖ 'उपवासादेः' - અહીં 'आदि'થી છટ્ઠના પારણે છટ્ઠ, અટ્ઠમના પારણે અટ્ઠમનું ગ્રહણ કરવું.

❖ 'वैयावृत्त्यादि' - અહીં 'आदि'થી સ્વાધ્યાયાદિનું ગ્રહણ કરવું.

❖ 'एकभक्तादि' - અહીં 'आदि'થી બિયાસણું-પોરિસી ઇત્યાદિનું ગ્રહણ કરવું.

**ટીકા :-**

एतेनेति-एतेनैव=भावनाज्ञानेनैव, उपावासादेर्वैयावृत्त्यादिबलवद्गुणघातिनः सकाशात्, बलवत्तया नित्यत्वं=सार्वदिकत्वं "अहो णिच्चं तवोकम्मं" इत्याद्यागमप्रसिद्धमेकभक्तादेर्जानन्ति=निश्चिन्वन्ति उपदेशपदादिकर्तारः, अन्यथा हि यथाश्रुतार्थमात्रग्राही एकभक्तापेक्षयोपवासादेरेव बलवत्त्वश्रवणात् पूर्वापरविरोधोद्भावनेनैव म्रियेतेति भावः। विस्तरस्तूपदेशरहस्ये ॥१६॥

**ટીકાર્થ :-**

एतेनैव ..... तूपदेशरहस्ये ॥ આના વડે જ=ભાવનાજ્ઞાન વડે જ, વૈયાવૃત્ત્યાદિરૂપ બલવાન ગુણોનો ઘાત કરનાર એવા ઉપવાસાદિથી, એકભક્તાદિનું 'અહો ! નિત્ય તપકર્મ' ઇત્યાદિ આગમપ્રસિદ્ધરૂપ=દશવૈકાલિકસૂત્રમાં પ્રસિદ્ધ એવું, બલવાનપણારૂપે નિત્યપણું=સાર્વદિકપણું, ઉપદેશપદાદિના કર્તા નિશ્ચય કરે છે. अन्यथा हि=ભાવનાજ્ઞાન વગર યથાશ્રુતાર્થમાત્રગ્રાહી એવો પુરુષ એકભક્તાદિની અપેક્ષાએ ઉપવાસાદિના જ બલવાનપણાનું શ્રવણ હોવાને કારણે પૂર્વાપરના વિરોધના ઉદ્ભાવનથી જ મરે=મૂંઝાય, એ ભાવ છે. વળી વિસ્તાર ઉપદેશરહસ્યમાં છે. ॥૧૬॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

**ભાવનાજ્ઞાનનું ફળ :-**

કોઈપણ ધર્માનુષ્ઠાન નિર્લેપતાની વૃદ્ધિ દ્વારા નિર્જરાનું કારણ બને છે, અને કોઈ સાધક ગુણવાનના ગુણોની ભક્તિના અધ્યવસાયથી સમ્યક્ વૈયાવચ્ચાદિ કરીને નિર્જરા કરી શકે તેવા હોય, આમ છતાં તેવા સાધક ઉપવાસાદિ કરે, અને જો તેમની ઉપવાસાદિની પ્રવૃત્તિથી વૈયાવચ્ચાદિ કૃત્યોમાં શૈથિલ્ય આવતું હોય, અથવા તો વૈયાવૃત્ત્યાદિ કૃત્ય થઈ શકતાં ન હોય, તો તે ઉપવાસાદિની પ્રવૃત્તિ બળવાન ગુણકારી એવા વૈયાવૃત્ત્યાદિની ઘાત કરનારી છે. આવા વૈયાવૃત્ત્યાદિરૂપ બળવાન ગુણોને ઘાત કરનારા ઉપવાસાદિથી નિત્ય એકાસણાને બલવાનરૂપે ઉપદેશપદાદિના કર્તા પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભાવનાજ્ઞાનથી જાણે છે.

આશય એ છે કે શાસ્ત્રમાં "अहो णिच्चं तवोकम्मं" ઇત્યાદિ વચન છે. તે વચનથી એકાસણું નિત્ય તપકર્મ છે એવો અર્થ પ્રાપ્ત થાય છે; અને તે એકાસણાનું નિત્ય તપ, વૈયાવૃત્ત્યાદિનો ઘાત કરનારા ઉપવાસાદિ કરતાં બળવાન છે, એ પ્રકારનો નિર્ણય ભાવનાજ્ઞાનથી જ થઈ શકે છે, પરંતુ શ્રુતજ્ઞાન કે ચિન્તાજ્ઞાનથી થઈ શકતો નથી.

અહીં વિશેષ એ છે કે 'अहो णिच्चं तवोकम्मं" એ પ્રકારના આગમવચનથી એ ફલિત થાય છે કે નિત્ય એકાસણું કરનારા સાધુ મહાતપ કરીને નિર્જરા કરે છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે જે સાધુ અપ્રમાદભાવથી સંયમમાં ઉદ્યમશીલ હોય, અને વૈયાવચ્ચાદિ સર્વ ઉચિત કૃત્યો સ્વશક્તિ અનુસાર ગુણની વૃદ્ધિ થાય એ રીતે કરતા હોય, અને અણાહારીભાવની વૃદ્ધિ થાય એ રીતે નિત્ય એકાસણું આદિ કરતા હોય, તો તેઓનું નિત્ય એકાસણાનું તપ ઘણી નિર્જરાનું કારણ છે, અને તેથી સદા કર્તવ્ય છે; અને જે સાધુ પોતાનાં અન્ય ઉચિત કૃત્યો સિદાય એ રીતે ઉપવાસાદિ કે અઠ્ઠમાદિ કરતા હોય તો તેઓના ઉપવાસાદિ કે અઠ્ઠમાદિ તપ કરતાં પ્રસ્તુત નિત્ય એકાસણાનું તપ બલવાન છે, એ પ્રકારનો નિર્ણય ભાવનાજ્ઞાનથી થાય છે; કેમ કે ભાવનાજ્ઞાન આજ્ઞા પુરસ્કારી છે, અને ભગવાનની આજ્ઞા શક્તિના પ્રકર્ષથી વીતરાગતાને અનુકૂળ ઉદ્યમ કરવાની છે; અને જે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધુ સર્વ ઉચિત કૃત્યો કરીને વીતરાગતાને અનુકૂળ નિર્લેપતાની વૃદ્ધિ કરવા અર્થે સર્વ શક્તિથી ઉદ્યમ કરે છે, અને તે ઉદ્યમમાં ન્યૂનતા ન આવે તે માટે ઉપવાસાદિ તપનું વર્જન કરીને નિત્ય એકાસણું આદિ કરતા હોય, તે સાધુ માટે નિત્ય એકાસણાનું તપ ઉપવાસાદિ કરતાં બળવાન છે.

વળી જેઓને ભાવનાજ્ઞાન પ્રગટ્યું નથી, તેઓ સર્વત્ર ભગવાનની આજ્ઞાને આગળ કરીને પ્રવૃત્તિ કેમ કરવી, તેનો નિર્ણય કરી શકતા નથી. તેથી શાસ્ત્રનાં વચનોથી પ્રાપ્ત થતા અર્થોને ગ્રહણ કરે ત્યારે, શાસ્ત્રમાં તો 'એકાસણું આદિ તપ કરતાં ઉપવાસાદિ તપ બળવાન છે' તેમ પ્રસિદ્ધ છે, અને "अहो णिच्चं तवोकम्मं" એ કથન દ્વારા ઉપવાસાદિ કરતાં એકાસણાને બલવાનરૂપે સાંભળે, તો તેઓને શાસ્ત્રવચનોનો પરસ્પર વિરોધ દેખાય. તેથી તત્ત્વનિર્ણય કરવામાં તેઓ મૂંઝાય છે. માટે ઉચિત સ્થાને શાસ્ત્રવચનોને જોડીને કયા સંયોગોમાં શું બળવાન છે, તેનો નિર્ણય ભાવનાજ્ઞાનસંપન્ન પુરુષ કરી શકે છે.

વળી એકાસણા આદિને શાસ્ત્રકારોએ નિત્ય તપ કહ્યો છે, અને ઉપવાસાદિને નૈમિત્તિક તપ કહ્યો છે, તેનો અર્થ એ નથી કે સાધુએ ઉપવાસાદિની શક્તિ હોય તોપણ નિત્ય એકાસણું જ કરવું જોઈએ અને પર્વતિથિએ જ ઉપવાસાદિ કરવા જોઈએ; અને જો તેમ સ્વીકારવામાં આવે તો ગૌતમાદિ મહામુનિઓ છઠ્ઠના પારણે છઠ્ઠ કરતા હતા, તેને પણ અનુચિત સ્વીકારવાની આપત્તિ આવે.

વસ્તુતઃ જેની શક્તિ માસક્ષમણના પારણે માસક્ષમણ કરવાની હોય તેણે અપ્રમાદભાવની વૃદ્ધિ અર્થે છઠ્ઠના પારણે છઠ્ઠ કરવો ઉચિત નથી, પરંતુ નિત્ય માસક્ષમણના પારણે માસક્ષમણ કરીને સર્વ અન્ય ઉચિત કૃત્યોમાં શક્તિ ફોરવવી જોઈએ, જેથી અપ્રમાદભાવની વૃદ્ધિ થાય, અને તે તે ઉચિત કૃત્યો દ્વારા સંયમના કંડકોની વૃદ્ધિ થાય; પરંતુ જે સાધુમાં માસક્ષમણના પારણે માસક્ષમણ કરીને સંયમના કંડકોની વૃદ્ધિ કરવાનું સામર્થ્ય નથી, અને અન્ય ઉચિત બળવાન યોગોથી સંયમના કંડકોની વૃદ્ધિ કરી શકે તેવા હોય, આમ છતાં તેને ગૌણ કરીને માસક્ષમણાદિ કરે તો તેનો નિષેધ છે. તેમ જે સાધુ ઉપવાસાદિ કરીને સંયમના કંડકોની વૃદ્ધિ કરી ન શકે, અને સંયમના કંડકોની વૃદ્ધિને અનુકૂળ સ્વાધ્યાય કે વૈયાવચ્ચાદિનો વ્યાઘાત કરીને ઉપવાસાદિમાં યત્ન કરે, તો ઉપવાસાદિ નિત્યકર્મરૂપે ઇષ્ટ નથી, પરંતુ એવા સાધુએ નિર્જરા અર્થે નિત્ય એકાસણું કરવું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉચિત છે. એટલું જ નહીં પણ એકાસણું કરવાથી બલવાન યોગનો નાશ થતો હોય તો બિયાસણું આદિ કરીને પણ તે મહાત્મા બલવાન યોગનું સેવન કરે તો ઉચિત છે.

તેથી એ ફલિત થાય કે શક્તિસંપન્ન માટે તો સર્વ ઉચિત કૃત્યોમાં શક્તિ ફોરવવાપૂર્વક નિત્ય માસક્ષમણને પારણે માસક્ષમણ કરવાં એ જ નિત્યકર્મ છે. આથી જ વીરભગવાને પૂર્વભવમાં માસક્ષમણને પારણે માસક્ષમણ કરીને દીર્ઘકાળ સુધી વીશસ્થાનકની આરાધના કરી હતી. **॥૧૬॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોક-૧૬માં કહ્યું કે ભાવનાજ્ઞાનવાળા પુરુષ કયા સ્થાને કઈ પ્રવૃત્તિ નિર્જરા પ્રત્યે બલવાન કારણ છે, તેનો નિર્ણય કરી શકે છે. અન્ય જીવો શાસ્ત્રવચનથી પણ ઉચિત નિર્ણય કરી શકતા નથી. હવે તે કથનને સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**विनैतन्नूनमज्ञेषु धर्मधीरपि न श्रिये ।**
**गृहीतग्लानभैषज्यप्रदानाभिग्रहेष्विव ।।१७।।**

**અન્વયાર્થ :-**

**गृहीतग्लानभैषज्यप्रदानाभिग्रहेष्विव=ગ્રહણ કરાયો છે ગ્લાનને ઔષધ આપવાનો અભિગ્રહ જેના વડે એવા પુરુષોમાં જેમ एतद् विना=આના વિના=ભાવનાજ્ઞાન વિના अज्ञेषु=અજ્ઞ જીવોમાં=પૂર્વાપર અનુસંધાનવિકલ એવા અજ્ઞ જીવોમાં धर्मधीरपि=ધર્મબુદ્ધિ પણ नूनम्=નિશ્ચિત न श्रिये=લક્ષ્મી માટે નથી=ચારિત્રની સંપત્તિ માટે નથી. ।।૧૭।।**

**શ્લોકાર્થ :-**

**ગ્રહણ કરાયો છે ગ્લાનને ઔષધ આપવાનો અભિગ્રહ જેના વડે એવા પુરુષોમાં જેમ, ભાવનાજ્ઞાન વિના અજ્ઞ જીવોમાં ધર્મબુદ્ધિ પણ નિશ્ચિત ચારિત્રની સંપત્તિ માટે નથી. ।।૧૭।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકા :-**

**विनेति-एतद्=भावनाज्ञानं विना, नूनं=निश्चितं, धर्मधीरपि=धर्मबुद्धिरपि, न श्रिये=चारित्रलक्ष्म्यै प्रभवति, गृहीतो ग्लानभैषज्यप्रदानस्य अभिग्रहो 'ग्लानाय मया भैषज्यं दातव्यमित्येवंरूपो यैस्तेषु इव अज्ञेषु पूर्वापरानुसन्धान-विकलेषु' ।।१७।।**

**ટીકાર્થ :-**

एतद्=भावनाज्ञानं ..... पूर्वापरानुसंधानविकलेषु ।। **આના વિના=ભાવનાજ્ઞાન વિના, ધર્મધી પણ=ધર્મબુદ્ધિ પણ, નૂનં=નિશ્ચિત, લક્ષ્મી માટે નથી= ચારિત્રલક્ષ્મી માટે સમર્થ થતી નથી.**

કેવા જીવોમાં ધર્મબુદ્ધિ ચારિત્રની નિષ્પત્તિનું કારણ બનતી નથી, તે બતાવે છે -

**ગ્રહણ કરાયો છે ગ્લાનને ઔષધપ્રદાનનો અભિગ્રહ જેમના વડે='મારે ગ્લાનને ઔષધ આપવું જોઈએ' એવા પ્રકારનો ગ્રહણ કરાયો છે અભિગ્રહ જેમના વડે, તેઓમાં જેમ, પૂર્વાપર-અનુસંધાનવિકલ એવા અજ્ઞ પુરુષોમાં ધર્મબુદ્ધિ પણ ચારિત્રલક્ષ્મી માટે નથી, એમ અન્વય છે. ।।૧૭।।**

**ભાવાર્થ :-**

**ભાવનાજ્ઞાન વગરના જીવોની ધર્મબુદ્ધિ પણ અવિવેકયુક્ત :-**

ઘણાં શાસ્ત્રો ભણેલા હોય, તોપણ પ્રમાણ અને નયથી બોધ કરીને ભગવાનનાં વચનોથી ભાવિત થવા માટે જેઓએ ઉદ્યમ કર્યો નથી, તેવા જીવો ભાવનાજ્ઞાનસંપન્ન નથી, અને ભાવનાજ્ઞાન જેઓમાં પ્રગટ્યું નથી, તેવા જીવો શાસ્ત્રનાં વચનોનું પૂર્વાપર અનુસંધાન કરી શકતા નથી, તેથી અજ્ઞ છે.

જેમ કોઈ પુરુષે 'મારે ગ્લાનને ઔષધ આપવું' એ પ્રકારનો અભિગ્રહ ધર્મબુદ્ધિથી ગ્રહણ કરેલ હોય, અને તે અભિગ્રહનો પરમાર્થ શું છે તે જાણતો ન હોય, ત્યારે જો તે પુરુષને કોઈને ઔષધ આપવાનો પ્રસંગ પ્રાપ્ત ન થાય તો 'મને મહાત્માનો લાભ મળ્યો નહીં' એ પ્રકારે ખેદ કરે છે; પરંતુ ગ્લાનની વૈયાવચ્ચને કહેનારા ભગવાનના વચનના પરમાર્થને જાણતો નથી. તેમ ભાવનાજ્ઞાન વિકલ અજ્ઞ પુરુષ પણ શાસ્ત્રના પરમાર્થને જાણતો નથી, અને તેવો પુરુષ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મબુદ્ધિથી પણ ચારિત્રાચારની ક્રિયાઓ કરે કે તપાદિ કરે, તોપણ તેની ચારિત્રાચારની ક્રિયાઓ કે તપાદિ, ચારિત્રની પ્રાપ્તિ માટે થતા નથી.

અહીં વિશેષ એ છે કે 'यो ग्लानं प्रतिचरति स माम् प्रतिचरति' આ પ્રકારના શાસ્ત્રવચનને સાંભળીને કોઈને ગ્લાન સાધુની ભક્તિ કરવાનો પરિણામ થાય, અને અભિગ્રહ ગ્રહણ કરે કે 'આ ચાતુર્માસમાં જો કોઈ મહાત્મા ગ્લાન થાય તો મારે તેઓને ઔષધાદિ આપવાં' તો આ પ્રકારનો તેનો અભિગ્રહ ગ્લાન સાધુની ભક્તિ કરવાના અધ્યવસાયરૂપ છે માટે સુંદર છે. આમ છતાં ગ્લાનની ભક્તિ કરવાનું કહેનારાં શાસ્ત્રવચનોનો પરમાર્થ નહીં જાણતો હોવાથી તે અભિગ્રહધારી અજ્ઞ પુરુષ, કોઈ સાધુ ગ્લાન ન થાય અને પોતાને ઔષધ પ્રદાનાદિનો લાભ ન મળે ત્યારે જે ખેદ કરે છે તેમાં કારણ તેનું અજ્ઞાન છે. વસ્તુતઃ કોઈ સાધુ શક્તિના ઉત્કર્ષથી સંયમયોગમાં ઉત્કર્ષ કરતા હોય, અને ગ્લાનત્વને કારણે તેમના સંયમયોગમાં શૈથિલ્ય આવતું હોય, ત્યારે તેને દૂર કરીને તેઓના સંયમયોગને દૃઢ કરવામાં સહાયક થવું તે મહાનિર્જરાનું કારણ છે, પરંતુ ઔષધપ્રદાનના લાભ માટે ગ્લાનત્વ ઇચ્છવું તે તો મહા અવિવેક છે. જેને તેવો બોધ હોય તેવા વિવેકી પુરુષને તો કોઈ પણ સાધુ ગ્લાન ન થાય તેમાં પ્રમોદ થાય છે, અને સાધુ ગ્લાન થયા હોય ત્યારે તેઓને ઔષધ આપીને તેમની ગ્લાનિ પોતે દૂર કરે ત્યારે પણ પ્રમોદ થાય છે. તે આ રીતે –

કોઈ સાધુ ગ્લાન ન થાય ત્યારે વિવેકી શ્રાવક વિચારે કે 'સર્વ મહાત્માઓ સંયમયોગમાં સુદૃઢ યત્ન કરી રહ્યા છે, તેઓ ગ્લાન ન થયા તે સુંદર થયું' અને કોઈ સાધુ ગ્લાન થાય ત્યારે વિચારે કે 'ખરેખર ! આ સાધુ ગ્લાન થયા તે સુંદર ન થયું, પરંતુ હવે હું તેઓની ગ્લાનિ દૂર કરીને તેઓના સંયમયોગને સુદૃઢ પ્રવર્તાવવામાં સહાયક બનું' એમ વિચારી ઔષધાદિ દ્વારા તે મહાત્માની ગ્લાનિ દૂર થાય તેવા પ્રયત્ન કરે છે; અને તેમની ગ્લાનિ દૂર થાય ત્યારે તેને હર્ષ થાય છે કે 'આ મહાત્મા ગ્લાનિ દૂર થવાથી હવે સંયમયોગની સુંદર આરાધના કરશે.' આવા પ્રકારનો હર્ષ સંયમ પ્રત્યેના પક્ષપાતથી ઊઠેલો હોવાથી નિર્જરાનું કારણ બને છે; પરંતુ અભિગ્રહને ગ્રહણ કરનાર પુરુષ અજ્ઞ હોય તો ઔષધપ્રદાનનો લાભ ન થાય ત્યારે જેમ ઉચિત ભાવ કરી શકતો નથી, તેમ ભાવનાજ્ઞાન વિનાનો અજ્ઞ પુરુષ પણ સંયમનાં ઉચિત અનુષ્ઠાનો ઉચિત રીતે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોડી શકતો નહીં હોવાને કારણે, તે અનુષ્ઠાનોથી મોહનું ઉન્મૂલન થાય તેવા સમ્યક્ ભાવ કરી શકતો નથી. **॥૧૭॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોક-૧૭માં કહ્યું કે ગ્લાનને ઔષધપ્રદાનના ગ્રહણ કરાયેલા અભિગ્રહવાળા પુરુષની જેમ, ભાવનાજ્ઞાન વિના અજ્ઞ પુરુષમાં થતી ધર્મબુદ્ધિ પણ ચારિત્રલક્ષ્મીનું કારણ બનતી નથી. હવે તે અભિગ્રહધારી પુરુષના દૃષ્ટાંતનું તાત્પર્ય સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**तेषां तथाविधाप्राप्तौ स्वाधन्यत्वविभाविनाम् ।**
**चित्तं हि तत्त्वतः साधुग्लानभावाभिसन्धिमत् ।।१८।।**

**અન્વયાર્થ :-**

तथाविधाप्राप्तौ=તેવા પ્રકારની અપ્રાપ્તિમાં=તેવા પ્રકારના ગ્લાનની અપ્રાપ્તિમાં स्वाधन्यत्वविभाविनाम्=પોતાના અધન્યત્વને માનનારા એવા तेषां=તેઓનું चित्तं=ચિત્ત, हि=જે કારણથી तत्त्वतः=તત્ત્વથી साधुग्लानभावाभिसन्धिमत्=સાધુના ગ્લાનભાવની અભિસંધિવાળું છે, ।।૧૮।।

**શ્લોકાર્થ :-**

**તેવા પ્રકારના ગ્લાનની અપ્રાપ્તિમાં પોતાના અધન્યત્વને માનનારા એવા તેઓનું ચિત્ત, જે કારણથી તત્ત્વથી સાધુના ગ્લાનભાવની અભિસંધિવાળું છે, ।।૧૮।।**

**ટીકા :-**

तेषामिति-तेषां=गृहीतोक्ताभिग्रहाणां, तथाविधस्य ग्लानस्याप्राप्तौ, स्वाधन्यत्वविभाविनां 'अहोऽहमधन्यो न सिद्धं मे वान्छितं' इत्येवमालोचनपराणां, चित्तं हि=यतः, तत्त्वतोऽभिग्रहविषयाप्राप्तौ शोकगमनलक्षणाद् भावात्, साधूनां ग्लानभावेऽभिसन्धिमद्=अभिप्रायान्वितं भवति । भावनान्वितश्च नैवं प्रतिजानीते । यतः परैरप्येवमिष्यते । यदाह तारावाप्तौ रामं प्रति सुग्रीवः -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"अङ्गेष्वेव जरां यातु यत्त्वयोपकृतं मम ।

नरः प्रत्युपकाराय विपत्सु लभते फलम्" ।। **इति ।**

**एवं दानदीक्षादिकमपि भावनां विना स्थूलबुद्ध्या न श्रिये, किं त्वनर्थकृदेव । यदुक्तमष्टके –**

"एवं विरुद्धदानादौ हीनोत्तमगतेः सदा ।

प्रव्रज्यादिविधाने च शास्त्रोक्तन्यायबाधिते" ।। **(अष्टक प्र० २१-७) इति ।।१८।।**

**ટીકાર્થ :-**

**तेषां ..... इति ।। તેવા પ્રકારના ગ્લાનની અપ્રાપ્તિમાં=પોતાનું ઔષધ ગ્રહણ કરે તેવા પ્રકારના ગ્લાનની અપ્રાપ્તિમાં, સ્વઅધન્યત્વનું વિભાવન કરનારા='અહો ! હું અધન્ય છું, મારું ઈચ્છિત સિદ્ધ થયું નહીં', એ પ્રકારે આલોચનમાં પરાયણ એવા, તેઓનું=ગૃહીત ઉક્ત અભિગ્રહધારીઓનું, ચિત્ત हि=यतः=જે કારણથી અભિગ્રહના વિષયની અપ્રાપ્તિમાં શોકગમનરૂપ ભાવ હોવાને કારણે, તત્ત્વથી સાધુના ગ્લાનભાવમાં અભિસંધિવાળું છે= સાધુના ગ્લાનભાવવિષયક અભિપ્રાયવાળું છે; અને જે કારણથી ભાવનાજ્ઞાનથી અન્વિત, આ રીતે=જે રીતે સાધુને ગ્લાનભાવમાં અભિસંધિ થાય એ રીતે, પ્રતિજ્ઞા કરતા નથી અર્થાત્ 'જો કોઈ ગ્લાન પ્રાપ્ત થાય તો હું તેઓને ઔષધ આપીશ' એ પ્રકારના અભિગ્રહને કરે છે, જેથી ગ્લાન સાધુની અપ્રાપ્તિમાં શોકગમનનો પરિણામ થાય નહીં, અને જે કારણથી પર વડે પણ આ પ્રમાણે કહેવાયું છે=આગળ બતાવે છે એ પ્રમાણે કહેવાયું છે.**

**यदाह ..... જેને કહે છે=પર વડે જે કહેવાયું છે, તેને કહે છે –**

**તારાની પ્રાપ્તિમાં રામ પ્રતિ સુગ્રીવ કહે છે –**

"જે તમારા વડે મને ઉપકાર કરાયો, અંગોમાં જ જરાને પામો=તે તમારો ઉપકાર મારા અંગોમાં જ વિનાશને પામો.

આનાથી શું પ્રાપ્ત થાય ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

"નર=ઉપકાર કરનાર પુરુષ, પ્રત્યુપકાર માટે આપત્તિમાં ફળને પ્રાપ્ત કરે છે." (ઉપકાર કરનાર પુરુષ આપત્તિમાં આવે તો તેનો પ્રત્યુપકાર થઈ શકે, આથી સુગ્રીવ રામને કહે છે તમારો પ્રત્યુપકાર કરવાનો પ્રસંગ જ મને પ્રાપ્ત ન થાઓ.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે.**

**એ રીતે=જે રીતે ભાવનાજ્ઞાન વિના ધર્મબુદ્ધિ ચારિત્રની વૃદ્ધિ માટે નથી એ રીતે, ભાવનાજ્ઞાન વિના સ્થૂલબુદ્ધિથી દાનદીક્ષાદિક પણ=સ્થૂલબુદ્ધિથી કરાતું દાન અને સ્થૂલબુદ્ધિથી ગ્રહણ કરાતી દીક્ષાદિ પણ, શ્રેય માટે નથી=ગુણસંપત્તિ માટે નથી, પરંતુ અનર્થકૃત જ છે.**

**જે કહેવાયું છે=જે 'અષ્ટક પ્રકરણ' ૨૧-૭માં કહેવાયું છે.**

"આ રીતે=ધર્મબુદ્ધિથી ગ્લાનને ઔષધદાનનો અભિગ્રહ કરાય છે તેમાં પણ ધર્મનો વ્યાઘાત છે એ રીતે, સદા હીનમાં ઉત્તમની ગતિ હોવાને કારણે=હીન કૃત્યમાં ઉત્તમ કૃત્યનો બોધ હોવાને કારણે, વિરુદ્ધ દાનાદિમાં અને શાસ્ત્રોક્ત ન્યાયથી બાધિત એવા પ્રવ્રજ્યાદિ વિધાનમાં ધર્મનો વ્યાઘાત જ જાણવો, એમ અષ્ટક-૨૧, શ્લોક-૮ સાથે સંબંધ છે." **(અષ્ટક પ્રકરણ-૨૧-૭)**

**'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે. ॥૧૮॥**

❖ 'दानदीक्षादिकमपि' - અહીં 'आदि'થી માસક્ષમણના પારણે માસક્ષમણ આદિનું ગ્રહણ કરવું, અને 'अपि'થી એ કહેવું છે કે ગ્લાનૌષધદાનનો અભિગ્રહ તો શ્રેય માટે નથી, પરંતુ તેવાં દાનદીક્ષાદિ પણ શ્રેય માટે નથી.

**ભાવાર્થ :-**

**ભાવનાજ્ઞાન વગરના જીવોની ધર્મબુદ્ધિ પણ અવિવેકથી યુક્ત :-**

કોઈક આરાધક જીવ ઉપદેશક પાસેથી સાંભળે કે "ગ્લાનને ઔષધ આપવું તે મહાફળવાળું છે", અને તે સાંભળીને ગ્લાન સાધુને ઔષધ આપવાનો અભિલાષ થાય અને અભિગ્રહ ગ્રહણ કરે કે 'ગ્લાન સાધુને મારે ઔષધ આપવું;' પરંતુ કોઈ સાધુ ગ્લાન થાય નહીં અને ઔષધદાનની પ્રવૃત્તિ થાય નહીં, ત્યારે તે આરાધક જીવને થાય કે 'હું અધન્ય છું કે મારું ઇચ્છિત સિદ્ધ થયું નહીં.' આ પ્રકારની તેની વિચારણા અભિગ્રહના વિષયની અપ્રાપ્તિથી શોકનું કારણ બને છે, તેથી તેની વિચારણા અર્થથી સાધુ ગ્લાન થાય તેવા અભિપ્રાયવાળી છે. વસ્તુતઃ ભાવનાજ્ઞાનવાળા પુરુષ આ રીતે પ્રતિજ્ઞા કરે નહીં અર્થાત્ ભાવનાજ્ઞાનરહિત આરાધક જીવે પ્રતિજ્ઞા કરી કે 'ગ્લાનને મારે ઔષધ આપવું', એ પ્રકારે ભાવનાજ્ઞાનવાળા પ્રતિજ્ઞા કરે નહીં, પરંતુ 'જો કોઈ સાધુ ગ્લાન થાય તો મારે ઔષધ આપવું' એ પ્રકારે પ્રતિજ્ઞા કરે અર્થાત્ 'સાધુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંયમની આરાધના સમ્યક્ કરે અને ગ્લાન ન થાય એ જ મને ઇષ્ટ છે, પરંતુ કર્મના દોષથી કોઈ સાધુ ગ્લાન થાય અને તેઓની આરાધના સ્ખલના પામતી હોય ત્યારે હું તેઓને ઔષધપ્રદાન દ્વારા તેમની સંયમની આરાધનામાં નિમિત્ત બનું' એ પ્રકારના અભિપ્રાયથી ભાવનાજ્ઞાનવાળા પુરુષ અભિગ્રહ ગ્રહણ કરે.

વળી ભાવનાજ્ઞાન વગરના જીવો જે રીતે ગ્લાનને ઔષધપ્રદાન વિષયક અભિગ્રહ કરે છે, તે રીતે અન્ય પણ કોઈ ધર્માનુષ્ઠાન સ્થૂલ બુદ્ધિથી કરે અર્થાત્ સ્થૂલ બુદ્ધિથી દાન આપે, દીક્ષા લે અથવા અન્ય કોઈ ધર્માનુષ્ઠાન કરે, તે સર્વ ધર્માનુષ્ઠાનમાં અવિવેક વર્તતો હોવાથી અનર્થ કરનાર છે; જ્યારે ભાવનાજ્ઞાનથી યુક્ત પુરુષ જે કોઈ અભિગ્રહ ગ્રહણ કરે કે જે કોઈ ધર્માનુષ્ઠાન કરે, તે સર્વ ભગવાનની આજ્ઞાને આગળ કરીને ઉચિત પ્રવૃત્તિરૂપ હોવાથી એકાંતે નિર્જરાનું કારણ છે.

અહીં વિશેષ એ છે કે શ્રુતજ્ઞાન, ચિન્તાજ્ઞાન અને ભાવનાજ્ઞાન : આ ત્રણે પ્રકારનાં જ્ઞાનો મોક્ષને અનુકૂળ ઉચિત પ્રવૃત્તિ કરાવનારાં છે, તેથી કલ્યાણનાં કારણ છે; તોપણ ભાવનાજ્ઞાનમાં જે પૂર્ણ વિવેક છે, તેવો વિવેક શ્રુતજ્ઞાન અને ચિન્તાજ્ઞાનવાળાને નથી. તેથી તેઓની પ્રવૃત્તિમાં જે અંશથી અવિવેક સંલગ્ન છે, તે અંશથી તેમનું કૃત્ય અનર્થને કરનાર છે; અને જે અંશથી યથાર્થ બોધ છે, તે અંશથી તેમનું કૃત્ય કલ્યાણનું કારણ છે. **॥૧૮॥**

**અવતરણિકા :-**

**इत्थं च भावनैव सर्वक्रियाजीवातुरिति निगमयति –**

**અવતરણિકાર્થ :-**

**અને આ રીતે=શ્લોક-૧૭-૧૮માં સ્થાપન કર્યું એ રીતે, ભાવના જ= ભાવનાજ્ઞાન જ, સર્વ ક્રિયાનો જીવાતુ છે=સર્વ ક્રિયાનો પ્રાણ છે, એ પ્રમાણે નિગમન કરે છે –**

**શ્લોક :-**

**तस्माद् भावनया भाव्यं शास्त्रतत्त्वं विनापरम् ।**
**परलोकविधौ मानं बलवन्नात्र दृश्यते ।।१९।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અન્વયાર્થ :-**

तस्मात्=તે કારણથી=ભાવનાજ્ઞાનથી સર્વ ક્રિયાઓ કલ્યાણની પરંપરાનું કારણ બને છે અને ભાવનાજ્ઞાનથી રહિત સર્વ ક્રિયાઓ ધર્મનો વ્યાઘાત કરનારી થાય છે તે કારણથી, अत्र=અહીં=જગતમાં भावनया भाव्यं शास्त्रतत्त्वं विना=ભાવના વડે ભાવ્ય એવા શાસ્ત્રતત્ત્વ વિના अपरम्=બીજું કોઈ परलोकविधौ=પરલોકવિધિમાં बलवान्=બળવાન मानं=પ્રમાણ न दृश्यते=દેખાતું નથી. ॥૧૯॥

**શ્લોકાર્થ :-**

**તે કારણથી અહીં=જગતમાં, ભાવના વડે ભાવ્ય એવા શાસ્ત્રતત્ત્વ વિના બીજું કોઈ પરલોકવિધિમાં બળવાન પ્રમાણ દેખાતું નથી. ॥૧૯॥**

**ટીકા :-**

तस्मादिति-परलोकविधौ=धर्मक्रियायां मानं=प्रमाणं बलवद्=अन्यानुपजीवि ॥१९॥

**ટીકાર્થ :-**

परलोकविधौ ..... दन्यानुपजीवि ॥ પરલોકવિધિનો અર્થ સ્પષ્ટ કરે છે -

**પરલોકવિધિમાં=ધર્મક્રિયામાં, માન=પ્રમાણ, બલવાન=અન્યઅનુપજીવી અન્ય નથી=શાસ્ત્રતત્ત્વ જ છે, એ પ્રકારનો શ્લોક સાથે ટીકાનો સંબંધ છે. ॥૧૯॥**

**ભાવાર્થ :-**

**(i) ભાવનાજ્ઞાનથી શાસ્ત્રતત્ત્વની પ્રાપ્તિ :**

**(ii) ભાવનાજ્ઞાનથી પ્રાપ્ત એવું શાસ્ત્ર જ પરલોકની પ્રવૃત્તિમાં પ્રમાણભૂત :**

પરલોક અર્થે કરાતી ધર્મક્રિયા કયા ફળને આપે છે, તે પ્રત્યક્ષથી દેખાતી વસ્તુ નથી, તેમ અનુમાનથી પણ નિર્ણય થાય તેમ નથી, પરંતુ શાસ્ત્રવચનથી જ તે ક્રિયાના ફળનો નિર્ણય થાય છે. તેથી ધર્મક્રિયાથી કયું ફળ પ્રાપ્ત થશે, તેમાં બળવાન પ્રમાણ શાસ્ત્રતત્ત્વ છે, અન્ય કોઈ બળવાન પ્રમાણ નથી; અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાસ્ત્રતત્ત્વનો બોધ પણ માત્ર શબ્દોના અર્થનો બોધ કરવાથી થતો નથી, પરંતુ શ્રુતજ્ઞાન, ચિન્તાજ્ઞાન અને ભાવનાજ્ઞાનના ક્રમથી થાય છે; અને તે ત્રણ પ્રકારના બોધમાં પણ શ્રુતજ્ઞાન અને ચિન્તાજ્ઞાનથી થયેલાં શાસ્ત્રવચનોનો બોધ ધર્મક્રિયામાં બળવાન પ્રમાણ નથી, પરંતુ ભાવનાજ્ઞાનથી પ્રાપ્ત થયેલો બોધ જ ધર્મક્રિયામાં બળવાન પ્રમાણ છે અર્થાત્ પરલોકની પ્રવૃત્તિમાં પ્રમાણભૂત છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે કઈ પ્રવૃત્તિ ઉચિત છે અને કઈ પ્રવૃત્તિ અનુચિત છે, તેનો નિર્ણય ભાવનાજ્ઞાનથી થાય છે; અને નિર્ણીત થયેલી ઉચિત પ્રવૃત્તિ પણ કઈ રીતે સેવવામાં આવે તો લક્ષ્યની પ્રાપ્તિનું કારણ બને, અને કઈ રીતે સેવવામાં આવે તો લક્ષ્યની પ્રાપ્તિનું કારણ ન બને, તેનો નિર્ણય પણ ભાવનાજ્ઞાનથી થાય છે. તેથી જે યોગીને ભાવનાજ્ઞાનથી શાસ્ત્રતત્ત્વનો બોધ થયો છે, અને તેને અનુરૂપ ક્રિયા કરે છે, તેઓને તે ક્રિયાઓનું જે ફળ સર્વજ્ઞએ કહ્યું છે, તે ફળ પ્રાપ્ત થાય છે. **॥૧૯॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧માં કહ્યું કે ઉપદેશકે બાલાદિની અપેક્ષાએ દેશના આપવી જોઈએ. ત્યારપછી શ્લોક-૬માં બાલ, મધ્યમ અને પંડિત પુરુષનું લક્ષણ બતાવ્યું, અને ત્યારપછી ધર્મની પ્રવૃત્તિ બાલજીવો કેવી કરે છે, તેનું સ્વરૂપ શ્લોક-૭માં બતાવ્યું, મધ્યમ જીવો ધર્મની પ્રવૃત્તિ કેવી કરે છે તેનું સ્વરૂપ શ્લોક-૮માં બતાવ્યું, અને પંડિત પુરુષોથી શાસ્ત્રતત્ત્વ જ્ઞેય છે, તેનું સ્વરૂપ શ્લોક-૯માં બતાવ્યું. ત્યારપછી શાસ્ત્રનો પરમાર્થ શ્રુત, ચિન્તા અને તેની ઉત્તરમાં ઉત્પન્ન થતી ભાવનાથી પ્રાપ્ત થાય છે, એમ બતાવીને, શ્રુતજ્ઞાન, ચિન્તાજ્ઞાન અને ભાવનાજ્ઞાનનું સ્વરૂપ બતાવ્યું. હવે ધર્મને અત્યંત અભિમુખ થયેલ એવા બાલને કેવા પ્રકારનો ધર્મનો ઉપદેશ આપવો જોઈએ, તે બતાવે છે –**

**શ્લોક :-**

**बाह्यक्रियाप्रधानैव देया बालस्य देशना ।**
**सेवनीयस्तदाचारो यथाऽसौ स्वास्थ्यमश्नुते ।।२०।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અન્વયાર્થ :-**

बालस्य=બાલને बाह्यक्रियाप्रधानैव=બાહ્યક્રિયાપ્રધાન જ देशना=દેશના देया= આપવી જોઈએ, तदाचारः=તે આચાર सेवनीयः=સેવવો જોઈએ=ઉપદેશકે સેવવો જોઈએ, यथा=જે રીતે असौ=આ=બાલ स्वास्थ्यम्=સ્વાસ્થ્યને अश्नुते= પામે. ॥૨૦॥

**શ્લોકાર્થ :-**

**બાલને બાહ્યક્રિયાપ્રધાન જ દેશના આપવી જોઈએ, તે આચાર સેવવો જોઈએ=જે આચારનો બાલને ઉપદેશ આપે છે તે આચાર ઉપદેશકે સેવવો જોઈએ, જે રીતે આ=બાલ, સ્વસ્થતાને પામે. ॥૨૦॥**

**ટીકા :-**

बाह्येति-स्पष्टः ॥२०॥

**ટીકાર્થ :-**

बाह्येति-स्पष्टः ॥ શ્લોકાર્થ સ્પષ્ટ હોવાથી ગ્રંથકારશ્રીએ ટીકા લખેલ નથી. ॥૨૦॥

**અવતરણિકા :-**

બાલને કેવા પ્રકારની બાહ્યક્રિયાપ્રધાન દેશના આપવી જોઈએ ? તે સ્પષ્ટ કરે છે –

**શ્લોક :-**

सम्यग्लोचो धरा शय्या तपश्चित्रं परीषहाः ।
अल्पोपधित्वमित्यादि बाह्यं बालस्य कथ्यते ॥२१॥

**અન્વયાર્થ :-**

सम्यग्लोचः=સમ્યગ્ લોચ=દેહ પ્રત્યેનાં મમત્વ અને કષ્ટ પ્રત્યેનો દ્વેષ ઓછો થાય એ પ્રકારે લોચ. धरा शय्या=ભૂમિ ઉપર શય્યા, तपश्चित्रं=ચિત્ર પ્રકારનો તપ, परीषहाः=પરિષહો, अल्पोपधित्वमित्यादि=અલ્પઉપધિપણું ઈત્યાદિ बाह्यं=બાહ્ય આચારો बालस्य=બાલને कथ्यते=કહેવાય છે. ॥૨૧॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોકાર્થ :-**

**સમ્યગ્ લોચ, ભૂમિ ઉપર શય્યા, ચિત્ર પ્રકારનો તપ, પરિષહો, અલ્પઉપધિપણું ઈત્યાદિ બાહ્ય આચારો બાલને કહેવાય છે. ॥૨૧॥**

નોંધ :- અહીં 'सम्यग्' શબ્દનું યોજન બધા આચારો સાથે છે.

**ટીકા :-**

**सम्यगिति-आदिनाऽनुपानत्कत्वं, रजन्यां प्रहरद्वयं स्वापः, महती पिण्डविशुद्धिः, द्रव्याद्यभिग्रहाः, विकृतित्यागः, एकसिक्थादिपारणकं, अनियतविहारकल्पः नित्यं कायोत्सर्गश्च इत्यादिकं गृह्यते ।।२१।।**

**ટીકાર્થ :-**

**आदिना ..... गृह्यते ।।** શ્લોકમાં 'इत्यादि' શબ્દમાં 'आदि'થી શું ગ્રહણ કરવું તે સ્પષ્ટ કરે છે –

**अनुपानत्कत्वं=સાધુએ પગરખાં વાપરવાં જોઈએ નહીં તથા રાત્રે પ્રહરદ્વયની નિદ્રા, મહાપિંડવિશુદ્ધિ, દ્રવ્યાદિનો અભિગ્રહ=દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને આશ્રયીને ભિક્ષાગ્રહણવિષયક અભિગ્રહ, વિગઈ ત્યાગ, એક દાણાદિથી પારણું, અનિયત વિહારકલ્પ=નવકલ્પી વિહારનો આચાર, નિત્ય કાયોત્સર્ગ ઈત્યાદિ શ્લોકમાં રહેલા 'आदि'થી ગ્રહણ કરાય છે. ॥૨૧॥**

**ભાવાર્થ :-**

**(૧) બાલજીવને આપવા યોગ્ય દેશનાનું સ્વરૂપ :-**

ધર્મ સાંભળવા અભિમુખ થયેલા જીવોમાંથી જેઓ બાલ છે, તેઓ સ્થૂલ દૃષ્ટિથી આચારને જોનારા છે; અને તેવા બાલજીવોમાં પણ કેટલાક પ્રાથમિક ભૂમિકાના ધર્મને સેવવાની વૃત્તિવાળા હોય છે, તો કેટલાક સંયમને અભિમુખ થાય તેવી વૃત્તિવાળા પણ હોય છે. તેમાં જે બાલજીવો સંયમને અભિમુખ થાય તેવી વૃત્તિવાળા છે, તેઓને સામે રાખીને કેવી દેશના આપવી જોઈએ ? તે અહીં બતાવતાં કહે છે કે બાલજીવોને બાહ્યક્રિયાઓ ધર્મરૂપે પ્રતિભાસમાન થાય છે, પરંતુ શાસ્ત્રોનો પરમાર્થ ધર્મરૂપે પ્રતિભાસમાન થતો નથી. તેથી તેવા બાલજીવોને શાસ્ત્રનો સૂક્ષ્મ વિવેક બતાવવામાં આવે તો પરમાર્થને પ્રાપ્ત કરી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શકે નહીં; પરંતુ તેમની બુદ્ધિમાં પ્રતિભાસમાન થાય તેવા સંયમના આચારો બતાવવાથી બાલજીવોને તે આચારો ધર્મરૂપે ગ્રહણ થાય છે. તેવા બાલજીવોને આશ્રયીને ઉપદેશકે સંયમજીવનની સર્વ ઉચિત આચરણાઓ બતાવવી જોઈએ, અને સ્વયં પણ તે આચારો એ રીતે સેવવા જોઈએ કે તે જોઈને બાલ પણ તે પ્રકારના આચારો સેવવાને અભિમુખ ભાવવાળો થાય, અને બાહ્ય સારા આચારો સેવીને મોહથી કંઈક અનાકુળ અવસ્થારૂપ સ્વાસ્થ્યને પ્રાપ્ત કરે.

બાલને સંયમજીવનમાં સમ્યગ્ લોચનો ઉપદેશ આપવો જોઈએ અર્થાત્ સંયમજીવન ગ્રહણ કરીને વિભૂષા પ્રત્યેનું મમત્વ ત્યાગ કરવા અર્થે અને કષ્ટ પ્રત્યે દ્વેષ ન થાય તદર્થે લોચ કરવો જોઈએ, તેમ ઉપદેશ આપવો જોઈએ. વળી શરીર પ્રત્યેના મમત્વના ત્યાગ અર્થે સાધુએ ભૂમિ ઉપર શય્યા કરવી જોઈએ, જુદા જુદા તપ કરવા જોઈએ, પરિષહો સહન કરવા જોઈએ અને સંયમને ઉપકારક હોય, એટલી જ અલ્પ પ્રમાણમાં ઉપધિ રાખવી જોઈએ, આ પ્રકારનો ઉપદેશ બાલને આપવામાં આવે છે.

વળી પિંડવિશુદ્ધિ બતાવવા દ્વારા સાધુના ભિક્ષાવિષયક સર્વ દોષો બતાવવામાં આવે, જેથી બાલજીવો નિર્દોષ ભિક્ષા પ્રત્યેના પક્ષપાતવાળા થાય; વળી વિશેષ પ્રકારના સંયમના પરિણામની વૃદ્ધિ અર્થે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને આશ્રયીને ભિક્ષાવિષયક જુદા જુદા અભિગ્રહોનો ઉપદેશ આપે, જે સાંભળીને બાલજીવોને 'આવું ત્યાગમય સંયમજીવન કલ્યાણનું કારણ છે' તેવી બુદ્ધિ થાય. વળી વિગઈઓનો ત્યાગ, નવકલ્પી વિહાર, પગરખાંનો ત્યાગ, રાત્રે બે પ્રહરની નિદ્રા, અનાજના એક દાણાથી પારણું આદિ, તથા હંમેશાં કાયોત્સર્ગમુદ્રામાં રહીને શુભધ્યાન કરવાનો ઉપદેશ આપવામાં આવે, તો તેવી ઉચિત ક્રિયા કરીને બાલજીવો મોહના પરિણામમાંથી કંઈક મુક્ત થઈને આરાધકભાવને પામે. તેથી ઉપદેશકે તેવો ઉપદેશ આપવો જોઈએ.

અહીં બાહ્ય ક્રિયાનો ઉપદેશ આપવો જોઈએ, તેમ કહ્યું નથી; પરંતુ બાહ્યક્રિયાપ્રધાન જ ઉપદેશ આપવો જોઈએ તેમ કહેલ છે. તેથી અર્થથી એ ફલિત થાય કે પરિણામની શુદ્ધિનું કારણ બને તેવી પરિણતિથી વિશિષ્ટ એવી બાહ્યક્રિયાનો ઉપદેશ આપે, જેથી બાહ્યક્રિયાની પ્રધાનતા પ્રાપ્ત થાય અને ગૌણરૂપે પરિણતિની વિશુદ્ધિ પણ પ્રાપ્ત થાય. **॥૨૦-૨૧॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

સંયમધર્મને અભિમુખ બાલજીવોને કેવી દેશના આપવી જોઈએ ? તે શ્લોક-૨૦-૨૧માં બતાવ્યું. હવે સંયમધર્મને અભિમુખ થયેલ મધ્યમ જીવોને કેવી દેશના આપવી જોઈએ ? તે બતાવે છે –

**શ્લોક :-**

मध्यमस्य पुनर्वाच्यं वृत्तं यत्साधुसङ्गतम् ।
सम्यगीर्यासमित्यादि त्रिकोटीशुद्धभोजनम् ।।२२।।
वयः क्रमेणाध्ययनश्रवणध्यानसङ्गतिः ।
सदाशयेनानुगतं पारतन्त्र्यं गुरोरपि ।।२३।।

**અન્વયાર્થ :-**

**मध्यमस्य पुनः=મધ્યમ પુરુષને વળી साधुसङ्गतं यद् वृत्तं=સાધુસંગત જે આચારો છે, તે वाच्यं=કહેવા જોઈએ.**

તે સાધુસંગત આચારો કેવા કહેવા જોઈએ ? તેને સ્પષ્ટ કરે છે –

**सम्यगीर्यासमित्यादि=સમ્યગ્ ઈર્યાસમિતિ આદિ, त्रिकोटीशुद्धभोजनम्=ત્રિકોટી શુદ્ધ ભોજન, वयः क्रमेण=વયના ક્રમથી अध्ययनश्रवणध्यानसङ्गतिः=અધ્યયન, શ્રવણ અને ધ્યાનની સંગતિ, सदाशयेनानुगतं=સદાશયથી યુક્ત पारतंत्र्यं गुरोः= ગુરુનું પારતંત્ર્ય. ।।૨૨-૨૩।।**

**શ્લોકાર્થ :-**

**મધ્યમ પુરુષને વળી સાધુસંગત જે આચારો છે, તે કહેવા જોઈએ.**

સાધુને સંગત એવા કયા આચારો કહેવા જોઈએ ? તેને સ્પષ્ટ કરે છે –

**સમ્યગ્ ઈર્યાસમિતિ આદિ, ત્રિકોટી શુદ્ધ ભોજન, વયના ક્રમથી અધ્યયન, શ્રવણ અને ધ્યાનની સંગતિ અને સદાચારથી યુક્ત ગુરુનું પારતંત્ર્ય. ।।૨૨-૨૩।।**

❖ શ્લોક-૨૩માં 'अपि' શબ્દ પાદપૂર્તિ માટે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકા :-**

मध्यमस्येति-आदिनाऽन्यप्रवचनमातृग्रहः, तिस्रः कोट्यो रागद्वेषमोहरूपाः, कृतकारितानुमतिभेदेन हननपचनक्रयरूपा वा ।।२२।।

**ટીકાર્થ :-**

आदिना ..... क्रयरूपा वा ।। 'आदि'थी='सम्यगीर्यासमित्यादि'ના 'आदि' શબ્દથી, **અન્ય પ્રવચનમાતાનું ગ્રહણ કરવું. રાગ, દ્વેષ, મોહરૂપ ત્રણ કોટી અથવા કૃત, કારિત, અનુમતિના ભેદથી હનન, પચન અને ક્રયરૂપ ત્રણ કોટી. ॥૨૨॥**

**ટીકા :-**

**वय इति-क्रमोऽत्र प्रथमे वयस्यध्ययनं द्वितीयेऽर्थश्रवणं तृतीये च ध्यानेन भावनमित्येवंरूपः । सदाशयः संसारक्षयहेतुर्गुरुरयमिति कुशलपरिणामः ।।२३।।**

**ટીકાર્થ :-**

क्रमोऽत्र ..... कुशलपरिणामः ।। **અહીં=અધ્યયન, શ્રવણ અને ધ્યાનના વિષયમાં, પ્રથમ વયમાં અધ્યયન, બીજી વયમાં અર્થનું શ્રવણ અને ત્રીજી વયમાં ધ્યાનથી ભાવન=ધ્યાનથી આત્માને ભાવિત કરવો, એવા સ્વરૂપવાળો ક્રમ છે.**

શ્લોક-૨૩ના પૂર્વાર્ધનું સ્પષ્ટીકરણ કર્યા પછી શ્લોક-૨૩ના ઉત્તરાર્ધમાં કહેલ 'સદાશયથી યુક્ત ગુરુનું પારતંત્ર્ય' તેમાં સદાશયનો અર્થ સ્પષ્ટ કરે છે -

**'સંસારક્ષયનો હેતુ આ ગુરુ છે' એ પ્રકારનો કુશળ પરિણામ સદાશય છે. ॥૨૩॥**

**ભાવાર્થ :-**

**મધ્યમ જીવોને આપવા યોગ્ય દેશનાનું સ્વરૂપ :-**

મધ્યમ જીવો બાહ્ય આચારમાં પણ સૂક્ષ્મતાને જોનારા હોય છે, અને તેવા જીવોને આચારવિષયક વિશેષ સૂક્ષ્મતાવાળો બોધ થાય તેવો ઉપદેશ આપવામાં આવે તો તેઓને તે ધર્મ ધર્મરૂપે પ્રતિભાસમાન થાય છે; અને તેવી રીતે ધર્મને સેવીને પ્રાજ્ઞ બને છે કે જેથી મધ્યમમાંથી પંડિતપણાને પ્રાપ્ત કરીને શાસ્ત્રના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમાર્થને પ્રાપ્ત કરે છે; અને આવા મધ્યમબુદ્ધિ જીવો જો સર્વવિરતિને અભિમુખભાવવાળા થાય તેવા હોય તો ઉપદેશક તેઓની બુદ્ધિને અનુરૂપ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનો વિસ્તારથી બોધ કરાવે.

વળી સંયમજીવનમાં ત્રણ કોટીથી શુદ્ધ ભોજન કરવું જોઈએ, તેનો ઉપદેશ આપે, અને તે ત્રણ કોટી બે રીતે થાય છે, તે આ રીતે –

(૧) રાગ, દ્વેષ અને મોહરહિત શુદ્ધ ભોજન કરવું જોઈએ અર્થાત્ સાધુએ આહારગ્રહણની ક્રિયાથી માંડીને ભોજનની પ્રવૃત્તિ પર્યંત ક્યાંય રાગ ન થાય, ક્યાંય દ્વેષ ન થાય અને ક્યાંય તત્ત્વના વિપર્યાસરૂપ મોહ ન થાય તે રીતે ત્રિકોટીશુદ્ધ પ્રવૃત્તિ કરવી જોઈએ, જેથી રાગ, દ્વેષ અને મોહથી અનાકુળ એવી ભોજનની પ્રવૃત્તિ સંયમવૃદ્ધિનું કારણ બને.

(૨) કૃત, કારિત અને અનુમતિના ભેદથી હનન, પચન અને ક્રયરૂપ ત્રિકોટીશુદ્ધ ભોજન ગ્રહણ કરે અર્થાત્ કૃત, કારિત અને અનુમતિના ભેદથી હનન ક્રિયા ન થાય, કૃત, કારિત અને અનુમતિના ભેદથી પચનક્રિયા ન થાય અને કૃત, કારિત અને અનુમતિના ભેદથી ખરીદવાની ક્રિયા ન થાય, એ રીતે આહાર ગ્રહણ કરીને ભોજન કરે, જેથી ભોજનની પ્રવૃત્તિ સંયમવૃદ્ધિનું કારણ બને.

વળી સાધુએ વયના ક્રમથી અધ્યયન, શ્રવણ અને ધ્યાન કરવાં જોઈએ, એ પ્રકારનો મધ્યમ જીવોને ઉપદેશ આપે અર્થાત્ (૧) પ્રથમ વયમાં શાસ્ત્રોનું અધ્યયન કરવું જોઈએ=સામાન્ય અર્થના બોધપૂર્વક સૂત્રનું ગ્રહણ કરવું જોઈએ, (૨) દ્વિતીય વયમાં શાસ્ત્રોના અર્થનું શ્રવણ કરવું જોઈએ=શાસ્ત્રોના પરમાર્થની પ્રાપ્તિ થાય તે રીતે ગીતાર્થો પાસેથી અર્થનું શ્રવણ કરવું જોઈએ અને (૩) તૃતીય વયમાં ધ્યાનથી આત્માને ભાવિત કરવો જોઈએ, જેથી આ સંસારનો અંત થાય. આ પ્રકારનો ઉપદેશ મધ્યમ જીવોને અપાય છે.

વળી સદાશયપૂર્વક ગુરુના પારતંત્ર્યનો ઉપદેશ અપાય છે અર્થાત્ 'गृणाति शास्त्रतत्त्वमिति गुरुः'=જે શાસ્ત્રતત્ત્વને બતાવે તે ગુરુ છે, અને તેવા ગુરુ સંસારક્ષયનો હેતુ છે, એ પ્રકારના કુશળ પરિણામપૂર્વક ગુણવાન ગુરુને પરતંત્ર થઈને આરાધના કરવાથી આત્માનું હિત થાય છે, એ પ્રકારનો મધ્યમ જીવોને ઉપદેશ આપવો જોઈએ. **॥૨૨-૨૩॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવતરણિકા :-

તત્ત્વના ઈચ્છુક એવા બુધપુરુષને કેવી દેશના આપવી જોઈએ ? તે બતાવે છે –

શ્લોક :-

वचनाराधनाद्धर्मोऽधर्मस्तस्य च बाधनात् ।
धर्मगुह्यमिदं वाच्यं बुधस्य च विपश्चिता ।।२४।।

અન્વયાર્થ :-

वचनाराधनाद्=વચનની આરાધનાથી धर्मः=ધર્મ છે च=અને तस्य=તેના=વચનના बाधनात्=બાધનથી अधर्मः=અધર્મ છે. इदं धर्मगुह्यम्=આ ધર્મનું રહસ્ય विपश्चिता=પંડિત પુરુષે बुधस्य=બુધને वाच्यं=કહેવું જોઈએ. ।।૨૪।।

શ્લોકાર્થ :-

**'વચનના આરાધનથી ધર્મ છે અને તેના=વચનના, બાધનથી અધર્મ છે' આ ધર્મનું રહસ્ય પંડિત પુરુષે બુધને કહેવું જોઈએ. ।।૨૪।।**

ટીકા :-

वचनेति-वचनाराधनात्=आगमाराधनयैव धर्मः, तस्य=वचनस्य, बाधनादेवाधर्मः नान्यत्रैकान्त इत्येतदुपसर्जनीकृतसकलक्रियं प्रधानीकृतभगवद्वचनं धर्मगुह्यं बुधस्य विपश्चिता वाच्यं, वचनायत्तत्वात्सर्वानुष्ठानस्य ।।२४।।

ટીકાર્થ :-

वचनाराधनात् ..... सर्वानुष्ठानस्य ।। વચનની આરાધનાથી જ=આગમની આરાધનાથી જ, ધર્મ છે, અને તેના=વચનના, બાધનથી જ અધર્મ છે, અન્યત્ર એકાંત નથી=વચનના આરાધનથી જ ધર્મ છે અને વચનના બાધનથી જ અધર્મ છે, એ સિવાય અન્ય સર્વધર્માનુષ્ઠાનની પ્રવૃત્તિઓમાં એકાંત નથી. એથી ઉપસર્જનીકૃત સકલ ક્રિયાવાળું અને પ્રધાનીકૃત ભગવદ્ વચનવાળું એવું આ ધર્મનું રહસ્ય બુધપુરુષને પંડિત પુરુષે કહેવું જોઈએ; કેમ કે સર્વ અનુષ્ઠાનોનું વચનને આધીનપણું છે. ।।૨૪।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

શ્લોક-૬માં કહ્યું કે પંડિત પુરુષો સર્વ યત્નથી શાસ્ત્રતત્ત્વની પરીક્ષા કરે છે. તેથી એ ફલિત થાય કે પંડિત પુરુષો બાહ્ય આચારમાત્રથી કે સૂક્ષ્મ યતનાવાળા આચારમાત્રથી ધર્મમાં ઉત્સાહિત થતા નથી, પરંતુ સર્વ આચારોનું રહસ્ય શાસ્ત્રમાં શું બતાવ્યું છે? તેને જાણવા માટે ઉદ્યમ કરે તેવી મનોવૃત્તિવાળા હોય છે. આવા પંડિત શ્રોતાઓને ગીતાર્થ ઉપદેશક તેમની પ્રકૃતિને જાણીને કલ્યાણનું કારણ બને એવો ઉપદેશ આપે છે, અને તે વખતે સંયમના કેવા આચારો કલ્યાણનું કારણ છે ? તેની પ્રધાનતાથી ધર્મનો ઉપદેશ આપતા નથી, પરંતુ સારરૂપે કહે છે કે 'વીતરાગ સર્વજ્ઞએ બતાવેલ આગમની આરાધનાથી જ ધર્મ છે, અને આગમનો બાધ થાય તે પ્રકારની પ્રવૃત્તિથી જ અધર્મ છે.' આ ઉપદેશમાં ધર્મની સર્વ આચરણાઓ ગૌણ કરાય છે, અને ભગવાનના વચનની પ્રધાનતા બતાવાઈ છે અર્થાત્ ધર્મની સર્વ આચરણાઓ કરવાનો નિષેધ કરાયો નથી, પરંતુ ભગવાનના વચનાનુસાર જે કોઈ ધર્મની આચરણા છે તે જ કલ્યાણનું કારણ છે, અને ભગવાનના વચનના સ્મરણ વગર જે કોઈ ધર્મની પણ આચરણા છે, તે કલ્યાણનું કારણ નથી, તેમ બતાવાય છે; કેમ કે સર્વ ધર્માનુષ્ઠાનો ભગવાનના વચનને આધીન છે. તેથી ધર્માનુષ્ઠાનના સેવનનું મહત્ત્વ નથી, પરંતુ ભગવાનના વચનનું સ્મરણ કરીને તે અનુસાર કરાયેલું અનુષ્ઠાન જ કલ્યાણનું કારણ છે, આ પ્રકારનો ઉપદેશ આપવાથી પંડિત પુરુષ પ્રકૃતિથી શાસ્ત્રતત્ત્વની પરીક્ષા કરવાની મનોવૃત્તિવાળા હતા, અને તે જ કર્તવ્ય છે તેવું ઉપદેશક પાસેથી પણ જ્ઞાન થવાથી સ્વશક્તિ અનુસાર શાસ્ત્રના પરમાર્થને જાણવા માટે ઉદ્યમ કરે છે, અને તેમાં જ તેમને ધર્મબુદ્ધિ થાય છે. તેથી આવા પંડિત પુરુષો શ્રુતજ્ઞાન અને ચિન્તાજ્ઞાનના ક્રમથી ભાવનાજ્ઞાનરૂપે શાસ્ત્રના પરમાર્થને પ્રાપ્ત કરે છે, જેથી ભગવાનના વચનના પરમાર્થને પ્રાપ્ત કરીને ભગવાનના વચનાનુસાર સર્વ ઉચિત અનુષ્ઠાનો સેવી શકે છે. તેથી પંડિત પુરુષોની બુદ્ધિ વિશિષ્ટ માર્ગાનુસારી બને છે અર્થાત્ પ્રથમ શાસ્ત્રતત્ત્વની પરીક્ષા કરવાના વલણરૂપ માર્ગાનુસારી બુદ્ધિ હતી, ત્યાર પછી ઉપદેશક પાસેથી ધર્મનું રહસ્ય પ્રાપ્ત થવાથી શક્તિના પ્રકર્ષથી શાસ્ત્રવચનના પરમાર્થને જાણવા માટે યત્ન કરે એવી માર્ગાનુસારી બુદ્ધિ બને છે, અને શ્રુત, ચિન્તા અને ભાવનારૂપે શાસ્ત્રતત્ત્વને પામ્યા પછી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સર્વ પ્રવૃત્તિઓ ભગવાનના વચનના સ્મરણ નીચે કરીને એકાંતે હિતની પ્રાપ્તિ કરે તેવી માર્ગાનુસારી બને છે. **॥૨૪॥**

**અવતરણિકા :-**

ગીતાર્થ ઉપદેશક પંડિતશ્રોતાને કેવો ઉપદેશ આપે તે શ્લોક-૨૪માં બતાવ્યું. તે ઉપદેશ જે પંડિતશ્રોતાને સમ્યક્ પરિણમન પામે તે પંડિતશ્રોતા શાસ્ત્રોના પરમાર્થને જાણીને કલ્યાણ અર્થે સર્વત્ર આજ્ઞાને પ્રધાન કરનાર બને છે. હવે તેવા પંડિતશ્રોતાને શું ફળ પ્રાપ્ત થાય છે ? તે બતાવે છે –

**શ્લોક :-**

**इत्थमाज्ञादरद्वारा हृदयस्थे जिने सति ।**
**भवेत्समरसापत्तिः फलं ध्यानस्य या परम् ।।२५।।**

**અન્વયાર્થ :-**

इत्थम्=આ રીતે=ઉપદેશકે ધર્મનું રહસ્ય બતાવ્યું અને એ ધર્મના રહસ્યને પામીને બુધપુરુષ સર્વત્ર સર્વજ્ઞના વચનાનુસાર પ્રવૃત્તિ કરે છે એ રીતે, आज्ञादरद्वारा=આજ્ઞાના આદર દ્વારા हृदयस्थे जिने सति=હૃદયસ્થ જિન હોતે છતે समरसापत्ति=સમરસની પ્રાપ્તિ भवेत्=થાય, या=જે=જે સમરસની પ્રાપ્તિ ध्यानस्य=ધ્યાનનું परम्=પ્રકૃષ્ટ फलम्=ફળ છે. ।।૨૫।।

**શ્લોકાર્થ :-**

**આ રીતે=ઉપદેશકે ધર્મનું રહસ્ય બતાવ્યું અને એ ધર્મના રહસ્યને પામીને બુધપુરુષ સર્વત્ર સર્વજ્ઞના વચનાનુસાર પ્રવૃત્તિ કરે છે એ રીતે, આજ્ઞાના આદર દ્વારા જિન હૃદયસ્થ હોતે છતે સમરસની પ્રાપ્તિ થાય છે, જે ધ્યાનનું પ્રકૃષ્ટ ફળ છે. ।।૨૫।।**

**ટીકા :-**

इत्थमिति-इत्थम्=अनया रीत्या, आज्ञादरद्वारा=भगवद्वचनबहुमानद्वारेण, हृदयस्थे=ध्यानसाक्षात्कृते, जिने सति भवेत्, समरसापत्तिः=समतापत्तिः, या ध्यानस्य परं=प्रकृष्टं फलम् । तदाह – 'सैवेह योगिमातेति' (षोडशक. २/१५) इत्थं च समापत्तिसञ्ज्ञकासङ्गानुष्ठानफलकस्य वचनानुष्ठानस्य

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आज्ञादरद्वारैवोपपत्तेरयमेव गरीयानिति फलितम्, क्रियान्तरे च नैतदुपपत्तिः, न च तदनन्तरं भगवदनुध्यानादुपपत्तिः, अनियमादनुषङ्गत एवासङ्ग-सम्भवाच्चेति ।।२५।।

**ટીકાર્થ :-**

**इत्थमनया रीत्या ..... वाच्चेति ।। આ રીતે=ઉપદેશકે ધર્મનું રહસ્ય બતાવ્યું અને એ ધર્મના રહસ્યને પામીને બુધપુરુષ સર્વત્ર સર્વજ્ઞના વચનાનુસાર પ્રવૃત્તિ કરે છે એ રીતે, આજ્ઞાના આદર દ્વારા=ભગવદ્વચનના બહુમાન દ્વારા=સર્વ પ્રવૃત્તિકાળમાં ભગવાનની આજ્ઞાના સ્મરણપૂર્વક પ્રવૃત્તિ કરવાથી ઉલ્લસિત થતા ભગવદ્વચનના બહુમાન દ્વારા, જિન હોતે છતે=ધ્યાનથી સાક્ષાત્કૃત જિન હૃદયસ્થ હોતે છતે, સમરસની આપત્તિ થાય છે=સમતાની પ્રાપ્તિ થાય છે, જે ધ્યાનનું પરમ=પ્રકૃષ્ટ ફળ છે. તેને કહે છે=આ સમરસની આપત્તિ એ ધ્યાનનું પરમફળ છે, તેને ષોડશક-૨-૧૫માં કહે છે :**

"सैवेह ..... सा एव=તે જ=સમાપત્તિ જ=ભગવાનની સાથે ઉપયોગરૂપે એકતાની પ્રાપ્તિ જ, इह=સંસારમાં, યોગીની માતા છે=મોક્ષના અનન્ય કારણરૂપ રત્નત્રયીની પરિણતિવાળા એવા યોગીની માતા છે." **(ષોડશક-૨/૧૫)**

**અને આ રીતે=પૂર્વમાં કહ્યું કે આજ્ઞાના આદર દ્વારા હૃદયમાં ભગવાન હોતે છતે સમરસની આપત્તિ થાય છે એ રીતે, સમાપત્તિસંજ્ઞક એવું=ભગવાનની સાથે ઉપયોગથી એકતાની પ્રાપ્તિ થાય એવી સમાપત્તિ સંજ્ઞાવાળું એવું અસંગાનુષ્ઠાનરૂપ ફળ છે જેનું એવા વચનાનુષ્ઠાનની આજ્ઞાના આદર દ્વારા જ ઉપપત્તિ હોવાથી, આ જ=આજ્ઞાનો આદર જ, શ્રેષ્ઠ છે, એ પ્રમાણે ફલિત થયું=ધર્મનાં અન્ય અનુષ્ઠાનો કરતાં આત્મકલ્યાણ અર્થે ભગવાનની આજ્ઞા પ્રત્યેનો આદર જ શ્રેષ્ઠ છે, એ ફલિત થયું; અને ક્રિયાન્તર હોતે છતે=વચનાનુષ્ઠાન કરતાં અન્ય ક્રિયા હોતે છતે=બાલ અને મધ્યમ પુરુષથી સેવાતી પ્રીતિ, ભક્તિઅનુષ્ઠાનરૂપ ધર્મક્રિયા હોતે છતે, આની ઉપપત્તિ નથી=અસંગાનુષ્ઠાનની ઉપપત્તિ નથી.**

અહીં પ્રશ્ન થાય કે વચનાનુષ્ઠાનથી અન્ય પ્રકારની પ્રીતિ, ભક્તિ-અનુષ્ઠાનરૂપ ધર્મક્રિયા કર્યા પછી ભગવાનના સ્વરૂપનું અનુધ્યાન કરવાથી ભગવાનના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વરૂપમાં તન્મયતાની પ્રાપ્તિ થાય તો અસંગભાવની પ્રાપ્તિ થઈ શકે છે. તેથી કહે છે –

**અને તેના અનંતર=વચનાનુષ્ઠાન સિવાયની પ્રીતિ, ભક્તિઅનુષ્ઠાનરૂપ અન્ય ક્રિયા કર્યા પછી, ભગવાનના અનુધ્યાનથી ઉપપત્તિ છે, એમ ન કહેવું=ભગવાનના સ્વરૂપના ચિંતવનથી અસંગઅનુષ્ઠાનની પ્રાપ્તિ છે, એમ ન કહેવું; કેમ કે અનિયમ છે=વચનાનુષ્ઠાન સિવાયની અન્ય ક્રિયાઓ કર્યા પછી ભગવાનના સ્વરૂપના ચિંતવનથી અસંગઅનુષ્ઠાનની પ્રાપ્તિ થાય જ એવો નિયમ નથી.**

અહીં પૂર્વપક્ષી કહે કે સર્વ જીવોને વચનાનુષ્ઠાનથી અન્ય એવા પ્રીતિ, ભક્તિ-અનુષ્ઠાન કર્યા પછી ભગવાનના અનુધ્યાનથી અસંગઅનુષ્ઠાન પ્રાપ્ત ન થાય તોપણ કેટલાક જીવોને તો તેની પ્રાપ્તિ થઈ શકે છે. તેથી બીજો હેતુ કહે છે -

**અનુષંગથી જ અસંગનો સંભવ છે=ભગવાન પ્રત્યેના આદરના અનુષંગથી જ અસંગઅનુષ્ઠાનનો સંભવ છે અર્થાત્ વચનાનુષ્ઠાનમાં જેમ સદા પરમાત્માનું ધ્યાન વર્તતું હોવાને કારણે વચનઅનુષ્ઠાનથી અસંગઅનુષ્ઠાન પ્રાપ્ત થાય છે, તેવું અસંગઅનુષ્ઠાન ક્રિયાન્તર કર્યા પછી ભગવાનના અનુધ્યાનથી થાય નહીં, પરંતુ ભગવાનના અનુધ્યાનને કારણે અનુષંગથી=કિંચિદ્ અંશથી, અસંગનો સંભવ છે. પરંતુ વચનઅનુષ્ઠાનના ઉત્તરમાં જેવું અસ્ખલિત વૃત્તિવાળું અસંગઅનુષ્ઠાન થાય છે તેવું અસ્ખલિત વૃત્તિવાળું અસંગઅનુષ્ઠાન થતું નથી, માટે અસંગઅનુષ્ઠાનના અર્થીએ આજ્ઞાના આદરમાં જ ઉદ્યમ કરવો જોઈએ, એમ અન્વય છે.**

**'इति' શબ્દ કથનની સમાપ્તિમાં છે. ॥૨૫॥**

**ભાવાર્થ :-**

**(i) બુધને અપાયેલી દેશનાથી પ્રાપ્ત ધર્મના સ્વરૂપે સમરસની પ્રાપ્તિ :-**

**(ii) પંડિતપુરુષથી સેવાયેલા વચનાનુષ્ઠાનથી અસંગઅનુષ્ઠાનની પ્રાપ્તિ :-**

બુધપુરુષોને ઉપદેશક ધર્મનું રહસ્ય આપે છે, અને તે ધર્મના રહસ્યને પ્રાપ્ત કરીને બુધપુરુષો ભગવાનના વચન પ્રત્યે આદરવાળા થાય છે. તેથી સર્વ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉદ્યમથી શાસ્ત્રતત્ત્વની પરીક્ષા કરે છે, અને કષાદિથી શુદ્ધ શાસ્ત્રને પ્રમાણરૂપે સ્વીકારે છે, અને તે શાસ્ત્રના અધ્યયનથી ક્રમસર શ્રુતજ્ઞાન, ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાન પ્રાપ્ત કરે છે, અને ત્યાર પછી પણ માત્ર ધર્મઅનુષ્ઠાન કરવા ઉત્સાહિત થતા નથી, પરંતુ ભગવાનના વચનનું સ્મરણ કરીને જે ઉચિત અનુષ્ઠાન સ્વકૃતિસાધ્ય હોય તે અનુષ્ઠાન સેવે છે, અને દરેક અનુષ્ઠાનના સેવનકાળમાં ભગવાનની આજ્ઞાનું સ્મરણ કરે છે. તેથી આજ્ઞાના સ્મરણ દ્વારા આવા બુધપુરુષોના હૈયામાં સદા વીતરાગ સંસ્થિત છે, અને વીતરાગને હૈયામાં રાખીને તેમના વચન પ્રમાણે અનુષ્ઠાન સેવીને તે વચનાનુષ્ઠાન દ્વારા બુધપુરુષો ક્રમે કરીને અસંગઅનુષ્ઠાનને પ્રાપ્ત કરે છે, જે પરમાત્માની સાથે સમરસની આપત્તિરૂપ છે; કેમ કે વચનાનુષ્ઠાનના સેવનકાળમાં સદા વીતરાગ હૈયામાં વર્તતા હોવાથી ધ્યાનથી વીતરાગભાવ પોતાનામાં સાક્ષાત્ થાય છે, ત્યારે પોતે વીતરાગભાવવાળા બને છે; અને આ અવસ્થામાં જેમ ક્ષાયિકભાવના વીતરાગ સર્વત્ર સંગ વગરના હોય છે, તેમ ક્ષયોપશમભાવના વીતરાગ એવા આ યોગી સર્વત્ર સંગ વગરના બને છે.

અને આ સમરસની આપત્તિ ધ્યાનનું પ્રકૃષ્ટ ફળ છે અર્થાત્ વચનાનુષ્ઠાનના સેવનકાળમાં ભગવાનની આજ્ઞાના સ્મરણ દ્વારા પ્રવૃત્તિ કરતી વખતે સદા ભગવાનનું ધ્યાન વર્તતું હતું, તેનું પ્રકૃષ્ટ ફળ આ સમરસની આપત્તિ છે, અને આ સમરસની આપત્તિ યોગીની માતા છે અર્થાત્ ભગવાનના ધ્યાનથી ભગવાનની જેમ વીતરાગભાવ પોતાનામાં પ્રગટ થવાને કારણે યોગી પોતે રત્નત્રયીની પરિણતિરૂપ બને છે. તેથી ભગવાનની સાથે સમાન રસની પ્રાપ્તિ એ રત્નત્રયીની એકતાની પરિણતિવાળા યોગીની માતા છે.

પૂર્વના કથનનો ફલિતાર્થ 'इत्थं च'થી બતાવતાં કહે છે –

બુધપુરુષ આજ્ઞાના આદર દ્વારા સદા ભગવાનને હૈયામાં રાખીને સર્વ અનુષ્ઠાનોની પ્રવૃત્તિ કરે છે, જેના કારણે ક્રમે કરીને સમરસની પ્રાપ્તિ થાય છે, એમ પૂર્વમાં કહ્યું. તેથી એ ફલિત થાય કે આજ્ઞાના આદર દ્વારા જ વચનાનુષ્ઠાનની ઉપપત્તિ છે, અને આ વચનાનુષ્ઠાન, ઉત્તરોત્તર પ્રકર્ષને પામીને સમાપત્તિસંજ્ઞાવાળા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અસંગઅનુષ્ઠાનનું કારણ બને છે. માટે બાહ્ય અનુષ્ઠાનના સેવન કરતાં આજ્ઞાનો આદર શ્રેષ્ઠ છે અર્થાત્ બાહ્ય અનુષ્ઠાનો સુંદર રીતે સેવાતાં હોય, તોપણ જો ભગવાનની આજ્ઞાથી નિયંત્રિત થઈને સેવાતાં ન હોય, તો તે વચનાનુષ્ઠાન બનતાં નથી, અને જો ભગવાનની આજ્ઞાથી નિયંત્રિત થઈને સેવાતાં હોય તો વચનાનુષ્ઠાન બને છે. માટે સર્વ અનુષ્ઠાનોના સેવન કરતાં ભગવાનની આજ્ઞાનો આદર જ શ્રેષ્ઠ છે; કેમ કે સર્વ અનુષ્ઠાનોના સેવનનું પ્રયોજન અસંગભાવની પ્રાપ્તિ છે, અને આજ્ઞાનો આદર વચનાનુષ્ઠાન ઉત્પન્ન કરાવીને અસંગભાવની પ્રાપ્તિ કરાવે છે. તેથી એ ફલિત થાય છે કે સર્વ અનુષ્ઠાનોમાં ભગવાનની આજ્ઞાનો આદર જ શ્રેષ્ઠ છે, અને ભગવાનના વચનનું પૂર્વમાં સ્મરણ ન હોય એવી ક્રિયા હોતે છતે અસંગઅનુષ્ઠાનની ઉપપત્તિ નથી.

આશય એ છે કે મોક્ષ અર્થે બાહ્ય સુંદર આચરણાઓ કરાતી હોય અને સૂક્ષ્મ યતનાપૂર્વક પણ આચરણા કરાતી હોય, આમ છતાં સર્વ અનુષ્ઠાનો ભગવાનના વચનના સ્મરણપૂર્વક શાસ્ત્રથી નિયંત્રિત કરાતાં ન હોય તો તે ક્રિયાથી અસંગઅનુષ્ઠાનની ઉપપત્તિ નથી.

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે આજ્ઞાનો આદર ન હોય અર્થાત્ ભગવદ્ આજ્ઞાના સ્મરણપૂર્વક આજ્ઞાથી નિયંત્રિત ક્રિયા કરાતી ન હોય તો અસંગઅનુષ્ઠાનની પ્રાપ્તિ નથી. ત્યાં કોઈક કહે કે કોઈ સાધક સર્વઅનુષ્ઠાન આજ્ઞાથી નિયંત્રિત કરી શકતા ન હોય, પરંતુ ભગવાન પ્રત્યેના બહુમાનને કારણે ભગવાને બતાવેલાં સદનુષ્ઠાનો સેવતા હોય, અને ત્યારપછી ઉચિત અવસરે ભગવાનના સ્વરૂપનું અનુધ્યાન કરતા હોય, અર્થાત્ 'ભગવાન વીતરાગ-સર્વજ્ઞ છે અને જીવની સારભૂત અવસ્થા એ જ છે' એ પ્રકારે ચિંતવન કરતા હોય, અને તે ચિંતવનથી તેમનો આત્મા વીતરાગભાવથી ભાવિત બને ત્યારે અસંગઅનુષ્ઠાનની ઉપપત્તિ થશે, અર્થાત્ તે સાધક વીતરાગની જેમ સર્વત્ર સંગ વગરની પરિણતિવાળા થશે. માટે જેમ આજ્ઞાનો આદર વચનાનુષ્ઠાનની પ્રાપ્તિ દ્વારા અસંગભાવનું કારણ છે, તેમ પ્રીતિ, ભક્તિરૂપ સદનુષ્ઠાનો પણ અસંગભાવની પ્રાપ્તિનું કારણ બનશે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ રીતે અસંગભાવની પ્રાપ્તિમાં અનિયમ છે અર્થાત્ જે યોગીઓ આજ્ઞાના આદર દ્વારા તેના સ્મરણપૂર્વક વચનાનુષ્ઠાન સેવે છે, તે યોગીઓને વચનાનુષ્ઠાનકાળમાં હૃદયમાં ભગવાન ધ્યાનથી સાક્ષાત્ વિદ્યમાન છે, અને તેના ફળરૂપે તેઓ નિયમથી અસંગાનુષ્ઠાન પ્રાપ્ત કરે છે, પરંતુ તેની જેમ જે યોગીઓ પ્રીતિ-ભક્તિઅનુષ્ઠાન સેવે છે, અને ઉત્તરમાં ભગવાનના અનુધ્યાનથી આત્માને વીતરાગભાવનાથી ભાવિત કરવા પ્રયત્ન કરે છે, તેઓને નિયમથી અસંગભાવ પ્રાપ્ત થાય તેવો નિયમ નથી; કેમ કે આવા યોગીઓને ધ્યાનથી સદા વીતરાગ હૈયામાં નથી, ફક્ત પ્રીતિ-ભક્તિઅનુષ્ઠાન સેવ્યા પછી જ્યારે ભગવાનના સ્વરૂપનું અનુધ્યાન કરે છે, તેટલો કાળ માત્ર ભગવાન હૈયામાં છે. કદાચ એ અનુધ્યાનકાળમાં વીર્યનો પ્રકર્ષ થાય તો ક્ષણભર અસંગભાવ આવે, પરંતુ વચનાનુષ્ઠાનના સેવનને કારણે જેમ નિયમથી અસંગભાવ આવે, તેમ પ્રીતિ-ભક્તિઅનુષ્ઠાનના સેવનના ઉત્તરમાં ભગવદ્ અનુધ્યાનથી અસંગઅનુષ્ઠાન પ્રાપ્ત થાય જ, એવો નિયમ નથી.

અહીં પૂર્વપક્ષી કહે કે સર્વ જીવોને પ્રીતિ-ભક્તિઅનુષ્ઠાન સેવ્યા પછી ભગવાનના અનુધ્યાનથી અસંગઅનુષ્ઠાનની પ્રાપ્તિ થાય એવો નિયમ નથી, છતાં કેટલાકને તો અસંગની પ્રાપ્તિ થાય છે. તેથી અસંગભાવની પ્રાપ્તિમાં ભગવાનના અનુધ્યાનની જેમ તેની પૂર્વમાં સેવાયેલું પ્રીતિ-ભક્તિઅનુષ્ઠાન પણ કારણ છે. તેથી જેમ વચનાનુષ્ઠાન અસંગભાવનું કારણ છે, તેમ પ્રીતિ-ભક્તિઅનુષ્ઠાન પણ અસંગઅનુષ્ઠાનનું કારણ છે, તેમ સ્વીકારી શકાશે. તેથી કહે છે –

અનુષંગથી જ=આજ્ઞાના અનુષંગથી જ, અસંગનો સંભવ છે.

આશય એ છે કે જેઓ વચનાનુષ્ઠાન સેવી શકતા નથી, પરંતુ સ્વશક્તિ અનુસાર પ્રીતિ-ભક્તિઅનુષ્ઠાન સેવે છે, અને ઉત્તરકાળમાં ભગવાનનું અનુધ્યાન કરે છે, અને શક્તિનો પ્રકર્ષ થાય ત્યારે અસંગભાવને પામે છે, તેઓમાં પણ ભગવાનની આજ્ઞાના આદરનો અનુષંગ થવાથી જ અસંગભાવની પ્રાપ્તિ છે અર્થાત્ જ્યારે ભગવાનનું અનુધ્યાન કરે છે ત્યારે, ભગવાનની આજ્ઞા સર્વ ઉદ્યમથી વીતરાગ થવાને અનુકૂળ યત્ન કરવાની છે, તેવો આજ્ઞાનો આદર તેઓમાં વર્તે છે, અને તે આજ્ઞાના સેવનના યત્નથી જ અસંગભાવની પ્રાપ્તિ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં વિશેષ એ છે કે બુધપુરુષને કેવો ઉપદેશ આપવો જોઈએ, તે શ્લોક-૨૪માં બતાવ્યું, અને તેનાથી બુધપુરુષને આજ્ઞાનો આદર પ્રગટે છે, જેના ફળરૂપે સમરસની આપત્તિ થાય છે, એમ કહ્યું. તેથી એ ફલિત થયું કે બાલજીવો જે ધર્માનુષ્ઠાન સેવે છે, અને મધ્યમ પુરુષો જે પ્રકારની સૂક્ષ્મ યતનાથી ધર્માનુષ્ઠાનો સેવે છે, તે સર્વ સાક્ષાત્ અસંગભાવનાં કારણ નથી, પરંતુ બુધપુરુષ વડે સેવાયેલું વચનાનુષ્ઠાન અસંગભાવનું સાક્ષાત્ કારણ છે. તેથી બુધપુરુષોનું અનુષ્ઠાન જ એકાંતે માર્ગાનુસારી છે. **॥૨૫॥**

**અવતરણિકા :-**

**ઉપદેશકે બાલાદિને આશ્રયીને કેવી દેશના આપવી જોઈએ, તેનું વર્ણન પૂર્વમાં કર્યું, અને ત્યાં બાલ અને મધ્યમને વ્યવહારાદિમાત્ર પ્રધાન એવી એક નયની દેશના બતાવી. તેથી પ્રશ્ન થાય કે ઉપદેશકે સર્વ નયોને ઉચિત સ્થાને જોડી ભગવાનના વચનાનુસાર પ્રવૃત્તિ કરવારૂપ ધર્મગુહ્યનો ઉપદેશ જેમ બુધને આપ્યો, તેમ ઉપદેશક બાલાદિને સર્વ નયોથી ઉપદેશ ન આપે તો તેઓનું હિત કઈ રીતે થાય ? તેથી કહે છે –**

**શ્લોક :-**

**देशनैकनयाक्रान्ता कथं बालाद्यपेक्षया ।**
**इति चेदित्थमेव स्यात्तद्बुद्धिपरिकर्मणा ।।२६।।**

**અન્વયાર્થ :-**

**बालाद्यपेक्षया=બાલાદિની અપેક્ષાએ एकनयाक्रान्तादेशना=એક નયથી આક્રાન્ત દેશના=વ્યવહારાદિમાત્રપ્રધાન દેશના कथं=કેવી રીતે ?=કેવી રીતે ઘટે? इति चेत्=એમ જો તું=પૂર્વપક્ષી કહેતો હો, તો ગ્રંથકારશ્રી કહે છે :**

**इत्थमेव=આ રીતે જ=બાલાદિને એક નયથી દેશના આપવાનું પૂર્વમાં બતાવ્યું એ રીતે જ तद्बुद्धिपरिकर्मणा स्यात्=તેની બુદ્ધિની પરિકર્મણા થાય, બાલાદિની બુદ્ધિ અર્થાન્તર ગ્રહણમાં સક્ષમ બને. ॥૨૬॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોકાર્થ :-**

**બાલાદિની અપેક્ષાએ એકનયથી આક્રાંત દેશના=વ્યવહારાદિમાત્રપ્રધાન દેશના, કેવી રીતે ઘટે ? એમ જો તું=પૂર્વપક્ષી કહેતો હો, તો ગ્રંથકારશ્રી કહે છે :**

**આ રીતે જ તેની બુદ્ધિની પરિકર્મણા થાય=બાલાદિની બુદ્ધિ અર્થાન્તર ગ્રહણમાં સક્ષમ બને. ।।૨૬।।**

**ટીકા :-**

**देशनेति-धर्मगुह्यानुक्तौ बालाद्यपेक्षया, एकनयाक्रान्ता=व्यवहारादिमात्रप्रधाना, देशना कथं युज्यते?** "एगंते होइ मिच्छत्तं" **इति वचनादिति चेत् - इत्थमेव= बालाद्यपेक्षया व्यवहारादिमात्रप्राधान्येनैव, तद्बुद्धेर्बालादिबुद्धेः परिकर्मणा अर्थान्तरग्रहणसौकर्यरूपा स्यात्, इत्थं चात्रार्थान्तरप्रतिपक्षा(प्रतिक्षेपा)-भावान्नयान्तरव्यवस्थापनपरिणामाच्च न दोषः, शिष्यमतिपरिकर्मणार्थमेक-नयदेशनाया अपि सम्मत्यादौ व्युत्पादनात् ।।२६।।**

**ટીકાર્થ :-**

धर्मगुह्यानुक्तौ ..... व्युत्पादनात् ।। ધર્મગુહ્યની અનુક્તિ હોતે છતે=ધર્મના રહસ્યભૂત સર્વનયસાપેક્ષ પ્રમાણદેશનાનું કથન નહીં હોતે છતે, બાલાદિની અપેક્ષાથી એકનયઆક્રાંત દેશના કેવી રીતે ઘટે ?=એકનયઆક્રાંત દેશના આપવી કેવી રીતે સંગત થાય ? અર્થાત્ સંગત થાય નહીં; કેમ કે "એકાંતમાં મિથ્યાત્વ છે" એ પ્રકારનું વચન છે, એમ જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે –

આ રીતે જ=બાલાદિની અપેક્ષાએ વ્યવહારાદિમાત્રનું પ્રધાનપણું હોવાથી જ=દેશનામાં વ્યવહારાદિમાત્રનું પ્રધાનપણું હોવાથી જ, તેની બુદ્ધિની= બાલાદિની બુદ્ધિની, પરિકર્મણા થાય=અર્થાન્તરને ગ્રહણ કરવાના સૌકર્યરૂપ પરિકર્મણા થાય. इत्थं च=અને આ રીતે=બાલાદિની અપેક્ષાએ એક નયની પ્રધાનતાથી ઉપદેશક દેશના આપે એ રીતે, અહીં=બાલાદિની અપેક્ષાએ એક નયથી અપાતી દેશનામાં, અર્થાન્તર પ્રતિક્ષેપનો અભાવ હોવાને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કારણે અને નયાન્તર વ્યવસ્થાપનનો પરિણામ હોવાને કારણે દોષ નથી; કેમ કે શિષ્યમતિની પરિકર્મણા માટે એક નયની દેશનાનું પણ 'સમ્મતિ' આદિમાં વ્યુત્પાદન કરાયું છે=કથન કરાયું છે. ॥૨૬॥**

✤ 'व्यवहारादिमात्रप्रधाना' - અહીં 'आदि'થી ઉત્સર્ગનું ગ્રહણ કરવું.

✤ શ્લોકની ટીકાના અંતે આપેલ 'અર્થાન્તર પ્રતિક્ષેપનો અભાવ, અને નયનાન્તર વ્યવસ્થાપનનો પરિણામ,' એ બે પરિણામોથી સંવલિત દેશના હોવાને કારણે તે દેશના દોષરૂપ નથી. એ બે દેશનાની નિર્દોષતાના જનક હેતુ છે, અને 'શિષ્યમતિની પરિકર્મણા માટે એક નયની દેશનાનું સંમતિમાં વ્યુત્પાદન છે' એ દેશનાની નિર્દોષતાનો અનુમાપક હેતુ છે.

**ભાવાર્થ :-**

**બાલ અને મધ્યમને એક નયની દેશનાથી બુદ્ધિની પરિકર્મણા :-**

ઉપદેશક બુધપુરુષને શ્લોક-૨૪માં બતાવ્યું એવું ધર્મનું રહસ્ય બતાવે છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે ભગવાનનું વચન ઉત્સર્ગ-અપવાદ, વ્યવહારનય-નિશ્ચયનય આદિથી સંવલિત છે, અને 'તે તે નયોને તે તે સ્થાને જોડીને ઉચિત પ્રવૃત્તિ કરવામાં આવે તો ધર્મ થાય, અને તેનાથી વિપરીત પ્રવૃત્તિ કરવામાં આવે તો અધર્મ થાય.' આ પ્રકારનું ધર્મનું રહસ્ય બતાવવાથી શ્રોતાને પ્રમાણનો બોધ થાય છે; અને તે પ્રકારે પ્રમાણનો બોધ કરાવવો એ ભગવાનના શાસનનો પરમાર્થ છે. તેના બદલે બાલ અને મધ્યમ જીવોને આશ્રયીને વ્યવહારાદિ-માત્ર-પ્રધાન દેશના આપવામાં આવે તો તેઓનું હિત કઈ રીતે થાય ?; કેમ કે એક નયના કથનથી મિથ્યાત્વની પ્રાપ્તિ થાય છે, એ પ્રકારનું વચન છે. આ પ્રકારની શંકાનો જવાબ આપતાં ગ્રંથકારશ્રી કહે છે --

બાલ અને મધ્યમ જીવોને વ્યવહારાદિ-માત્ર-પ્રધાન દેશના આપવામાં આવે તો તેઓની બુદ્ધિ અન્ય નયના અર્થોને ગ્રહણ કરવાને અનુકૂળ પરિપક્વ થાય છે. તેથી એક નયની દેશના આપવામાં પણ દોષ નથી; કેમ કે એક નયની દેશના આપતી વખતે ઉપદેશકનો આશય અન્ય નયનો પ્રતિક્ષેપ કરવાનો નથી, પરંતુ શ્રોતા એક નયથી પરિકર્મિત મતિવાળો થાય ત્યારે તેને નયાન્તરનો બોધ કરાવવાનો પરિણામ છે. આથી જ ઉપદેશક વ્યવહારનયથી દેશના આપતી વખતે પણ માત્ર ક્રિયાનો ઉપદેશ આપતા નથી, પરંતુ નિશ્ચયનયને અભિમત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરિણામોથી સંવલિત ક્રિયાઓનો ઉપદેશ આપે છે; જેથી તે પ્રકારની ક્રિયાઓ કરીને બાલ અને મધ્યમ જીવો કંઈક નિશ્ચયને અભિમત એવા પરિણામમાં ઉદ્યમ કરનારા બને છે; જેથી ક્રિયા દ્વારા કંઈક પરિણામોનો પણ અનુભવ થાય છે. તે અનુભવના બળથી તેઓની બુદ્ધિ પરિપક્વ બને છે, અને તેઓને નિર્ણય થાય છે કે ઉચિત ક્રિયાઓ દ્વારા પરિણામોની શુદ્ધિ થાય છે. ત્યારપછી નિશ્ચયનયપ્રધાન એવી દેશના આપવામાં આવે ત્યારે, તેઓની મતિ નિશ્ચયનયને ઉચિત સ્થાને જોડવાને અનુકૂળ પરિપક્વ થયેલી હોવાથી, નિશ્ચયનયના પરમાર્થને પામે છે. તેને બદલે જો પ્રથમ ભૂમિકામાં વ્યવહારપ્રધાન દેશના ન આપવામાં આવે અને નિશ્ચય અને વ્યવહાર ઉભયનું કથન સ્વસ્વસ્થાનને આશ્રયીને બતાવવામાં આવે, તો અપરિપક્વ બુદ્ધિવાળા એવા તેઓ તે બંને નયના પરમાર્થને પામી શકે નહીં. તેથી કોઈ તત્ત્વની પ્રાપ્તિ થાય નહીં, અને નિશ્ચયપ્રધાન વાતો ગ્રહણ કરીને વ્યવહારનો અપલાપ કરનારા થાય તો ભાવિમાં પણ વ્યવહારની પ્રાપ્તિનો સંભવ રહે નહીં. તેને બદલે પ્રથમ ભૂમિકા પ્રમાણે વ્યવહારનયનો ઉપદેશ આપવામાં આવે, અને તત્સંવલિત નિશ્ચયનય ગૌણરૂપે બતાવવામાં આવે, તો નિશ્ચયનયને અભિમત પરિણામોથી યુક્ત વ્યવહારનયની ક્રિયાઓ કરીને પક્વ બુદ્ધિવાળા થાય, અને ત્યારપછી નિશ્ચયનયનો પરમાર્થ ગ્રહણ કરે ત્યારે બુધપુરુષોની જેમ ધર્મના રહસ્યને પ્રાપ્ત કરે. તેથી શિષ્યમતિની પરિકર્મણા માટે એક નયની દેશના આપવાનું પણ સંમતિતર્કમાં કહેલ છે. તેથી બાલાદિની અપેક્ષાએ એક નયની દેશના આપવી દોષરૂપ નથી. **॥૨૬॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોક-૨૬માં યુક્તિથી સ્થાપન કર્યું કે બાલાદિની અપેક્ષાએ એક નયની દેશના પણ બાલાદિ જીવોની બુદ્ધિની પરિકર્મણાનું કારણ છે. તેથી તે જીવોને અપાતી દેશના તત્ત્વથી પ્રમાણદેશના છે, તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**प्रमाणदेशनैवेयं ततो योग्यतया मता ।**
**द्रव्यतः सापि नो मानं वैपरीत्यं यया भवेत् ।।२७।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અન્વયાર્થ :-**

ततः=તે કારણથી=બાલાદિને અપાતી એક નયની દેશનાથી બાલાદિ જીવોની બુદ્ધિની પરિકર્મણા થાય છે તે કારણથી, इयं=આ=બાલાદિને અપાતી એક નયની દેશના योग्यतया प्रमाणदेशनैव मता=યોગ્યપણાથી પ્રમાણદેશના જ મનાઈ છે=એક નયની દેશના પ્રમાણના બોધની પ્રાપ્તિની યોગ્યતાવાળી હોવાથી પ્રમાણદેશના જ મનાઈ છે. द्रव्यतः सापि=દ્રવ્યથી તે પણ=શ્રોતાને પ્રમાણના બોધનું કારણ ન બને એવી માત્ર બાહ્ય રીતે અપાતી પ્રમાણદેશના પણ नो मानं=માન નથી=પ્રમાણ નથી, यया=જેના વડે=જે સર્વ નયની દેશના વડે वैपरीत्यं भवेत्=વૈપરીત્ય થાય. ॥૨૭॥

**શ્લોકાર્થ :-**

**તે કારણથી આ=બાલાદિને અપાતી એક નયની દેશના, યોગ્યપણાથી પ્રમાણદેશના જ મનાઈ છે. દ્રવ્યથી તે પણ=તે પ્રમાણદેશના પણ પ્રમાણ નથી કે જેના વડે વૈપરીત્ય થાય. ॥૨૭॥**

**ટીકા :-**

प्रमाणेति-तदियं योग्यतया प्रमाणदेशनैव मता, व्युत्पादयिष्यमाणनयान्तर-समाहारेण तत्त्वोपपत्तेः, तद्भावेन तत्फलसम्भवाच्च, द्रव्यतः फलानुपयोग-लक्षणात् सापि=प्रमाणदेशनापि, नो मानं=न प्रमाणं, यया वैपरीत्यं ध्यान्ध्य-लक्षणं भवेत् ।।२७।।

**ટીકાર્થ :-**

तदियं ... तत्त्वोपपत्तेः, તે કારણથી=બાલાદિને અપાતી એક નયની દેશનાથી બાલાદિ જીવોની બુદ્ધિનું પરિકર્મણ થતું હોવાથી, આ=બાલાદિને અપાતી એક નયની દેશના, યોગ્યપણાથી પ્રમાણદેશના જ મનાઈ છે=પ્રમાણદેશનાની યોગ્યતા હોવાને કારણે એક નયની દેશના પ્રમાણદેશના જ મનાઈ છે; કેમ કે વ્યુત્પાદયિષ્યમાણ નયાન્તરના સમાહારથી તત્ત્વની ઉપપત્તિ છે=વ્યવહારપ્રધાન દેશના આપ્યા પછી શ્રોતા વ્યવહારનયની ઉચિત ક્રિયાઓ કરીને નિપુણ બને, પછી શ્રોતાને નિશ્ચયનયાદિના સમાહારથી=શ્રોતાને નિશ્ચયનયનું ગ્રહણ થવાથી, તત્ત્વની ઉપપત્તિ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં પ્રશ્ન થાય કે જ્યારે વ્યવહારનયપ્રધાન દેશના આપે છે, ત્યારે તત્ત્વની ઉપપત્તિ થતી નથી, પરંતુ જ્યારે બુદ્ધિ પરિકર્મિત થશે અને નયાન્તરની પ્રાપ્તિ થશે, ત્યારે તત્ત્વની પ્રાપ્તિ થશે. તેથી વર્તમાનમાં એ દેશનાને પ્રમાણદેશના કઈ રીતે કહી શકાય ? તેથી બીજો હેતુ કહે છે -

**तद्भावेन ... भवेत् ।। તદ્દ્ભાવથી તદ્દ્ફલનો સંભવ છે=બાલાદિની બુદ્ધિ એક નયથી પરિકર્મિત થયા પછી ઉપદેશક દ્વારા નયાન્તરનો ઉપદેશ આપવામાં આવે તો નયાન્તરના બોધના ભાવને કારણે પ્રમાણદેશનાના ફળનો સંભવ છે. ફલઅનુપયોગ લક્ષણ દ્રવ્યથી પ્રમાણદેશના પણ અર્થાત્ શ્રોતાને યથાર્થ બોધ કરાવવો તે દેશનાનું ફળ છે, અને તે ફળ પ્રાપ્ત ન થાય તેવી પ્રમાણદેશના પણ, માન નથી=પ્રમાણ નથી કે જેના વડે બુદ્ધિના અંધાપા સ્વરૂપ વૈપરિત્ય થાય. ।।૨૭।।**

**ભાવાર્થ :-**

**(i) બાલ અને મધ્યમને અપાયેલી એક નયની દેશના પણ ફળની અપેક્ષાએ પ્રમાણદેશના :-**

**(ii) બાલ અને મધ્યમનો વિવેક કર્યા વિના અપાયેલી પ્રમાણદેશના પણ અપ્રમાણદેશના :-**

પૂર્વશ્લોક-૨૬માં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે બાલ અને મધ્યમ જીવોને વ્યવહારાદિ-માત્ર-પ્રધાન દેશના આપવાથી તેઓની બુદ્ધિ પરિકર્મિત થાય છે. તેથી બાલાદિને અપાતી એક નયની દેશના પણ તત્ત્વથી પ્રમાણદેશના જ છે; કેમ કે તે એક નયની દેશનામાં પ્રમાણદેશનાનું કાર્ય કરવાની યોગ્યતા છે અર્થાત્ વર્તમાનમાં એક નયનો બોધ કરાવીને, શ્રોતાની બુદ્ધિ પરિપક્વ થયા પછી નયાન્તરનો ઉપદેશ આપવામાં આવશે ત્યારે, શ્રોતાને અન્ય નયનો બોધ થવાથી પ્રમાણબોધ થશે અર્થાત્ શ્રોતાને ભગવાનના વચનનો યથાર્થ બોધ કરાવવો એ પ્રમાણદેશનાનું પ્રયોજન છે, અને જ્યારે બાલ અને મધ્યમ જીવોની બુદ્ધિ પક્વ થશે ત્યારે વક્તા વ્યવહારનયાદિથી અન્ય એવા નિશ્ચયનયાદિનો બોધ કરાવીને શ્રોતાને ઉભયનયનો બોધ કરાવશે, ત્યારે ધર્મના ગુહ્યની પ્રાપ્તિ થશે. તેથી આદ્ય ભૂમિકામાં એક નયની દેશના પણ પ્રમાણદેશના છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી કોઈ વક્તા આ બાલ જીવ છે કે આ મધ્યમ જીવ છે એવો વિચાર કર્યા વિના, પ્રથમ ભૂમિકામાં ધર્મના ગુહ્યરૂપ પ્રમાણદેશના આપે તો તે પ્રમાણદેશના પણ દ્રવ્યથી પ્રમાણદેશના છે, ફળથી પ્રમાણદેશના નથી, માટે પ્રમાણ નથી; કેમ કે જે દેશનાથી શ્રોતાની બુદ્ધિમાં વિપર્યાસરૂપ બુદ્ધિનું આંધ્ય પ્રાપ્ત થાય, તે દેશના પ્રમાણદેશના કહેવાય નહીં.

'આજ્ઞા પ્રમાણ છે' એ વચનથી ભગવાનના સર્વ નયોરૂપ વચનોને ઉચિત જોડીને સર્વત્ર પ્રવૃત્તિ કરવી એ પ્રમાણ છે તેવો અર્થ પ્રાપ્ત થાય, તેથી ધર્મના ગુહ્યરૂપ પ્રમાણદેશના છે. **॥૨૭॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૬માં કહ્યું કે બાલ અને મધ્યમ જીવોની અપેક્ષાએ વ્યવહારાદિ-માત્ર-પ્રધાન એવી એક નયની દેશના આપવાથી તેઓની બુદ્ધિ પરિકર્મિત થાય છે. તેથી તેવા જીવોને અપાતી દેશનાના વિષયમાં શું મર્યાદા છે ? તે સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**आदौ यथारुचि श्राव्यं ततो वाच्यं नयान्तरम् ।**
**ज्ञाते त्वेकनयेऽन्यस्मात् परिशिष्टं प्रदर्शयेत् ।।२८।।**

**અન્વયાર્થ :-**

**आदौ=આદિમાં यथारुचि=યથારુચિ श्राव्यं=શ્રોતાને નયવચનરૂપ જિનવચન સંભળાવવું જોઈએ, ततः=ત્યારપછી नयान्तरम्=નયાન્તરને वाच्यं=કહેવું જોઈએ. तु=વળી अन्यस्मात्=અન્ય પુરુષ પાસેથી एकनयेज्ञाते=એક નય જ્ઞાત થયે છતે=શ્રોતા દ્વારા એક નયનો બોધ પ્રાપ્ત થયે છતે परिशिष्टं=અજ્ઞાત એવું નયાન્તર प्रदर्शयेत्=બતાવવું જોઈએ. ।।૨૮।।**

**શ્લોકાર્થ :-**

**શ્રોતાને આદિમાં યથારુચિ નયવચનરૂપ જિનવચન સંભળાવવું જોઈએ, ત્યારપછી નયાન્તરને કહેવું જોઈએ. વળી અન્ય પુરુષ પાસેથી એક નય જ્ઞાત થયે છતે અજ્ઞાત એવું નયાન્તર બતાવવું જોઈએ. ।।૨૮।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકા :-**

आदाविति-आदौ=प्रथमं, यथारुचि=श्रोतृरुच्यनुसारिनयागुण्येन, श्राव्यं जिनवचनम्, ततः स्वपारतन्त्र्यं बुद्धिपरिकर्मणां च श्रोतुर्ज्ञात्वा नयान्तरं वाच्यम्, अन्यस्मात्=स्वव्यतिरिक्तात्त्वेकस्मिन्नये श्रोत्रा ज्ञाते सति परिशिष्टम्=अज्ञातनयान्तरं प्रदर्शयेत्, अप्राप्तप्रापणगरीयस्त्वान्महतामारम्भस्य ।।२८।।

**ટીકાર્થ :-**

आदौ=प्रथमं ..... महतामारम्भस्य ।। **આદિમાં=પ્રથમ=ઉપદેશ સાંભળવા માટે આવેલા અભિનવ શ્રોતાને પ્રથમ, યથારુચિ=શ્રોતાની રુચિને અનુસરનારા નય અનુસારે** श्राव्यं**=જિનવચન સંભળાવવું જોઈએ. ત્યારપછી શ્રોતાનું સ્વપારતંત્ર્ય અને બુદ્ધિની પરિકર્મણાને જાણીને નયાન્તર કહેવું જોઈએ. વળી પોતાનાથી વ્યતિરિક્ત એવા અન્ય પુરુષ પાસેથી શ્રોતા વડે એક નય જ્ઞાત થયે છતે પરિશિષ્ટ=અજ્ઞાત એવું નયાન્તર કહેવું જોઈએ; કેમ કે મહાન પુરુષના આરંભનું અપ્રાપ્તના પ્રાપણમાં ગરીયસપણું છે. ॥૨૮॥**

**ભાવાર્થ :-**

**બાલ અને મધ્યમ શ્રોતાને દેશના આપવાની મર્યાદા :-**

બાલ અને મધ્યમને આશ્રયીને ઉપદેશકના ઉપદેશની મર્યાદા શું છે ? તે પ્રસ્તુત શ્લોકમાં બતાવે છે. તે આ પ્રમાણે –

જે શ્રોતા ધર્મ સાંભળવાને અભિમુખ થયેલ છે, તે શ્રોતાની રુચિ કેવા પ્રકારની છે, તેનું જ્ઞાન કરીને તેની રુચિને અનુસરનારા નયથી તેને જિનવચન સંભળાવવું જોઈએ. જેમ કે તત્ત્વના અર્થી બાલજીવો બાહ્ય આચરણા પ્રત્યેની રુચિવાળા હોય છે, તેથી તેવા જીવોને આશ્રયીને પરિણામલક્ષી બાહ્ય આચરણા બતાવવી જોઈએ કે જે તેના દ્વારા ધર્મબુદ્ધિથી ગ્રહણ થાય, અને તે રીતે ધર્મને સેવીને તેમની બુદ્ધિ પરિકર્મિત થાય. તેના બદલે તે બાલ શ્રોતાઓને આદિમાં તેમની રુચિને અનુસાર ઉપદેશ ન આપવામાં આવે, પરંતુ મધ્યમ જીવોની રુચિને યોગ્ય સૂક્ષ્મ યતનાવાળી બાહ્ય આચરણાનો ઉપદેશ આપવામાં આવે, તો બાલબુદ્ધિ હોવાથી તેના પરમાર્થને તેઓ ગ્રહણ કરી શકે નહીં; કેમ કે બાલજીવોની સ્થૂલ રુચિ હોવાને કારણે મધ્યમ જીવોને યોગ્ય સૂક્ષ્મ યતનાવાળો ધર્મ તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાલજીવોથી ગ્રહણ થાય નહીં. તેથી હિત માટે આવેલા પણ બાલજીવોનું ઉપદેશકના ઉપદેશથી હિત થાય નહીં.

વળી જે શ્રોતાઓ મધ્યમ બુદ્ધિવાળા છે, તેઓ સૂક્ષ્મ યતનાવાળી બાહ્ય આચરણાઓને ધર્મરૂપે જોનારા છે. તેવા જીવોને સૂક્ષ્મ યતનાપૂર્વક કેવી આચરણા કરવાથી ધર્મ નિષ્પન્ન થાય ? તે પ્રકારની નયદૃષ્ટિને બતાવનાર જિનવચનથી ઉપદેશ આપવો જોઈએ; જેથી તે વચનથી આચરણા કરવાથી તેમને ધર્મની પ્રાપ્તિ થાય, અને તે રીતે ધર્મને સેવીને તેમની બુદ્ધિ પરિકર્મિત થાય. આના બદલે મધ્યમ જીવોને સ્થૂલ આચારમાત્રને અનુકૂળ બતાવનાર એવો જિનવચનનો ઉપદેશ આપવામાં આવે તો તેમને તે ઉપદેશ રોચક લાગે નહીં, પરંતુ 'આ ઉપદેશક તત્ત્વને જાણતા નથી' તેવી બુદ્ધિ થવાથી ધર્મ સાંભળવાથી વિમુખ પણ થાય; અને પંડિતને આપવા યોગ્ય એવો ધર્મગુહ્યનો ઉપદેશ મધ્યમ જીવોને આપવામાં આવે તો તેમને તત્ત્વની પ્રાપ્તિ થાય નહીં. તેથી મધ્યમ જીવોને તેમની રુચિ અનુસાર સૂક્ષ્મ યતનાવાળી આચરણાઓનો ઉપદેશ આપવો જોઈએ. વળી પૂર્વમાં બતાવ્યું એ પ્રકારે ઉપદેશક યથાસ્થાન ઉપદેશ આપે તો બાલ કે મધ્યમ જીવોને ઉપદેશ સાંભળીને 'આ ઉપદેશક ધર્મને યથાર્થ બતાવનારા છે' એવી બુદ્ધિ સ્થિર થાય, જેથી તે બાલ કે મધ્યમ જીવો ધર્મ અર્થે તેવા ઉપદેશકને પરતંત્ર થઈને તત્ત્વનો નિર્ણય કરવા યત્ન કરે; અને જ્યારે તે બાલ કે મધ્યમ જીવોની બુદ્ધિ તત્ત્વને પુનઃ પુનઃ સાંભળીને તદનુસાર યથાશક્તિ આચરણા કરીને પરિકર્મિત થાય, ત્યારે તે બાલ કે મધ્યમ જીવોને ઉપદેશકે નયાન્તર કહેવું જોઈએ.

વળી કોઈ બાલ કે મધ્યમ શ્રોતા અન્ય કોઈ પુરુષ પાસેથી પોતાની ભૂમિકાને ઉચિત નયની દેશના સાંભળીને પરિકર્મિત મતિવાળા થયા હોય, તો તેવા શ્રોતાને આશ્રયીને અજ્ઞાત એવું નયાન્તર કહેવું જોઈએ; કેમ કે સર્વ જીવોના કલ્યાણ અર્થે ઉપદેશ આપનારા એવા મહાપુરુષોનો આરંભ અપ્રાપ્તને પ્રાપ્ત કરાવવામાં જ સફળ છે અર્થાત્ જે શ્રોતા પોતાની રુચિ અનુસાર નયના મર્મને અન્ય પાસેથી પામેલ છે, તેવા શ્રોતાને તે નયનું ફરી કથન કરવું તે પિષ્ટપેષણ છે, પરંતુ તેનાથી અન્ય નયનો બોધ કરાવીને તેની મતિને પરિકર્મિત કરવી તે જ ઉપદેશક માટે ઉચિત છે. **॥૨૮॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

બાલ અને મધ્યમ જીવોને આશ્રયીને પ્રમાણદેશના આપવાથી હિત થાય નહીં, પરંતુ તેઓની ભૂમિકા અનુસાર એક નયની દેશના આપવાથી તેઓની મતિ પરિકર્મિત થાય છે, એમ પૂર્વમાં યુક્તિથી સ્થાપન કર્યું; અને બાલ કે મધ્યમ શ્રોતા અન્ય પાસેથી એક નયનું જ્ઞાન પ્રાપ્ત કરીને આવેલા હોય તો તેવા શ્રોતાને અજ્ઞાત નયાન્તર કહેવું જોઈએ, એમ પૂર્વશ્લોકમાં કહ્યું. તેની જ પુષ્ટિ કરવા માટે આગમવચનની સાક્ષી બતાવે છે –

**શ્લોક :-**

संविग्नभाविता ये स्युर्ये च पार्श्वस्थभाविताः ।
मुक्त्वा द्रव्यादिकं तेषां शुद्धोञ्छं तेन दर्शितम् ।।२९।।

**અન્વયાર્થ :-**

तेन=તે કારણથી=એક નય અન્ય પાસેથી જાણેલો હોય તેવા શ્રોતાને અજ્ઞાત એવા નયાન્તરનું કથન કરવું જોઈએ તે કારણથી ये=જેઓ संविग्न-भाविताः स्युः=સંવિગ્નભાવિત હોય च=અને ये=જેઓ पार्श्वस्थभाविताः=પાર્શ્વસ્થભાવિત હોય तेषां=તેઓને द्रव्यादिकं मुक्त्वा=દ્રવ્યાદિકને છોડીને शुद्धोञ्छं दर्शितम्=શુદ્ધ ઉંછ બતાવાયું છે='સાધુને શુદ્ધ પિંડ આપવો જોઈએ' એ પ્રકારનો ઉપદેશ બૃહત્કલ્પભાષ્યમાં બતાવાયો છે. ॥૨૯॥

**શ્લોકાર્થ :-**

**તે કારણથી જેઓ સંવિગ્નભાવિત છે અને જેઓ પાર્શ્વસ્થભાવિત છે, તેઓને દ્રવ્યાદિકને છોડીને શુદ્ધ ઉંછ બતાવાયું છે. ॥૨૯॥**

**ટીકા :-**

संविग्नेति-संविग्नभाविता बालाः पण्डिताश्च स्युः, पार्श्वस्थवासिता बालाः स्युः, तत्र पार्श्वस्थवासिता बाला आभिनिवेशिकाश्च बोध्याः, ये संविग्नभाविता बालास्तेऽपरिणताः=यथापरिणतिमजानाना द्रव्यादिकमविशेषतया एकान्त-व्यवस्थानाः, तेन हेतुना, ये संविग्नभाविताः, स्युः, ये च पार्श्वस्थभाविताः, तेषां द्रव्यादिकं मुक्त्वा, आदिना क्षेत्रादिग्रहः, शुद्धोञ्छं=शुद्धपिण्डविधानं दर्शितं

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"संविग्गभाविआणं लुद्धयदिट्ठन्तभाविआणं च ।

मुत्तूण खित्तकालं भावं च कहिंति सुद्धुंच्छं" ।। **[बृ.क.भा. गाथा १६०७ च निशिथ भाष्य गाथा १६४७]**

**इत्यादिना बृहत्कल्पादौ, अत्र हि संविग्नभावितान् प्रति द्रव्यादिकारणेष्व-शुद्धस्यापि व्युत्पादनं, पार्श्वस्थभावितान् प्रति च शुद्धोञ्छविधेरेव तत्सार्थकमिति लभ्यते, इतरत्तु पिष्टपेषणतुल्यमिति ।।२९।।**

**ટીકાર્થ :-**

**संविग्नभाविता ..... तुल्यमिति ।। સંવિગ્નભાવિત બાલ હોય, પંડિતો હોય, અને પાર્શ્વસ્થવાસિત બાલ હોય, અને તેમાં=સંવિગ્નભાવિત બાલ અને પાર્શ્વસ્થવાસિત બાલમાં, પાર્શ્વસ્થવાસિત બાલ આભિનિવેશિક જાણવા=જિનવચનથી અન્યથા પ્રકારે થયેલા પોતાના બોધમાં કંઈક આગ્રહવાળા જાણવા; અને જે સંવિગ્નભાવિત બાલ છે, તેઓ અપરિણત છે=યથાપરિણામને નહીં જાણનારા તેઓ દ્રવ્યાદિકને અવિશેષપણા વડે એકાંત વ્યવસ્થાનવાળા છે='દ્રવ્યાદિકની વિષમતાને કારણે સાધુને દોષિત ભિક્ષા આપવાની વિધિ છે, અને દ્રવ્યાદિકની વિષમતા વિના સાધુને શુદ્ધ ભિક્ષા આપવાની વિધિ છે', એ પ્રકારની વિશેષતા વિના, સાધુને ભિક્ષા આપવા વિષયક શુદ્ધાશુદ્ધનો વિભાગ કર્યા વિના, ભિક્ષા આપવાની પરિણતિવાળા છે. તે કારણથી=પૂર્વશ્લોકમાં કહ્યું કે એક નય અન્ય પાસેથી ભણેલો હોય તેવા શ્રોતાને અજ્ઞાત એવા નયાંતરનું કથન કરવું જોઈએ તે કારણથી, જેઓ સંવિગ્નભાવિત હોય=જેઓ સંવિગ્નભાવિત બાલ હોય, અને જેઓ પાર્શ્વસ્થભાવિત હોય=પાર્શ્વસ્થભાવિત બાલ હોય, તેઓને દ્રવ્યાદિકને છોડીને શુદ્ધ ઉંછનું=શુદ્ધ પિંડ આપવાનું, 'संविग्गभाविआणं ..... सुद्धुंछं' ઇત્યાદિ વડે બૃહત્કલ્પાદિમાં બતાવાયું છે=બૃહત્કલ્પભાષ્ય ગાથા-૧૬૦૭ અને નિશિથભાષ્ય ગાથા-૧૬૪૭માં બતાવાયું છે.**

**બૃહત્કલ્પભાષ્યની ગાથાનો અર્થ આ પ્રમાણે છે –**

"સંવિગ્નભાવિત એવા બાલને અને લુબ્ધક દૃષ્ટાંતથી ભાવિત બાલને=પાર્શ્વસ્થભાવિત બાલને, ક્ષેત્ર, કાળ અને ભાવને છોડીને શુદ્ધ ઉંછને કહે છે." **(બૃ.ક.ભા. ગાથા-૧૬૦૭ અને નિશિથ ભાષ્ય ગાથા-૧૬૪૭)**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં=બૃહત્કલ્પભાષ્યમાં સંવિગ્નભાવિત એવા બાલને અને લુબ્ધક દૃષ્ટાંતથી ભાવિત એવા બાલને શુદ્ધ ઉંછનો ઉપદેશ આપવાનું કહ્યું એમાં, સંવિગ્નભાવિત પ્રતિ દ્રવ્યાદિ કારણોમાં અશુદ્ધનું પણ વ્યુત્પાદન છે="શ્રાવકે દ્રવ્યાદિ કારણોમાં સુસાધુને અશુદ્ધ પણ દાન આપવું જોઈએ" એ પ્રકારે આનુષંગિક કથન પણ ઉપદેશક કહે, અને પાર્શ્વસ્થભાવિત બાલ જીવો પ્રતિ શુદ્ધ ઉંછની વિધિનું જ તે=વ્યુત્પાદન, સાર્થક છે, એ પ્રમાણે પ્રાપ્ત થાય છે. વળી ઇતર=પાર્શ્વસ્થભાવિત બાલ જીવો પ્રતિ શુદ્ધ વિધિને છોડીને અશુદ્ધનું વ્યુત્પાદન, પિષ્ટપેષણ તુલ્ય છે.

**'इति' શબ્દ 'अत्र हि'થી 'तुल्यम्' સુધીના કથનની સમાપ્તિમાં છે. ॥૨૯॥**

❖ 'बृहत्कल्पादौ' - અહીં 'आदि'થી નિશિથભાષ્યનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

**(i) એકનયથી પરિકર્મિત મતિવાળાને અન્ય નયની દેશના આપવામાં શાસ્ત્રની યુક્તિ :-**

**(ii) સંવિગ્નભાવિત બાલ અને પાર્શ્વસ્થભાવિત બાલને દાનવિષયક ઉપદેશ આપવાની મર્યાદાનું સ્વરૂપ :-**

પૂર્વશ્લોકમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે અન્ય પાસેથી એક નય જાણીને આવેલા શ્રોતાને અજ્ઞાત એવું નયાન્તર કહેવું જોઈએ, જેથી શ્રોતાને ઉભય નયનો બોધ થાય; અને એ વચન સ્વીકારવામાં આગમવચનની સાક્ષી આપે છે -- જેમ કે કોઈ બાલજીવો દાનની રુચિવાળા હોય, અને સાધુને દાન આપવાના વિષયમાં શુદ્ધાશુદ્ધનો વિભાગ કર્યા વિના માત્ર દાન આપવું, એવી પરિણતિવાળા હોય, તેવા જીવોને અન્ય નયનો બોધ કરાવવા માટે ક્ષેત્ર, કાળ અને ભાવને આશ્રયીને અશુદ્ધ દાન આપવા અંગેનો ઉપદેશ છોડીને શુદ્ધ દાન આપવાનો ઉપદેશ આપવો જોઈએ; જેથી શ્રોતાને જેમ દાન આપવાનો પરિણામ છે, તેમ દાન આપવા વિષયક ઉચિત વિવેક પ્રગટ થાય અર્થાત્ સાધુને સામાન્યથી શુદ્ધ દાન આપવું જોઈએ, એવો સમ્યગ્ બોધ થાય, અને તેથી તેનું અપાતું દાન વિવેકપૂર્વકનું બને.

સંવિગ્નભાવિત જીવો બે પ્રકારના હોય છે : (૧) બાલ, અને (૨) પંડિત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ બાલ, મધ્યમ અને પંડિત એમ ત્રણ પ્રકારના શ્રોતા બતાવ્યા. તેમાંથી જેઓની દૃષ્ટિ જિનવચનના પરમાર્થને પ્રાપ્ત કરી શકી નથી, આમ છતાં કલ્યાણના અર્થે ધર્મ કરવા માટે પ્રવૃત્ત થયા છે, તેઓ બાલ છે, અને જેઓ જિનવચનના પરમાર્થને પામેલા છે, તેઓ પંડિત છે. તેમાં સંવિગ્નથી ભાવિત થયેલા જીવો કેટલાક બાલ હોય છે અને કેટલાક પંડિત હોય છે; પરંતુ પાર્શ્વસ્થથી ભાવિત માત્ર બાલજીવો જ હોય છે; કેમ કે તેઓને જિનવચનનું રહસ્ય પ્રાપ્ત થયેલું હોતું નથી. વળી આ પાર્શ્વસ્થથી ભાવિત બાલજીવો અભિનિવેશવાળા હોય છે; કેમ કે લુબ્ધકના દૃષ્ટાંતથી પાર્શ્વસ્થ સાધુઓ ‘સાધુને ભિક્ષા આપવી એ જ તમારું કર્તવ્ય છે’ એવો ઉપદેશ આપે છે. તેથી ગૃહસ્થે સાધુને ભિક્ષા આપવાના વિષયમાં શુદ્ધાશુદ્ધની વિચારણા કરવાની નથી, એ પ્રકારનો અભિનિવેશ પાર્શ્વસ્થભાવિત બાલજીવોને હોય છે. આમ છતાં જેઓ કલ્યાણના અર્થી છે અને સુસાધુ પાસે ધર્મ સાંભળવા આવે ત્યારે સુસાધુ તેઓને સમ્યગ્બોધ કરાવવા યત્ન કરે તો તેઓનો અભિનિવેશ નિવર્તન પામે તેવો છે. તેવા પાર્શ્વસ્થભાવિત બાલજીવોને આશ્રયીને અને સંવિગ્નભાવિત બાલ જીવોને આશ્રયીને ઉપદેશની સમાન વિધિ અહીં બતાવેલ છે.

જેઓ સંવિગ્નભાવિત બાલ છે, તેઓ અપરિણત છે. વિષમ સંયોગોમાં શુદ્ધ ભિક્ષાની પ્રાપ્તિ ન હોય ત્યારે સાધુને અશુદ્ધ ભિક્ષા આપવી જોઈએ, તેવો વિવેક તેમને નથી, પરંતુ સર્વ સંયોગોમાં શુદ્ધાશુદ્ધનો વિવેક કર્યા વગર ભિક્ષા આપવાની વૃત્તિવાળા છે; છતાં પાર્શ્વસ્થભાવિત બાલજીવો જેવો અભિનિવેશ નથી, તેથી સમજી શકે તેવા છે. આવા સંવિગ્નભાવિત બાલ અને પાર્શ્વસ્થભાવિત બાલ, મહાત્મા પાસે દાનવિષયક તત્ત્વ સાંભળવા માટે આવેલા હોય, અને મહાત્મા તેઓને ક્ષેત્ર, કાળ અને ભાવને આશ્રયીને અશુદ્ધ ભિક્ષાના કથનને છોડીને ‘સાધુને શુદ્ધ ભિક્ષા આપવી જોઈએ’ એ પ્રકારનો ઉપદેશ આપે, તો તેઓને શુદ્ધાશુદ્ધના વિવેક વિના જે દાન આપવાનો પરિણામ હતો, તેમાં વિવેક પ્રગટે. તેથી શુદ્ધાશુદ્ધના વિવેકપૂર્વક દાન આપીને તેઓ વિશેષ પ્રકારના ફળને પ્રાપ્ત કરે.

અહીં ટીકામાં કહ્યું કે સંવિગ્નભાવિત એવા બાલને આશ્રયીને દ્રવ્યાદિ કારણોમાં અશુદ્ધનું પણ વ્યુત્પાદન કરે=અશુદ્ધ ભિક્ષા આપવાનું કહે. તેથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંવિગ્નભાવિત બાલ શુદ્ધાશુદ્ધના વિવેકપૂર્વક પ્રવૃત્તિ કરે તેવી સંભાવના છે; કેમ કે અશુદ્ધ ભિક્ષા આપવાના અભિનિવેશવાળા નથી. તેથી તેઓને વિષમ સંયોગોમાં સાધુને અશુદ્ધ ભિક્ષા આપવાનું કહેવાથી તેવા વિષમ સંયોગો ન હોય તો સાધુને શુદ્ધ ભિક્ષા આપવી જોઈએ, તેવો બોધ થાય છે.

વળી પાર્શ્વસ્થભાવિત બાલ પ્રત્યે શુદ્ધ ભિક્ષાવિષયક ઉપદેશ આપવાની વિધિ સાર્થક છે, અશુદ્ધ ભિક્ષા આપવાનું કથન કરવું પિષ્ટપેષણ તુલ્ય છે એમ કહ્યું તેનાથી એ ફલિત થાય કે પાર્શ્વસ્થભાવિત બાલજીવોને અશુદ્ધ ભિક્ષા આપવાનો સર્વથા નિષેધ કરવો નથી, પરંતુ પાર્શ્વસ્થભાવિત બાલજીવો શુદ્ધાશુદ્ધનો વિવેક કર્યા વિના ભિક્ષા આપવાના અભિનિવેશવાળા છે, તેથી તે મનોવૃત્તિવાળાને વિષમ સંયોગોમાં અશુદ્ધ ભિક્ષા આપવાનું કથન કરવું તે પિષ્ટપેષણ તુલ્ય છે. તેના બદલે 'વિષમ સંયોગો છોડીને શુદ્ધ દાન આપવું જોઈએ' તેવો ઉપદેશ આપવામાં આવે તો, વિષમ સંયોગો વિના પણ શુદ્ધાશુદ્ધના વિવેક વિના દાન આપવાનો તેઓનો અભિનિવેશ હતો તે દૂર થશે, અને સર્વ સંયોગોમાં અશુદ્ધ પણ દાન આપવાની તેઓની મનોવૃત્તિ છે તેનું વિષમ સંયોગોમાં રક્ષણ થશે, અને વિષમ સંયોગોના અભાવમાં શુદ્ધ દાન આપતા થશે અર્થાત્ વિષમ સંયોગોમાં અપવાદથી અશુદ્ધ દાન આપવાના વલણવાળા બનશે, અને વિષમ સંયોગો ન હોય તો શુદ્ધ ભિક્ષા આપવાના વલણવાળા બનશે. તેથી પાર્શ્વસ્થભાવિત બાલજીવો પણ તે પ્રકારના ઉપદેશથી દાનવિષયક ઉત્સર્ગ-અપવાદના પરમાર્થને સમજીને વિવેકપૂર્વક દાન કરનારા બને છે. **॥૨૯॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૮માં કહ્યું કે અન્ય પાસેથી એક નયનું જ્ઞાન કરીને આવેલા શ્રોતાને ઉપદેશક અજ્ઞાત નયનું કથન કરે. હવે કોઈ શ્રોતા અન્ય પાસેથી એક નયનું જ્ઞાન કરીને આવેલ હોય, અને તે નયમાં એકાંત અભિનિવેશ હોય, તો તેવા શ્રોતાને કઈ રીતે ઉપદેશ આપવો જોઈએ ? તે બતાવે છે -**

**શ્લોક :-**

**दुर्नयाभिनिवेशे तु तं दृढं दूषयेदपि ।**
**दुष्टांशच्छेदतो नाङ्घ्री दूषयेद्विषकण्टकः ।।३०।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અન્વયાર્થ :-**

**तु=વળી दुर्नयाभिनिवेशे=દુર્નયનો અભિનિવેશ હોતે છતે तं=તેને=દુર્નયને दृढं दूषयेदपि=અત્યંત દૂષિત પણ કરે. दुष्टांशच्छेदतः=દુષ્ટ અંશના છેદથી विषकण्टकः=વિષકંટક अंघ्री=પગને न दूषयेत्=દૂષિત કરતો નથી. ।।૩૦।।**

**શ્લોકાર્થ :-**

**વળી દુર્નયનો અભિનિવેશ હોતે છતે તેને અત્યંત દૂષિત પણ કરે, દુષ્ટ અંશના છેદથી વિષકંટક પગને દૂષિત કરતો નથી. ।।૩૦।।**

❖ 'दूषयेदपि' - અહીં 'अपि'થી એ કહેવું છે કે શ્રોતા એક નયનું અન્ય પાસેથી જ્ઞાન કરીને આવતો હોય તો વક્તા તેનાથી અન્ય નયનું કથન તો કરે, પરંતુ અન્ય પાસેથી એક નયનું જ્ઞાન કરી એકાંત ગ્રહણરૂપ દુર્નયના અભિનિવેશવાળો હોય તો તે શ્રોતા આગળ વક્તા તે દુર્નયને અત્યંત દૂષિત પણ કરે.

**ટીકા :-**

**दुर्नयेति-परस्य कुदेशनया दुर्नयाभिनिवेशे त्वेकान्तग्रहरूपे ज्ञाते, तं=दुर्नयं, दृढं दूषयेदपि, यतो दुष्टांशस्य छेदतो विषकण्टकः अंघ्री न दूषयेदेवमिहापि दुर्नयलवच्छेदे द्वावपि नयौ सुस्थिताववतिष्ठेते इति । न चैवमितरांशप्रतिक्षेपाद् दुर्नयापत्तिः, तस्य प्रकृतनयदूषणातात्पर्येण नयान्तरप्राधान्यग्राहकत्वेन परेषां तर्कवदनुग्राहकत्वेन तत्र तत्र व्यवस्थितत्वात्, निर्णीतमेतन्नयरहस्ये ।।३०।।**

**ટીકાર્થ :-**

**परस्य ..... नयरहस्ये ।। પરની કુદેશના વડે એકાંતગ્રહરૂપ દુર્નયનો અભિનિવેશ જ્ઞાત થયે છતે=શ્રોતાને એક નયના ગ્રહણ સ્વરૂપ દુર્નયનો અભિનિવેશ જણાયે છતે, ઉપદેશક તે દુર્નયને અત્યંત દૂષિત પણ કરે; જેથી દુષ્ટ અંશના છેદથી વિષકંટક=પગમાં પ્રવેશેલ વિષવાળો કાંટો, પગને દૂષિત ન કરે=પગનો વિનાશ ન કરે. એ રીતે=જે રીતે દુષ્ટ અંશના છેદથી વિષકંટક પગને દૂષિત કરતો નથી, એ રીતે, અહીં પણ=દુર્નયના અભિનિવેશવાળા શ્રોતામાં પણ, દુર્નયલવના છેદમાં બંને પણ નયો સુસ્થિત રહે છે.**

**'इति' શબ્દ મૂળશ્લોકસ્પર્શી ટીકાની સમાપ્તિમાં છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અને આ રીતે=દુર્નયના અભિનિવેશવાળાના તે દુર્નયને અત્યંત દૂષિત કરવામાં આવે એ રીતે, ઈતરાંશના પ્રતિક્ષેપથી દુર્નયની આપત્તિ નથી; કેમ કે તેનું=ઈતરાંશના પ્રતિક્ષેપનું, પ્રકૃત નયના દૂષણનું અતાત્પર્ય હોવાને કારણે=શ્રોતાને એકાંતરૂપે જ્ઞાત એવા પ્રકૃત નયના દૂષણનું અતાત્પર્ય હોવાને કારણે, નયાન્તરના પ્રાધાન્યનું ગ્રાહકપણું હોવાથી=શ્રોતા જે નયના અભિનિવેશવાળો છે, તે નયથી અન્ય નયના પ્રાધાન્યને ગ્રહણ કરનાર એવો ઉપદેશકનો ઉપદેશ હોવાથી, પરના તર્કની જેમ=નૈયાયિકને તર્ક પ્રમાણરૂપે અભિમત નહીં હોવા છતાં પ્રમાણના અનુગ્રાહકરૂપે અભિમત છે તેમ, ત્યાં ત્યાં=તે તે શાસ્ત્રોમાં, અનુગ્રાહકત્વરૂપે=ઈતર નયના પ્રતિક્ષેપનું ઉભયનયના બોધમાં અનુગ્રાહકત્વરૂપે, વ્યવસ્થિતપણું છે. આ=ઈતરાંશના પ્રતિક્ષેપમાં દુર્નયની આપત્તિ નથી એ, 'નયરહસ્ય'માં નિર્ણીત છે. ॥૩૦॥**

**ભાવાર્થ :-**

**દુર્નયના અભિનિવેશવાળા પણ તત્ત્વના અર્થી શ્રોતા આગળ ઉપદેશની મર્યાદાનું સ્વરૂપ :-**

બાલ કે મધ્યમ શ્રોતા કોઈ અન્ય પાસેથી એક નયનું જ્ઞાન કરીને આવેલ હોય તો વક્તાએ તે શ્રોતાને અન્ય નયનો બોધ કરાવવો જોઈએ, એમ શ્લોક-૨૮માં કહ્યું. હવે કોઈ શ્રોતા અન્ય પાસેથી એક નયનો બોધ કરીને આવેલ હોય, આમ છતાં તે ઉપદેશકની કુદેશનાને કારણે તે શ્રોતાને દુર્નયનો અભિનિવેશ થયો છે, એ પ્રમાણે વક્તાને જ્ઞાન થાય, અને જો શ્રોતા તત્ત્વનો અર્થી છે તેવું જ્ઞાન થાય તો તે શ્રોતાએ કરેલા એક નયના બોધને વક્તા અત્યંત દૂષિત પણ કરે.

જેમ કોઈના પગમાં વિષવાળો કાંટો લાગેલો હોય, તો તે કાંટો કાઢવામાત્રથી શરીરમાં વિષ ફેલાતું બંધ થતું નથી, પરંતુ જે સ્થાનમાં વિષકાંટો લાગેલો છે, તેટલા ભાગનો છેદ કરી નાંખવામાં આવે તો તે વિષનો કાંટો પગને દૂષિત કરે નહીં. એ રીતે જે શ્રોતા એક નયના અભિનિવેશવાળા છે, તે શ્રોતાના તે અભિનિવેશના નિવર્તન અર્થે તેના પ્રતિપક્ષ નય દ્વારા તેના અભિમત નયનું ખંડન કરવામાં આવે ત્યારે, તે શ્રોતાને પોતે સ્વીકારેલ નયનો જે એકાંત અભિનિવેશ છે, તે નિવર્તન પામે છે. તેથી આ ઉપદેશ દ્વારા દુર્નયલવનો છેદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરાયે છતે અર્થાત્ ઉપદેશ દ્વારા સામેનાને અભિમત તે તે નયનો જ સંપૂર્ણ છેદ કરાતો નથી, પરંતુ તે નયમાં જે એકાંત અભિનિવેશ હતો તેટલા જ સ્થાનમાત્રરૂપ દુર્નયલવનો છેદ કરાયે છતે, બંને પણ નયો સુસ્થિત થાય છે; કેમ કે એકાંતનો અભિનિવેશ જવાથી તેને અભિમત નય અન્યનયસાપેક્ષ બને છે. તેથી બંને નયો પરસ્પર સાપેક્ષ થઈને સુસ્થિત બને છે.

અહીં પ્રશ્ન થાય કે ઉપદેશક દુર્નયના અભિનિવેશવાળા શ્રોતા પ્રત્યે ઇતરાંશનો પ્રતિક્ષેપ કરે=પોતાને જે નય સ્થાપન કરવાનો છે, તેનાથી ઇતરાંશ જે શ્રોતા સ્વીકારે છે, તેનો પ્રતિક્ષેપ કરે, તો વક્તા જે નયનું સ્થાપન કરે છે તેને દુર્નય સ્વીકારવાની આપત્તિ આવે; કેમ કે જે નય ઇતરાંશનો પ્રતિક્ષેપ કરે તે દુર્નય કહેવાય, એ પ્રકારનું વચન છે. તેને અવલંબીને અહીં પ્રસ્તુત શ્રોતાને બોધ કરાવવા અર્થે તેના ગ્રહણ કરાયેલા નયથી ઇતર નયની પ્રરૂપણાને બદલે, તેના ગ્રહણ કરાયેલા નયના જ પ્રતિક્ષેપમાં પ્રયત્ન કરવામાં આવે, તો વક્તાનો ઉપદેશ દુર્નયરૂપ થશે, એમ ન કહેવું; કેમ કે વક્તાનો આશય શ્રોતાને અભિમત નયને દૂષિત કરવાનો નથી, પરંતુ તેના એકાંત ગ્રહના ત્યાગ અર્થે તેને અભિમત નયને દૂષણ આપે છે, જેનાથી શ્રોતા દ્વારા નયાન્તરના પ્રાધાન્યનું ગ્રહણ થાય છે. તેથી તે ઉપદેશ શ્રોતાને અભિમત નયનું ખંડન કરનાર હોવા છતાં તે ખંડન યથાર્થ બોધ કરવામાં અનુગ્રાહક છે, એ પ્રમાણે તે તે સ્થાને વ્યવસ્થિત છે.

ઉપર્યુક્ત કથનમાં દૃષ્ટાંત આપે છે કે નૈયાયિકો તર્કને પ્રમાણ સ્વીકારતા નથી, અને કહે છે કે તર્ક પ્રમાણરૂપ નહીં હોવા છતાં પ્રમાણના બોધમાં અનુગ્રાહક છે. તેમ પ્રસ્તુત વક્તાનો ઉપદેશ શ્રોતાને અભિમત નયના ખંડનનો હોવાથી પ્રમાણરૂપ નથી, તોપણ પ્રમાણનો અનુગ્રાહક છે.

અહીં નૈયાયિકોનો આશય એ છે કે 'यदि वह्निर्न स्यात्तर्हि धूमोऽपि न स्यात्' એ પ્રમાણે તર્ક કરવામાં આવે છે, ત્યાં તર્ક કરનારને તે સ્થાનમાં વહ્નિ પણ અભિમત છે અને ધૂમ પણ અભિમત છે, અને ધૂમ પ્રત્યક્ષથી ગૃહીત છે; આમ છતાં 'વહ્નિ ન હોય તો ધૂમ પણ ન હોય' તે વચન પોતાને અભિમત પદાર્થથી વિરુદ્ધ વક્તવ્યરૂપ છે. તેથી આ તર્ક પ્રમાણ નથી, તોપણ પોતાનો પદાર્થ યથાર્થ છે, તેમ સ્થાપન કરવા આ તર્ક અનુગ્રાહક બને છે. તેથી નૈયાયિકો કહે છે, 'પ્રામાણિક બોધ કરાવવામાં તર્ક અનુગ્રાહક છે, પણ સ્વયં પ્રમાણભૂત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી.' તે રીતે પ્રસ્તુતમાં તે ઉપદેશક અન્ય નયને દૂષિત કરે છે, તે સ્વયં યથાર્થ બોધરૂપ નથી, પરંતુ તે દૂષણ દ્વારા એકાંતનો છેદ થવાથી શ્રોતાને પ્રામાણિક બોધ થશે. તેથી શ્રોતાને પ્રામાણિક બોધ કરવામાં તે દુષ્ટ અંશનો છેદ અનુગ્રાહક છે.

જેમ

પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજાએ સવાસો ગાથાના સ્તવનમાં અશુદ્ધ વ્યવહારનયની માન્યતાવાળા શ્રોતાને આશ્રયીને પ્રથમ ઢાળમાં અશુદ્ધ વ્યવહારનયનું જોરશોરથી ખંડન કર્યું છે, અને કહ્યું છે –

'જ્ઞાન-દર્શન-ચરણ ગુણ વિના, જે કરાવે કુલાચાર રે;
લૂંટિયા તેણે જગ દેખતાં, કિહાં કરે લોક પોકાર રે.'
સ્વામી સીમંધરા ! વિનતી (૧/૩)

આ કથન દ્વારા પૂ. ઉપાધ્યાયજી મહારાજાએ નિશ્ચયનયને અભિમત એવો જે પરિણામ, તેનાથી નિરપેક્ષ એવી વ્યવહારનયની ક્રિયાને અત્યંત દૂષિત કરી, અને ત્યારપછી તત્ત્વના અર્થી શ્રોતાને નિશ્ચયનય જ કલ્યાણનું કારણ છે, તેમ ત્રણ ઢાળમાં સ્થાપન કર્યું. આ રીતે એકાંત વ્યવહારનયના દૂષણ અર્થે ત્રણ ઢાળ દ્વારા વ્યવહારનયને અત્યંત દૂષિત કર્યો, આમ છતાં વસ્તુતઃ ઉપાધ્યાયજી મહારાજાનું ભગવાને બતાવેલા વ્યવહારનયના દૂષણનું તાત્પર્ય નથી, છતાં ઉપાધ્યાયજી મહારાજાના આ પ્રતિપાદનથી શ્રોતાની બુદ્ધિમાં નિશ્ચયનય જ એકાંતે કલ્યાણનું કારણ છે, એવી બુદ્ધિ સ્થિર થાય છે. તેથી શ્રોતાને આશ્રયીને પાંચમી ઢાળના પ્રારંભમાં કહે છે --

એમ નિશ્ચયનય સાંભળીજી બોલે એક અજાણ,
આદરશું અમે જ્ઞાનને જી, શું કીજે પચ્ચખાણ ?
સોભાગી જિન ! સીમંધર ! સુણો વાત. (૫/૧)

અર્થાત્ શ્રોતા કહે છે કે અમે જ્ઞાનને આદરશું અર્થાત્ નિશ્ચયનયને અભિમત પરિણામમાં જ યત્ન કરીશું, પરંતુ પચ્ચક્ખાણ નહીં કરીએ અર્થાત્ વ્યવહારનયની ક્રિયાઓ કરીશું નહીં.

આ રીતે વ્યવહારનય કલ્યાણનું કારણ નથી, તેવી શ્રોતાની બુદ્ધિ સ્થિર થાય ત્યારે, નયાન્તરના પ્રાધાન્યનું સ્થાપન કરવા અર્થે ગ્રંથકારશ્રી ઉપાધ્યાયજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહારાજા કહે છે કે કાર્યનો અર્થી તેનાં કારણોમાં યત્ન કરે છે, તેમ નિશ્ચયનયનો અર્થી નિશ્ચયનયના ઉપાયભૂત એવા વ્યવહારમાં યત્ન કરે છે; અને આ રીતે સ્થાપન કરવાથી જે એકાંત એવા વ્યવહારનયનું પ્રથમ ઢાળમાં ખંડન કર્યું તે ખંડન નિશ્ચયનયનિરપેક્ષ એવા વ્યવહારરૂપ ઇતરાંશનું પ્રતિક્ષેપી હોવાને કારણે પ્રમાણ નથી, તોપણ પ્રમાણનો અનુગ્રાહક હોવાને કારણે ઉપચારથી પ્રમાણ છે અર્થાત્ શ્રોતાને નિશ્ચયનય અને વ્યવહારનયનો યથાર્થ બોધ કરાવીને પ્રમાણજ્ઞાન કરાવે છે. તેથી તે પ્રમાણજ્ઞાન ઉત્પન્ન કરવામાં વ્યવહારનયના ખંડનનું વક્તવ્ય અનુગ્રાહક છે, એ પ્રમાણે તે તે સ્થાનમાં કહેલ છે, અને આ અંગેનો નિર્ણય ગ્રંથકારશ્રીએ 'નયરહસ્ય' ગ્રંથમાં કરેલ છે. **||૩૦||**

**અવતરણિકા :-**

**દેશનાદ્વાત્રિંશિકામાં કહેલા વક્તવ્યનું નિગમન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**जानाति दातुं गीतार्थो य एवं धर्मदेशनाम् ।**
**कलिकालेऽपि तस्यैव प्रभावाद्धर्म एधते ।।३१।।**

**અન્વયાર્થ :-**

**एवं=આ રીતે=પૂર્વમાં દેશનાની મર્યાદાનું વર્ણન કર્યું એ રીતે यः गीतार्थः=જે ગીતાર્થ धर्मदेशनाम् दातुं=ધર્મદેશના દેવાનું जानाति=જાણે છે, तस्यैव प्रभावात्=તેના જ પ્રભાવથી=તે ઉપદેશકના ઉપદેશના જ પ્રભાવથી कलिकालेऽपि=કલિકાળમાં પણ धर्म एधते=ધર્મ વૃદ્ધિ પામે છે. ।।૩૧।।**

**શ્લોકાર્થ :-**

**આ રીતે જે ગીતાર્થ ધર્મદેશનાને દેવાનું જાણે છે, તેના જ પ્રભાવથી કલિકાળમાં પણ ધર્મ વૃદ્ધિ પામે છે. ||૩૧||**

**ટીકા :-**

जानातीति-व्यक्तः ।।३१।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકાર્થ :-**

**શ્લોકાર્થ સ્પષ્ટ હોવાથી ગ્રંથકારશ્રીએ ટીકા લખેલ નથી. ।।૩૧।।**

**શ્લોક :-**

**गीतार्थाय जगज्जन्तुपरमानन्ददायिने ।**
**मुनये भगवद्धर्मदेशकाय नमो नमः ।।३२।।**

**અન્વયાર્થ :-**

**जगज्जन्तुपरमानन्ददायिने=જગતના જીવોને પરમાનંદ આપનારા भगवद्धर्मदेशकाय=ભગવાનના ધર્મના દેશક गीतार्थाय मुनये=ગીતાર્થ મુનિને नमो नमः=નમસ્કાર થાઓ, નમસ્કાર થાઓ. ।।૩૨।।**

**શ્લોકાર્થ :-**

**જગતના જીવોને પરમાનંદ આપનારા ભગવાનના ધર્મના દેશક ગીતાર્થ મુનિને નમસ્કાર થાઓ, નમસ્કાર થાઓ. ।।૩૨।।**

**ટીકા :-**

**गीतार्थायेति-व्यक्तः ।।३२।।**

**ટીકાર્થ :-**

**શ્લોકાર્થ સ્પષ્ટ હોવાથી ગ્રંથકારશ્રીએ ટીકા લખેલ નથી. ।।૩૨।।**

**ભાવાર્થ :-**

**ગીતાર્થ ઉપદેશક પ્રત્યે ગ્રંથકારશ્રીનો ભક્તિભાવ :-**

પૂર્વમાં બાલ, મધ્યમ અને પંડિત શ્રોતાને કેવો ઉપદેશ આપવો જોઈએ, તેનું સંક્ષેપથી વર્ણન કર્યું. તે વર્ણન પ્રમાણે દેશનાની મર્યાદાના યથાર્થ પરમાર્થને જે વક્તા જાણે છે, તેવા ધર્મદેશક ગીતાર્થ પુરુષ દેશના આપવાનું જાણે છે, અને તેવા ગીતાર્થ પુરુષના જ પ્રભાવથી કલિકાળમાં પણ યોગ્ય શ્રોતાઓમાં ધર્મની વૃદ્ધિ થાય છે.

આનાથી એ ફલિત થાય કે જે વક્તા આ પ્રકારના દેશનાના પરમાર્થને જાણતા નથી અને ભગવાનના વચનનો ઉપદેશ આપે છે, તેઓના પ્રભાવથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાહ્ય રીતે ધર્મની પ્રવૃત્તિઓ થતી હોય તોપણ પરમાર્થથી ગુણસ્થાનકની વૃદ્ધિને અનુરૂપ ધર્મ થતો નથી; અને જો ભૂમિકાને અનુરૂપ સદ્ધર્મનું સેવન કરવામાં આવે તો તે સદ્ધર્મ ઉત્તર ઉત્તરની ભૂમિકાની વૃદ્ધિ દ્વારા અવશ્ય મોક્ષરૂપ ફળમાં વિશ્રાંત થાય છે; અને યોગ્ય ઉપદેશક શ્રોતાની ભૂમિકા પ્રમાણે ઉપદેશ આપીને તે શ્રોતાને ઉત્તર ઉત્તરની ભૂમિકાનો બોધ કરાવીને ધર્મની વૃદ્ધિ કરે છે, તેથી કલિકાળમાં પણ સદ્ધર્મદેશક ગીતાર્થથી જ ધર્મની વૃદ્ધિ થાય છે.

આ રીતે સદ્ધર્મદેશકથી જ ધર્મની વૃદ્ધિ થાય છે, એમ બતાવ્યા પછી, એવા ઉત્તમ ગીતાર્થ પુરુષો પ્રત્યેની પોતાની ભક્તિની અભિવ્યક્તિ અર્થે અંતિમ શ્લોકમાં ગ્રંથકારશ્રી કહે છે કે જગતના જીવોને પરમ આનંદ આપનારા=યોગ્ય જીવોને યોગમાર્ગ પ્રદાન કરીને પરમ આનંદને આપનારા, એવા ધર્મદેશક ગીતાર્થ મુનિને અમે વારંવાર નમસ્કાર કરીએ છીએ. **॥૩૧-૩૨॥**

**।। इति देशनाद्वात्रिंशिका ।।२।।**

❖ ✦ ❖

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"जानाति दातुं गीतार्थो,
य एवं धर्मदेशनाम् ।
कलिकालेऽपि तस्यैव,
प्रभावाद्धर्म एधते ॥"

"આ રીતે જે ગીતાર્થ ધર્મદેશનાને
આપવાનું જાણે છે,
તેના જ પ્રભાવથી કલિકાળમાં પણ
ધર્મ વૃદ્ધિ પામે છે."

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : (૦૭૯) ૩૨૯૧૧૪૭૧
E-mail : gitarthganga@yahoo.co.in

DESIGN BY
9824048680

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org